Ac. Gunratnasuri MS

Jin Gun Aradhak Trust

# ભાટિયાઓની પ્રાચીન સ્થિતિ

અથવા

## તેમનો ઇતિહાસ.


લેખક.

ગિરધર રતનસિંહ સપ્પટ.

કલકત્તા.


ज्वलितन्न हिरण्यरेतसं
चयमास्कन्दति भस्मनाञ्जनः
अभिभूतिभयादसूनतः
सुखमुज्झन्ति न धाम मानिनः ।

किरात.


મુંબઈ,

તત્ત્વવિવેચક પ્રેસમાં છાપ્યુંછે.

સંવત ૧૯૫૬. સને ૧૮૯૯.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આ પુસ્તકની માલેકીના સર્વે હક્ક સ્વાધીન રાખ્યા છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# અર્પણ.

**પિતૃનિર્વિશેષ શિરચ્છત્ર સુંદરદાસ ધર્મસિંહ સપ્પટ.**

જેને ચિરકાલથી અપત્ય તુલ્ય ગણી સ્નેહ કર્યોછે,
તેમાં આપેજ વેરેલ બીજમાંથી થયેલ વૃક્ષનું
આ ફલ આપવિના બીજો કોણ ઉપભોગ
કરવા અધિકારીછે ? સુદામાનાં તાંદુલ
જેવું છતાં, છોરૂપ્રતિ હંમેશનાં પ્રેમ-
ભાવથી આનો સ્વિકાર કરી
એની સાર્થકતા કરશો.

લ૦ ચરણરજ

**ગિરધર રતનસિંહ સપ્પટ.**

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# અનુક્રમણિકા.


**વિષયનાં નામ.** **પૃષ્ઠ.**

**પ્રસ્તાવ ૧ લો.—**

ઇતિહાસજ્ઞાનની આવશ્યકતા અને તેથી થતા લાભ ... ૩

**પ્રસ્તાવ ૨ જો.—**

મૂળ ભાટિયા કુળકથાનું નિરીક્ષણ ... ... ... ૧૯

**પ્રસ્તાવ ૩ જો.—**

ભાટિયાઓનાં ભાટીપણા-યાદવપણાનાં પ્રમાણ ... ૩૬

**પ્રસ્તાવ ૪ થો.—**

તુખાનું બંધાવું અને તેનું બંધારણ ... ... ... ૬૫

**પ્રસ્તાવ ૫ મો.**

ઉપસંહાર ... ... ... ... ... ... ... ૯૫


Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

In the affairs of life what is said and what is thought are almost of more importance than what is done.—*Sir Arthur Helps.*

वीर्यावदानेषु कृतावमर्षः
तन्वन्न भूतामिव सम्प्रतीतिम् ।
कुर्वन् प्रयामक्षयमायतीना
मर्कत्विषामन्ह इवावशेष ॥

* * * *

दुःशासनाकर्षरजोविकीर्णैः
एभिर्विनाथैरिव भाग्यनाथैः ।
केशैःकदर्थीकृतवीर्यसारः
कच्चित्सएवासि धनञ्जयस्त्वम् ॥

* * * *

आक्षिप्यमाणं रिपुभिःप्रमादा,
न्नागैरिवालूनसटं मृगेन्द्रम् ।
त्वान्धूरियं योग्यतयाधिरुढा,
दीप्त्यादिनश्रीरिव तिग्मरश्मिम् ॥

किरात

Ac. Gunratnasuri MS
Jin Gun Aradhak Trust

# પ્રસ્તાવના.

આ ગ્રંથનો ઉદ્દેશ એના નામપરથી પણ ધ્યાનમાં આવે એમછે; એટલે લાંબી પ્રસ્તાવનાની અપેક્ષા નથી. તેમ કંઈક કારણવશાત્ એક રીતે પ્રસ્તાવનારૂપેજ પુસ્તકનો પહેલો પ્રસ્તાવ લખાયોછે, છતાં સંપ્રદાય પ્રમાણે પ્રસ્તાવનારૂપે બે બોલ કહેવા પ્રાપ્તછે.

હું કોણ? એ પ્રશ્નનો જવાબ, સાધારણે અજ્ઞ તેમજ પ્રજ્ઞ બંન્નેને દુષ્કૃત્યનાં ખડકપર અફળાઈ ચૂર થઈ જતાં બચાવવા દીવાદાંડીરૂપ થઈ પડેછે. ઇતિહાસોમાં વાંચેલ કે વૃદ્ધજન મુખ પરંપરાએ સાંભળેલ વાતોનો ભંડાર ઉઘાડી જોતાં આ વાતમાં શંકાનો સંભવ રહેશે નહિ. જ્યાંસુધી આપણામાં કંઈક અંશે પણ પૂર્વની ઉત્તમતાનું એટલે કુલનું ભાન હતું, ત્યાંસુધી કન્યાઓપર ધન લેવાનું કે ધર્મને નામે અધર્મને વશવર્તિ થઈ, દુષ્કૃત્યો અને તેની વૃદ્ધિ પરંપરાને જ્ઞાતીમાં કોઇએ આશ્રય આપ્યો ન હતો. કુલની માહીતીરૂપ શક્તીની ક્ષીણતા સાથે, દુષ્કૃત્યો અને અધમતારૂપ રોગની વૃદ્ધી અને બલ બધાઓને થોડે યા ઘણે અંશે દૃષ્ટિગોચર થવા લાગ્યાંછે. અધરામાંપુરૂં આપણા ગૃહનો ધર્મની ખાલ (ચામડું) ધારી અધર્મે કાબુ કર્યો. મૂળે તો વિદ્યાનો અભાવ, તેમાં બાળપણથીજ એવો સંસ્કાર થવા લાગ્યો કે આપણે પ્રથમ નીચ કુલનાં છીએ. આવાં સંજોગોમાં ઉન્નતિની આશા ધૂમાડાનાં બાંચકાંજ.

આવાં કંઈ કારણોથી સ્વર્ગીય ઠ૦ મથુરાદાસ લવજીએ પ્રથમ સંવત ૧૯૪૦ માં, "ભાટિયા કુલકથા" મૂલહિંદી પરથી તર્જુમો કરી પ્રસિદ્ધ કર્યાનું જણાયુંછે. એ કુલકથા, ઠ. ચતુર્ભુજ વાલજીને, અપૂર્ણ અને ત્રુટક જણાયાથી, તેમણે સંવત ૧૯૪૨ માં, "ભાટિયા કુલોત્પતિ" નામે પુસ્તક બહાર પાડયું. આ બન્ને કુલકથાઓ તેની અંદર સમાવેલ હકીકતનાં પ્રમાણમાં ઉપયોગીજ નીવડીછે. તથાપિ હું સાહસ કરી એટલું તો કહીશ કે, આ "ભાટિયાઓની પ્રાચીનસ્થિતિ"નું પુસ્તક વાંચ્યા પછી વાંચનાર સહેજે કબુલ કરશે કે, એની ઈબારત ખાસ એનીજછે; મળી શકતી ઐતિહાસિક સંપૂર્ણ હકીકતનો એમાં સમાવેશ કરવામાં આવ્યોછે, અસંભવિત અને અતિશયોક્તિથીમિશ્ર વાતો ટાળી નાંખી ઐતિહાસિક પ્રમાણોથી, **ભાટિયા યદુવંશી ભાટીજછે** એમ સિદ્ધ કરી બતાવ્યુંછે અને આ ગ્રંથ પહેલાંનાં બંન્ને ગ્રંથોમાંથી કોઈની પણ નકલ કે અનુકરણ નથી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઉપર જણાવ્યા પ્રમાણે બન્ને કુલકથાઓ પ્રસિદ્ધિમાં છતાં ઘણા ભાઇઓ હજુ અટક અને નુખનાં ભેદની પણ માહીતિ નથી ધરાવતા એવું બતાવી આપનાર દાખલા પણ અવિરલ નથી. ભાટિયા મિત્ર મંડલમાં સભાસદ તરીકે દાખલ થવાની અરજીનાં પત્રકમાં એક ખાનું, અરજદારને પોતાની નુખ લખી જણાવવા રાખવામાં આવ્યુંછે. એ ખાનામાં નુખને બદલે ઘણા તરફથી પોતાની અટક લખાઈ આવેલ અને આવેછે. સાધારણ વર્ગ કરતાં કેળવાયલો વર્ગ વિશેષ અજ્ઞ જણાય એ કેટલું શોચનિય ?

આ અને બીજી ઘણી બાબતો જે વિચાર કરનારને અજાણી નથી, તેમ અહિં લખવી પણ અનુચિતછે, તેનું બારીક કથન કરી વિસ્તાર કરવો નિર્થકછે. ન માફ થઈ શકે એટલી હદ સુધી, જ્યાં પોતા સંબંધે પણ અજ્ઞાનતાછે ત્યાં જ્ઞાતીની ઉન્નતિમાટે આડાં આડાં અને અંતરાયરૂપ થઈ પડતાં, પછી લેવાનાં ઉપાયો પ્રથમ લેવાનું કયો સમજુ કબુલ કરશે. આમ ઘણા વર્ષોનાં લાંબા જાતી અનુભવનું ફલ સમયે સમયે મળેલ પ્રસંગે, પુજ્ય સુંદરદાસ ધરમસિંહે આ લખનારને આપી, આપણી જ્ઞાતિની ઉન્નતિ, આપણા મૂલની યથાર્થ માહીતિ થયા વિના, થવી મુશ્કેલછે, એવો સંસ્કાર ઉત્પન્ન કર્યો, એના પ્રતિફલરૂપે આ લેખ યોજાયો.

વાંચનાર બંધુ ! તારા ઉત્તમ યદુકુલથી જાણીતો થઈ, સ્વાર્થિઓ તારા સંબંધે ઉચ્ચારતા મલિન અપવાદોની નિઃસત્વતા અને તેમની સ્વાર્થપરતા જોઈ લઈ, તારા પ્રાતઃસ્મરણીય પ્રતાપી અને બહાદુર પૂર્વજોનાં ગુણકર્મનું અનુકરણ કરવા આકર્ષાશે, તોજ આ મ્હારો શ્રમ સાર્થક છે, ઈશ્વર ત્હારૂં મોહાવર્ણ છેદી સત્યનું દર્શન કરવો ! ! અસ્તુ.

વિક્રમાર્ક ૧૯૫૫. શરદ પૂનેમ
કલકત્તા.

ગિ. ર. સંપટ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ૐ

# ભાટિયાઓની પ્રાચીન સ્થિતિ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ॐ

भूपैः पूर्वं चन्द्रवंशावतंसै-
रासीदेषा मण्डिता भूरशेषा ।
वंश्यास्तेषां साम्प्रतं भाटियेति
शूद्रंमन्या दासदासी-भवन्ति ॥ १ ॥

अवनतिकरमेत द्दोषजालं विहाय
सपदि विगतनिद्रै रार्यभावं भजद्भिः ।
निजकुलगुणभूतिं वर्धयद्भिर्भवद्भिर्
गिरिधरकृतमेत त्पुस्तकं वाचनीयम् ॥ २ ॥

अत्रिगोत्रसमुत्पनाः प्रवरैस्त्रिभिरन्विताः ।
आश्वलायनशाखीया ऋग्वेदाध्यायिनस्तथा ॥ ३ ॥

भाटिज्ञातिसमुत्पन्ना बभूवुर्यादवाः पुरा ।
इति निश्चितमेतस्मिन् प्रमाणैः सुविशारदैः ॥ ४ ॥

शास्त्री नरहरि गोडसे.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# ભાટિયાઓની પ્રાચીન સ્થિતિ.

## પ્રસ્તાવ ૧ લો.

### ઇતિહાસ જ્ઞાનની આવશ્યકતા અને તેથી થતા લાભ.

આપણે દરેક જણાએ કયારેને કયારે, તરતનાં જન્મેલા બાળકને જોયું હશે. આ વિપુલ વિશ્વમાં એવાં સેંકડો બાળક રોજ જન્મેછે, બધા દેશમાં જન્મેછે, આપણુ બધાયની આસપાસ જન્મેછે. આપણે પણ આવા બાળક રૂપેજ આ ધરણીપર પદાર્પણ કર્યો છે. નગ્ન, અવાચ, મળ–મૂત્રનાં પણ જ્ઞાન વર્જિત, આસપાસનાં દેખાવથી નિસ્પૃહ, હું તું, મારા તારા, સારા નરતા, કંઈપણ સમજણ રહિત, તે આજે તરૂણ યુવાન કે વૃદ્ધ થયાં છીએ–થઈશું. સુંદર વસ્ત્ર, મનહર વાણી, જરા દુર્ગંધીનાં સ્પર્શથી ઘૃણા, આસપાસનાં દેખાવથી ખેદ વા ઉલ્લાસ, હું તું, મારા તારા, સારા નરતા જ્ઞાન સહિત આજે આપણે આપણને જોઈએ છીએ. આ ક્રિયા અનાદિથી થતી આવી છે–થતી જશે. આમ છતાં આપણામાં આવડું મોટું સ્થિતિપરિવર્તન કેમ થયું, કયારે થયું, શાથી થયું, એનો યથાર્થ વિચાર ઘણા જણાઓએ નહિં કર્યો હોય—કરવાની પરવા નહિં કરી હોય. પણ એ વિચાર બેપરવાઈથી ન કરવા જેવો નથી. આ વિચાર ઉત્પન્ન થવાથીજ જનસમુદાયની ઉન્નતિનાં સાધન

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

દૃષ્ટિગોચર થયાંછે. આ વિચારની મિમાંસાથીજ ગ્રંથો લખવાની આવશ્યકતાની પ્રતિતી થઈછે. શાળાઓમાં અને પાઠશાળાઓમાં ઇતિહાસો પાઠ કરાવવાની રીત, આવા વિચાર ઉત્પન્ન કરાવવા માટે છે અને હતી. આ વિશ્વ ઉત્તરોત્તર કેમ વૃદ્ધિ પામતું ગયું, જનસમુદાય શરૂઆતમાં કેવી સ્થિતિમાં હતો, રફ્તે રફ્તે મનુષ્યોનાં આચારવિચાર, રહેણીકરણી શાથી પરિમાર્જિત થયાં, ઇત્યાદી વિષયોનાં જ્ઞાન માટે, ઇતિહાસોની રચના છે.

જેમ બાળક અનુકરણ કરતે કરતે, ખાતાં પીતાં, બોલતાં ચાલતાં, સારાસારનો વિચાર કરતાં શીખેછે, તેમ આ વિશ્વનું પણ સમજવું. જેમ બાળકને અનુકરણ કરી ઉત્તમ મનુષ્ય થવામાટે, સુચરિત પુરૂષોની, તેની આસપાસ હોવા વિશેષ જરૂર છે, તેમ જનસમુદાયને ઉત્તમ સ્થિતિએ લઈ જવા, મહાન પુરૂષોનાં ચરિત્રોનાં દૃષ્ટાંતની ઓછી અપેક્ષા નથી. ઘણા વિદ્વાનો મનુષ્યની, અનુકરણ કરનારૂં પ્રાણી એવી વ્યાખ્યા કરેછે. અનુકરણ કરીએ છીએ એવું આપણને ભાન ન રહેવા છતાં, કોઈપણ નવો આચારવિચાર, અનનુકૃત પસાર નથી થતો. જે જે વસ્તુમાં આપણને સુંદરતાની પ્રતિતી થાયછે, તે તે વસ્તુ ઘણાક અનુકરણોથી પરિમાર્જિત થયાથી સુંદર થઈછે સુંદર પહેરવેશ, સુંદર આચારવિચાર, સુંદર શહેરો, સુંદર મંદિરો, સુંદર બાંધકામો, સુંદર રાજ્યપદ્ધતિ, સુંદર વાણિજ્યપદ્ધતિ, સુંદર કૃષીપદ્ધતિ, સુંદર વાણી અને સુંદર ગ્રંથો, ટુંકામાં કોઈપણ વસ્તુ અનુકરણ વગર આજની સુંદરતાને સહસા પહોંચી નથી ગઈ.

સારા નરતા આચારથી થયેલ, ઉત્થાન પતન બતાવનાર દૃષ્ટાંતોનો સંગ્રહ, જેને ઇતિહાસ એવી સંજ્ઞા આપવામાં આવેછે, તે જે પ્રજામાં નથી—સંગ્રહી રાખવામાં આવ્યો નથી, તે પ્રજા સુધારામાં, વૃદ્ધીમાં, બાલક જેવી છે. બાલક પેઠે તેમની પણ બીજાઓ સંભાળ રાખે તોજ તેમનો જીવન નિર્વાહ થવો સંભવિત છે. ઑષ્ટ્રેલિયા, અમેરિકા, આફ્રિકા ઇત્યાદી સ્થાનોનાં ઈણ્ડિયનોનાં સ્થિતિ અને નાશ, આનું જ્વલંત દૃષ્ટાંત છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઇતિહાસમાંથી, પ્રજા પોતાનાં, પૂર્વજોનાં કે ઇતર દેશી મહાપુરૂષોનાં ચરિત્રો અને કૃત્યો જોઈ, અમુક આચરણથી લાભ થયાં, અમુક આચરણથી હાની થઈ, એ, અનાયાસે તરત સમજી જવા શક્તિવાન થઈ, તેપરથી આ સારૂં અને આ નરતું, એનો નિર્ણય કરી, પોતાની, પોતાનાં સમુદાયની, અને પરિણામે આખ્ખા દેશની પ્રજાની રહેણી કરણીમાં યોગ્ય ફેરફાર કરેછે–થવા યત્ન કરેછે.

ઉત્તમ રીતે કાળયાપન કરી મનુષ્યજન્મની સાર્થકતા કરવા જોઇતા અનુભવ, એક એક વ્યક્તિને કયારે અને કેટલે વર્ષે થાય? અનેક કાર્યકારણની પરંપરા પછી આ વિપુલ વિશ્વમાં જનસમુદાયમાં કેવા કેવા ફેરફાર થયાંછે, ઇત્યાદી જ્ઞાન, એક એક મનુષ્ય પંડે પ્રાપ્ત કરી—અનુભવી, પછી તદાનુસર વર્તન કરે એટલો સમય તેનાં હાથમાં કયાં છે? વળી જૂદાં જૂદાં દરેક અનુભવ, મનુષ્યની ટુંક જિંદગીમાં, એક મનુષ્ય અનુભવી શકે–અનુભવવાનાં પ્રસંગો તેને આવે, એ વાતજ શંકાસ્પદ છે. એટલા માટે પૂર્વપુરૂષોનાં ચરિત્રો અને કૃત્યો, જેથી અમુક સમુદાયને, દેશને કે જગત્‌ને હાની વા લાભ થયો હોય, તેનો સંગ્રહ, જે ઇતિહાસ એવી પારિભાષિક સંજ્ઞાથી ઓળખવામાં આવેછે તેની સવિશેષ જરૂરછે. "**महात्मानां च चरितं श्रोतव्यं नित्यमेव हि**" "માહાત્માઓનાં ચરિત્રો અવશ્ય નિત્ય સાંભળવાં" ઇત્યાદી આ દેશી વિદ્વાનોનાં અને "Let lives of men of glorious ends, be land-marks for your own career" "તારા પોતાનાં વર્તન માટે સુચરિત પુરૂષોની જીવની પથચિન્હ થવાદે," ઇત્યાદિ ઇતર દેશી પંડિતોનાં વાકયો પણ એજ સૂચવેછે. વિશેષ ન બને, જગત્‌નો કે દેશનો ઇતિવૃત્ત જાણવાની સરળતા ન થાય, તો પોતાનાંજ—જેમાંથી પોતે ઉત્પન્ન થયો હોય, તે વંશના મહાપુરૂષોનાં ચરિત્રો તો અવશ્ય જાણવાં જરૂરનાંછે એટલુંજ નહિં પણ તે જાણવાં એ મનુષ્યનું પ્રથમ કર્તવ્ય છે. માતાઓએ બાળપણથીજ સંતાનને આવાં પૂર્વજોનાં ચરિત્રોનું શ્રવણ કરાવવું અવશ્યનું છે.

Ac. Gunratnasuri MS          Jin Gun Aradhak Trust

નીતિવેત્તાઓનું વચન છે કે:—

**"को देशः कानि मित्राणि कः कालः कौ व्ययागमौ।"**
**"कश्चाहं का च मे शक्ति रिति चिंत्यं मुहुर्मुहुः॥"**

તાત્પર્ય કે, "કયો દેશ છે, કોણ—કેવા મિત્રો છે, કેવો સમય છે, પેદાસ ખરચ કેટલો છે, હું કોણછું—કોનામાંથીછું, મ્હારી શક્તિ કેટલીછે તેનો વિચાર વારંવાર કર્યા કરવો."

આપણા શાસ્ત્રકારોની-ઋષિઓની, આ અવશ્ય આચરવાની રીતિનો પ્રસાર કરવાની યુક્તિ તરફ તો જુઓ! પોતાનાં પૂર્વપુરૂષોનાં ચરિત્રો જાણવાની આવશ્યકતા, રોજ સ્મરણમાં રહેવા કેવી સૂક્ષ્મતાથી, રોજ દૃષ્ટી આગળ રહે તે માટે ધર્મ સાથે યુક્ત કરી મહત્વ બતાવેછે. આપણા ગળામાં આ ઉપવિત-જનોઇ છે તેની ગ્રંથી-પ્રવર અમુક ઋષિઓનાં નામોચ્ચારણ કરી, નાખવાનું કારણ શું? અમારા ગોત્રમાં-વંશમાં આટલા પૂર્વજોએ સ્વતઃ આત્મ દર્શન કર્યું હતું-મંત્રદ્રષ્ટા થયા હતા, એ સ્મરણમાં રહેવા પ્રવર નાંખવાનો સંકેત છે. આમ પોતાના સુચરિત પૂર્વજોનું સ્હેજે સ્મરણ થાયછે. આવા પૂર્વજોએ, જે જે મહાન ગુણોથી, પોતાની, મહાન પુરૂષોની પંક્તિમાં ગણના કરાવી હોય, અને જે જે ઉત્તમ ગુણોએ ઉત્તમતા પામ્યા હોય, તે તે ઉચ્ચતમ ગુણો, આસ્તે આસ્તે દૃષ્ટીએ ચડેછે, અને મહત્ કાર્યો કરવા તેને તેની જાણે અજાણે પણ, મોટાઓને અનુસરવાની સ્વાભાવિક વૃત્તિ ખેંચી જાયછે. જે જે મહાન અને કુલીન કહેવાયાછે, તે તે, એ મહાનપણું અથવા કુલીનતા વંશપરંપરા વારસામાં લઇને કહેવાયા નથી; પણ અનુક્રમે પોતાની, પોતાનાં કુટુમ્બની, સમુદાયની, દેશ અને ટુંકામાં લોકમાત્રની ઉન્નતિ કરવાનાં જાતી ગુણથી કહેવાયા છે. અતએવ આ માહીતીની આવશ્યકતાની વિરૂદ્ધ કોઇપિણ વિચારશીલથી હોઠ હલાવી શકાશે નહિં. જેમને પોતાનાં પૂર્વજોનાં ચરિત્રોની પણ માહિતી નથી, તેમની અવસ્થા પ્રતિ દૃષ્ટિ કરો! આ માહિતીની બીજાં કશાં માટે પણ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જરૂરીઆત ન ધારવામાં આવે તોપણ, પોતાનાંજ સુધારા અને વૃદ્ધી માટે અવશ્ય આવશ્યક અને આદરણીય છે. પ્રતિકૂળ કાળ-યોગે કદાચ પ્રજા હીન દશા પામી હોય તો, પોતાનાં મહાન પૂર્વજોનાં ગુણ કિર્તનનાં સ્મરણથી પ્રોત્સાહિત થઈ તેવી થવા યત્નવાન થાય છે; અને યત્નને, ઉદ્યોગને, કંઈ દુર્લભ ન હોવાથી એકવાર પણ જો આવો યત્ન આરંભાયો તો અવશ્ય સુધારો થયા વિના રહે નહિં. જ્યાં જ્યાં જ્યારે જ્યારે લોકો ઉચ્ચ દશાએ પહોંચ્યાંછે, ત્યાં ત્યાં, ત્યારે ત્યારે આ સાધનજ હતું. બહોળા ઇતિહાસો અને જીવનચરિત્રો લખાવાની આવશ્યકતા માટે વિદ્વાનો તરફથી વારંવાર પોકાર થાયછે તે એટલા માટે, કેમકે લોકોને અનાયાસે ઉન્નતિપથે દોરી જનાર એના જેવું બીજું એકે સુગમ સાધન નથી. ઘણીક ઠોકરો ખાધા પછી થતો અનુભવ, જૂદાં જૂદાં સંજોગોથી ઉત્પન્ન થતું જૂદાં જૂદાં પ્રસં-ગોનું જ્ઞાન, આ દ્વારાએ સ્હેજમાં પ્રાપ્ત થાયછે; મનુષ્ય જીુજ પ્રયાસે ઘડાઈ રહેછે, સુધારાનાં માર્ગ સુજેછે–દીઠામાં આવેછે, પરિણામે પોતાની અને ભાવી પ્રજાની ઉન્નતિ બની રહેછે.

જાત પરજાતનાં ઘણાં વૃદ્ધ પુરૂષોને બોલતાં સાંભળ્યાં છે, કે માત્ર પચીસ પચાસ વર્ષ પહેલાં, જે કુલીનતા, ઉત્તમાચરણ, ઉદારતા, સાહસ, દૈવત પ્રભૃતિ **ભાટિયા**ઓમાં હતું, તેમાંનું આજ કશુંએ દેખાતું નથી. તેમના સંસર્ગમાં આવનાર ઘણીક બીજી જાતના લોકો તેમનાં ઉત્તમાચરણની નકલ કરવા લલચાતા. અને જો કંઇક અંશે પણ નકલ કરી શકતા, તો પોતાને પોતાની જાતમાં ઉત્તમતા દાખલ કરનાર તરીકે ધન્ય માનતા–મનાવતા; તેમનાં જાત ભાઇઓ તરત તેમની નકલ કરી, તેમણે અનુસરેલ માર્ગની ઉત્તમતાનો સ્વીકાર કરતાં. પરંતુ આજે તેથી વિપરીત દીઠામાં આવેછે. અને આ તો આપણને પણ સ્વીકાર કર્યા વગર છુટકો નથી કે આપણે—**ભાટિયા** દિન પ્રતિદિન, ઉત્તમતાનાં ઉચ્ચ આસનપરથી ગડગડી, અધોગતી—હીણાવસ્થાને નિકટ-વર્તિ થતાં જઈએ છીએ. તે એટલે સુધી કે આજ કાલના **ભાટિ-**

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

યાઓને જોનાર કોઈપણ, એકાએક, આ **ચંદ્રવંશી-યદુવંશી ક્ષત્રીઓ** છે, એમ સમજશે નહિં. અને ન સમજે તેમાં આશ્ચર્ય જેવું પણ નથી. હમણા હમણા, આપણા ધર્મ, આચાર વિચાર, રહેણી, કરણી પ્રભૃતિ એટલાં બધાં પરિવર્તિત થયાં છે કે, બીજા તો રહ્યાં પણ કદાચ આપણાથી માત્ર સાતમોજ પુરૂષ પુનરૂજ્જિવિત થઈ, આજે આપણને જુએ તો આ મ્હારોજ વંશ છે યા નહિં એ શંકા તેના મનમાં પણ થવી અસંભવિત નથી; અને વખતે ક્ષત્રીપણામાંથી, તદનુસાર વર્તન ન કર્યા છતાં દાસપણામાં પોતાનો પણ પરિવર્ત જોઈ ગભરાઈ પણ ઉઠે.

પૂર્વકાળનાં ઉત્તમાચરણ, અને આજકાલ પ્રવેશ પામેલા-પામતા અધમાચરણની તુલના કરી, અજ્ઞાનાંધકારનો ફરીવળેલ વિશેષ વિશેષ ગાઢ થતો પટ દૂર ખસેડી, જરા તો જુઓ કે શી શોચનીય દશા થતી જાય છે. અનીતિના પ્રગટ અને સૂક્ષ્મ અંશોથી સર્વાંગે પૂર્ણ, પથ-મત-માર્ગ અવલંબનથી, આપણામાં પ્રવેશ પામેલો લક્ષિત થતો ભ્રષ્ટાચાર, એટલા નાના સ્વરૂપમાં નથી કે દીઠામાં ન આવે. કુટુમ્બવત્સલતા તો નિઃશેષપ્રાય થઈ છે એટલુંજ નહિં, પણ માબાપ ઈત્યાદી ગુરૂજનોનો તિરસ્કાર અને તેમનાં ભરણપોષણ તરફ દુર્લક્ષ એ તો સાધારણ થઈ પડયું છે. કન્યાનાં ધનની ઇચ્છા તો શું, પણ એક યા બીજી રીતે તે લેવામાં પણ ઘણો પ્રતિબંધ રહ્યો નથી. સુધારાનાં—ઉચ્ચતાએ જવાના કેંદ્રસ્થાન સ્ત્રિઓની નીતિ રીતિ મતિ ગમે ત્યાં નજર નાંખો; ભ્રષ્ટાચારની દુર્ગંધથી ચક્કર આવશે. આવું આવું ન થાય એટલા માટે શાસ્ત્રકારોએ આજ્ઞા કરી છે કે:—

**प्रत्यहं प्रत्यवेक्षेत नरश्चरितमात्मनः ।**
**किं नु मे पशुभिस्तुल्यं किं नु सत्पुरुषैरिति ॥**

"મનુષ્યે પ્રતિદિને પોતાના ચરિત્ર તરફ નજર કરી જોવું કે મ્હારૂં ચરિત પશુતુલ્ય છે કે સત્પુરૂષો જેવું છે." પરંતુ આપણી અજ્ઞાનતાથી આપણે તુલના કરતાં નથી—કરી શકતાં નથી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એક કુસંસ્કારોમાં પચેલા, સર્વ ઇન્દ્રિયોએ શૂન્ય છતાં, સમાજમાં પ્રતિષ્ઠાવાન અને અગ્રણી ગણાવાનાં અભિલાષી, ભાટિયા ગૃહસ્થનાં દર્શન લાભ સમયે, વાત નીકળતાં તેણે મહાન તત્વશોધકની પડે શાંત અને ગંભીર મુખાકૃતિ ધારણ કરી ફરમાવ્યું કે "બહુ યત્ને મને એવું સમજાયું છે કે, આપણે ભાટિયા પૂર્વે હીણ કર્મ કરતા, તે વલ્લભાચાર્યનાં વંશજોનાં યત્નથી સુધર્યા છીએ."

**સમજે તે તો સૌથી સારો ન સમજે તે સોહેલો;**
**કંઇક સમજે ને કંઇક ન સમજે, એ હાધારીંગો દોહલો,**

એ લોકોક્તિ મ્હારા સ્મરણમાં છતાં મ્હારાથી કહેવાઇજ જવાયું કે, "સ્વર્ગીય ઠ. મથુરાદાસ લવજી અને ઠ. ચતર્ભુજ વ્હાલજીએ, આપણી કુલકથાઓ પ્રસિદ્ધ કરી છે, તેમાં તો તમે ફરમાવો છો તેવું કશું લખ્યું નથી." મને વચમાંજ અટકાવી આપ ફરમાવવા લાગ્યા કે "એ બધાં ગપાષ્ટક છે. મ્હેં પોતે કુલકથાઓ વાંચી છે. એમનાપર વિશ્વાસ લાવવા જેવું નથી." આટલી જ્ઞાનપ્રાપ્તિથી પરિતૃપ્ત થઈ, વધારે પાચન કરવાની શક્તિને અભાવે, અનન્ય બુદ્ધિમાન આ ગૃહસ્થને, વધારે જ્ઞાનવૃષ્ટિ ન કરવા વિનવી, હું મ્હારે રસ્તે પડયો.

ભાઇયો! આવી કુશાગ્રબુદ્ધિનાં, આપણી જ્ઞાતિમાં આ એકજ નથી. !!! આવા મહાત્મા અને તેમનાં અનન્ય શિષ્યો ઘણા છે. આ માન્યતા સ્વીકરાવવા, ઘણા પેટપૂજારિયો, આપણા કહેવાતા ગુરૂઓ તરફથી, એક યા બીજી લાલચને વશવર્તિ થઈ, યત્ન કરી રહ્યાં છે. આ વાતનો અનુભવ જેઓ ગોકુલ મથુરા ઇત્યાદિ યાત્રાએ ગયાં હશે તેમને પરબારો અથવા ઘરની સ્ત્રિઓ મારફતે થયો હશે.

આવી ભયંકર અજ્ઞાનતા થવાનું, તેમાં વિશ્વાસ આવવાનું, અને સ્થિર રહેવાનું કારણ શું? એ પ્રશ્ન વારંવાર થતો સાંભળ્યો છે; અને તેનાં ઉત્તરમાં, આપણા પોતાનાં ઇતિવૃત્તની

Ac. Gunratnasuri MS  Jin Gun Aradhak Trust

અજ્ઞાનતા એમ પણ વારંવાર કહેવામાં આવ્યુંછે. આપણા જેવા, આજ કાલનાં એકદેશી કેળવણી પામેલા ઘણાક યુવાનો કહેછે કે જ્યાં હિંદુસ્તાનનોજ યથાર્થ ઇતિહાસ નથી–હિંદુઓ ઇતિહાસ લખી જાણતા નોતાં, ત્યાં આપણો–ભાટિયાઓનાં નાનાં સરખા સમુદાયનો યથાર્થ ઇતિહાસ શી રીતે ઉપલબ્ધ થાય? આમ કહેનારા નિંદાપાત્રતો નથીજ. *સાખી (સાક્ષી) ગોપાલની પઠે, જડશા જેવા બેસી રહેનારાઓ કરતાં કંઇપણ વિચાર કરનારા,-પછી ભલેને તે અવળે માર્ગે હોય,–શા ખોટા? આવી પૂર્વપક્ષની ચર્ચાથી પણ ઘણીવાર, ખરો રસ્તો નીકળી આવેછે.

મ્હારા જેવા દુર્બળ લેખકની અત્યંત દુર્બળ કલમ, આવા સમર્થ પૂર્વપક્ષ કરનારાઓનું સમાધાન કરે, તે કરતાં, રજપુતાનાનાં પ્રસિદ્ધ, ઇતિહાસ સંગ્રહકર્તા, જે અંગ્રેજોની વિદ્યા શિખીને આપણા નવીનો આવી શંકા કરતા શીખ્યાછે, તે અંગ્રેજોમાં અગ્રગણ્ય અંગ્રેજ વિદ્વાન, લેફ્ટનણ્ટ કર્નલ જેમ્સ ટોડે પોતાના રાજસ્થાનની પ્રસ્તાવનામાં જે લખ્યું છે, તેજ જવાબમાં રજુ કરવું વધારે યોગ્ય અને વધારે મહત્વનું છે. તે લખેછે:—

"If we consider the political changes and convulsions which have happened in Hindustan, since Mahomed's invasion and the intolerant bigotry of many of his successors, we shall be able to account for the paucity of its national works on history without being driven to the improbable conclusions that Hindus were ignorant of an art which has been cultivated in other countries from almost the earliest ages. Is it to be imagined that a nation so highly civilized as Hindus, amongst whom the exact sciences flourished in perfec-

* જગન્નાથજીની યાત્રા કર્યાની સાક્ષીપૂરવા એ પ્રતિમાની સ્થાપના છે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

tion, by whom the fine arts, architecture, sculpture, poetry, music, were not only cultivated, but taught and defined by the nicest and most elaborate rules, were totally unacquainted with the simple art of recording the characters of their princes and the acts of their reigns? Where such traces of mind exist, we can hardly believe that there was a want of competent recorders of events, which synchronical authorities tell us were worthy of commemoration. The cities of "Hastinapur" and "Indraprastha" of "Anhilwar" and "Somnath" the triumphal columns of "Delhi" and "Chitore," the shrines of "Abu" and "Girnar" the cave temples of "Elephanta" and "Ellora" are so many attestations of the same fact; nor can we imagine that the age in which these works were erected, was without an historian. × × × × × × × × × × In the heroic history of Prithiraj, the last of the Hindu sovereign of Delhi, written by his bard Chand, we find notices which authorize the inference that works similar to his own were then extant, relating to the period between Mahomed and Shahbuddin (A.D. 1100–1193); but these have disappeared."* જો આપણા પૂર્વજો

* આપણે, મહમદની ચડાઈ પછીથી, હિંદુસ્થાનમાં થયેલા રાજ્ય-વિપ્લવ અને ઉથલ પાથલ, તથા તેનાં પછીનાં ઘણા ખરા રાજયકર્તા-ઓનાં અસહનીય ધર્માંધપણાને ધ્યાનમાં લઈશું તો, ઈતિહાસ લખ-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઇતિહાસ લખી જાણતા નોતા તો, **રાજતરંગણી** નામે કાશ્મીરનો પ્રાચિન ઇતિહાસ ગ્રંથ જે આજે આપણે જોઇએ છીએ તે કયાંથી આવ્યો ? એક ફ્રેંચ શોધકે યથાર્થજ કહ્યું છે કે, "જો આર્યો ઇતિહાસ લખવાની વિદ્યાથી અજાણ્યા હતા—તેમનામાં ઇતિહાસ ગ્રંથો નોતાં, તો અબુલફાઝિલ,* હિંદુસ્તાનનાં પૂર્વ કાળનાં સંક્ષિપ્ત ઇતિહાસ માટેની વિગતો કયાંથી લાવ્યો ?"

પૃથીરાજ રાસામાં ચંદે, ઠેકાણે ઠેકાણે, પૃથીરાજ સાથે યુદ્ધથી યા દોસ્તિથી સંબંધમાં આવનાર રાજાઓનો સંક્ષેપ

વાની વિદ્યા, જે બીજા દેશોમાં બહુ પુરાતન સમયથી ખેડાયલી છે, તેથી હિંદુઓ અજ્ઞાન હતાં, એવા ગેરવાજબી અનુમાનપર આવ્યા વિના તેનાં ઇતિહાસ ગ્રંથોની ઉણપનું કારણ સમજી શકીશું. હિંદુઓ જેવી આટલી બધી સુધરેલી પ્રજા, જેઓમાં યથાર્થ શાસ્ત્રો પૂર્ણપણે હસ્તીમાં હતાં, જેઓથી કલાકૌશલ્ય, શિલ્પ, કોતરકામ, કાવ્ય, સંગીત, માત્ર ખેડાયાં હતાં એટલુંજ નહિં પણ, શિખવવામાં આવતાં, અને ઉત્તમ અને અત્યંત વિસ્તૃત નિયમોથી વ્યાખ્યા થયેલી હતી, તેવી પ્રજા પોતાના રાજાઓની ચાલચલણ તથા તેના રાજ્યના બનાવો નોંધવા જેવી સાધારણ કળાથી બિલકુલ અજ્ઞાન હતી, એમ ધારી શકાશે? જ્યાં મનશક્તિનાં આવાં પ્રમાણો છે, ત્યાં ઐતિહાસિક બનાવો, જે સમકાલિન લેખોપરથી સમજાયછે કે, સ્મરણ રહેવા ઉત્સવ તરીકે પળાવાં યોગ્ય હતાં, તે નોંધવા, સમર્થ નોંધનારની ખોટ હતી, એવું આપણે ભાગ્યેજ માની શકીશું. હસ્તીનાપૂર અને **ઇન્દ્રપ્રસ્થ**, **અણહિલવાડ** અને **સોમનાથ** જેવાં શહેરો, **દિલ્હી** અને **ચિતોડ**નાં વિજયસ્તંભો, **આબુ** અને **ગિરનાર**નાં દેવાલયો, **એલિફણ્ટા** ( ગારીપુરી ) અને ઈલોરાનાં ગુહામંદિરો, આ ઉક્ત વાસ્તવિકતાની આટલી બધી સાહદતો છે; તેમ એમ પણ ધારી શકાશે નહિં કે જે સમયે આ કામો થયાં હતાં, તે સમય, તવારિખ–નવીશ વિનાનો હતો. + + + + + + + + + આપણને, દિલ્હિનાં છેલ્લા હિંદુ મહારાજા **પૃથીરાજનાં**, તેનાં ભાટ ચંદે લખેલા વીરરસપૂર્ણ ઇતિહાસમાં, મહમદ અને શાહબુદીન ( ઇ૦ સ૦ ૧૧૦૦–૧૧૯૩ ) નાં મધ્યકાળનાં, તેનાં ગ્રંથને મળતા ગ્રંથો પુષ્કળ હતાં, એમ માનવાને મજબુતી આપે એવા નોંધ મળી આવેછે, પરંતુ તે લુપ્ત થયાં છે.

* અકબરનો વઝીર.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઇતિહાસ કવચિત કયાંક કયાંક આપ્યો છે. આવો ઇતિહાસ, તેના પોતાનાંજ કહેવા પ્રમાણે, તે સમયે પ્રચલિત એવાં ઇતિહાસ ગ્રંથોને આધારે આપેલ છે.

ગ્રંથારંભે વિવેક કરતાં, પોતાની સ્ત્રી પ્રત્યે ચંદ કહે છે,—

"कबी कित्ति कित्ति उक्तितिसु दिख्यो ।
तिनको उचिष्टी कबिचंद मख्यो" ॥

આ સાંભળી સ્ત્રી પુછેછે,—

"अबतार भूप पृथीराज पहु, राजसुख तिनसम लहही।
बिराधीवीरसामंतसब, तिनसु गल्ट कुलह कहही"

તો પૂર્વના કવિઓનું ઉચ્છિષ્ટ કેવી રીતે થશે?" ચંદ ઉત્તર આપે છે,—

"भयेआदीअंतकबिबराजितै, तिनअनंतगतिमतिकाहिय ।
अन्नेकग्रंथतिनबरानिबत, योंउचिष्टमतिमेलहिय" ॥

આ અને આવાં ઠેકાણે ઠેકાણે જણાઈ આવતાં ઇશારાઓ-પરથી, બળાત્કારે પણ કબુલ કરવું પડશે, કે જે વેળાએ ચંદે રાસો લખ્યો તે વેળાએ એવાં બીજાં ગ્રંથો પણ હોવાં જોઇએ; અને વખતે આ ગ્રંથો તે વેળાએ ઇતિહાસને બદલે રાસાનાં નામોથી ઓળખતાં હોય. આ ગ્રંથો આજે મળતાં નથી; અને નિશાળમાં શિખતા છોકરાઓ પણ જાણેછે કે, મુસલમાનોએ તેમનો નાશ કર્યો છે. મુસલમાનોએ પોતાનું રાજ્ય દૃઢ કરવા માટે, જ્યારે લોકોને વટલાવવા માંડ્યાં ત્યારે તેમણે હિંદુઓને સર્વ વિષયમાં વિશેષ માહિતગાર દીઠાં; કોઈ પણ વિદ્યામાં પોતે ચઢીયાતા દેખાઈ માન પ્રેરાવી શકે એવું હતું નહિં. અન્ય ઉપાયને અભાવે આર્યોના ગ્રંથોનો નાશ કરવો શરૂ કર્યો.

જેમ જેમ મુસલમાનોની સત્તા આપણા માંહો માંહેના કુસંપને લીધે દૃઢ અને વિસ્તૃત થતી ગઈ તેમ તેમ આપણા વિદ્યાગ્રંથોનાં નાશ સાથે, લોકો પણ પોતપોતાનું સંભાળવામાં પડવાથી વિદ્યાભ્યાસ કરવાનાં સાધનો અને સમય, ઓછાં

2

Ac. Gunratnasuri MS  Jin Gun Aradhak Trust

ઓછાં થતાં ગયાં. પરિણામે નવીન ગ્રંથો–ઇતિહાસો લખનાર પણ પેદા થવા બંધ થતા જાયજ; અને કોઈ કોઈ ક્યાંક હોય તેમને રચના કરવા માટે સમય ક્યાં હતો? રાજવાડાનાં* ઇતિહાસની અપૂર્ણતા બતાવતાં, ટોડ સાહેબને "When our princes were in exile, driven from hold to hold, and compelled to dwell in the clefts of the mountains, often doubtful, whether they would not be forced to abandon the very meal preparing for them, was that a time to think of historical records?" "જ્યારે અમારા રાજાઓ દેશવટો ભોગવતા હતા, પોતાને માટે તૈયાર કરતા તેજ ભોજન ત્યજી જવાની ફરજ નહિ પડે એવી હરદમની શંકામાં એક શહેરથી બીજે શહેર હાંકી કહડાતા અને પર્વતશૃંગોમાં રહેવાની ફરજ પડતી, તે સમય ઐતિહાસિક બનાવોની નોંધવિષે વિચારવાનો હતો?" એમ જે ઉત્તર મળ્યો હતો, તે ધ્યાનમાં લીધાથી આપણું સમાધાન થઈ રહેશે.

ત્યારે આજ કાલ દેશી અને પરદેશી શોધકોએ, પ્રસિદ્ધ કરેલ મુસલમાનોનાં સમયનો તથા તેનાં પૂર્વનો ઇતિહાસ ક્યાંથી આવ્યો, એ પ્રશ્નનું ઉત્તર સહજ છે. પોતપોતાનાં રાજ્યને લગતી ઐતિહાસિક બિનાની થોડી યા ઘણી નોંધ, દરેક રજવાડાએ સંગ્રહી રાખેલ, તે આપણે ટોડસાહેબનાં રાજ્યસ્થાન, જે રજપુતાનાનાં રાજાઓનાં રાસાઓનો, ક્યાંક ક્યાંક ફેરફાર બાદ સંગ્રહજ છે, તેપરથી સમજી શકીએ છીએ. ઉપરાંત પણ, એવા ઇતિહાસો માટેની વિગતો શા આધારે લેવામાં આવેછે તે, ટોડ સાહેબનાં આ લખાણ પરથી તરત સમજાશે.

"In the absence of regular and legitimate historical records there are however other native works (they may indeed be said to

* રજપુતાનાનાં.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

abound) which in the hands of skillful and patient investigator would afford no despicable materials for the history of India. The first of these are the Purans and geneological legends of the princes, which, obscured as they are, by mythological details, allegory and improbable circumstances, contain many facts that serve as beacons to direct the research of historian. × × × × × × × × × ×
× × × × × × × × × × × × × × × × × ×
These different records, works of a mixed historical and geographical characters, which I know to exist; rasahas or poetical legends of princes which are common ; local Purans, religious comments, and traditionary couplets, with authorities of a less dubious character, namely inscriptions out on the rock, coins, copper plate grants, containing characters of immunities and expressing many singular features of civil government constitute, as I have already observed, no despicable materials for the historian, who would moreover be assisted by synchronisms, which are capable of being established with ancient Pagan and latter Mahomedan writers."*

---

* યથાક્રમ અને વાસ્તવિક ઇતિહાસિક લેખોને સ્થાને, બીજાં એવાં દેશી ગ્રંથો પુષ્કળ છે, જે, ચતુર અને ધીર શોધકને, ભારત વર્ષનાં ઈતિહાસ માટે જરૂરનું ઘણું સાહિત્ય પુરૂં પાડે. આમાં, પ્રથમ પુરાણો

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આ પ્રમાણે મુસલમાનોનાં સમયનો ઇતિહાસ જાણવાની પ્રણાલી નિર્ધારિત છે; અને દુરાગ્રહ ત્યજી માત્ર સત્ય જાણવાનાં આકાંક્ષુને તે સહજ છે. શાળાઓમાં પાઠ કરાવાતા ઇતિહાસો જેવાં, આર્યોના ઇતિહાસો જોવાના અભિલાષીઓ, આર્યો સંબંધે કશું પણ જાણવાના અધિકારી શી રીતે હોય? એમણે, દુનિયાની સર્વ પ્રજાઓથી ભિન્ન આર્યોની અમુક વિશેષતા વિષે, પ્રથમ અભ્યાસ કરવો જરૂરનો છે. આર્ય લખનારાઓએ જે જે લખ્યું છે, તે તે ધર્મસાથે એવું મિશ્ર કરીને લખ્યું છે, કે હમણાનાં સમયમાં, આપણી, પૂર્વનાં લખનારાઓનું મર્મ જાણવાની અલ્પ સામગ્રિથી, તેમાં પ્રવેશ અશક્ય નહિં તો કષ્ટસાધ્ય તો છેજ. આમ દરેક વિષયને ધર્મ લગ્ન કરવાનું તેમનું જે દૃષ્ટિબિંદુ હતું, તે સમજવાનું આજે આપણું દૃષ્ટિબિંદુ, નરી અંગ્રેજી કેળવણીથી રહ્યું નથી. ધર્મના નામથી જે જે વાતો સાધારણ મનુષ્ય વર્ગનાં મનપર જેવી અસર કરેછે, તે તે વાતો અમરથી તેવી અસર કરતી નથી. ઋષિઓએ, ધર્મ શિવાયની પ્રવૃત્તિમાત્રને, અશ્રેયસ્કર ગણી, દરેક પ્રવૃત્તિને ધર્મ અર્થે યોગ્ય

---

અને રાજાઓનાં વંશ ક્રમાગત ચરિત્રોનાં રાસા જે, કલ્પિત વર્ણનો રૂપક અને અસંભવિત સંજોગોથી આચ્છાદિત છતાં, ઘણીક વાસ્તવિક–સત્ય-વાતોથી ભરેલાંછે; આ વાતો તવારિખનવીશની શોધને ખરે રસ્તે દોરવા દીવાદાંડીની ગરજ સારેછે. × × × × × × × ×
× × × × × × × × × × × × × × × ×
જેમ હું કહી ચુકયો તેમ, આ જૂદાં જૂદાં લેખો, ભૂગોળ અને ઈતિહાસનાં મિશ્રગ્રંથો, જેમનાં વિદ્યમાનપણાની મને ખબરછે; રાજાઓનાં રાસા જે તો સાધારણ છે; સ્થાનિક પુરાણ, ધર્મસંબંધે ટીકાનાં પુસ્તકો અને દંતકથારૂપે રહેલ કહાણીઓ—કહેવતો ઉપરાંત, વધારે ભરોસો મુકવા લાયક સાહદતો જેવી કે, ખડકોપર કોતરેલા લેખો, સિક્કા, તાંબાપત્રે દાનપત્રો, જેમાં સ્વાધિનતાનાં હક્કો અને મુલ્કી ખાતાની ઘણી તરહેની બાબતોનો સમાવેશ હોયછે, તે સર્વે, તવારિખનવીશને મદદગાર થઈ પડયા ઉપરાંત, સમકાલિન બનાવોની સાહદતો, જે પેગન અને પાછળના મુસલમાન લખનારાઓનાં લખાણથી પુષ્ટ થવા સંભવછે, તેથી પણ તેને સહાયતા થવાનો સંભવછે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઠરાવી; અર્થ અને કામ જેવી પ્રવૃત્તિઓ પણ ધર્મથી અભિન્ન ગણી, એ દ્વારાએ પણ મોક્ષદ્વાર બતાવી દીધું.

આ સર્વ કથનનો સાર એટલોજ કે, આપણા અઢારે પુરાણ અને મહાભારત ઇત્યાદિ ગ્રંથો, જે સાધારણ ધર્મપુસ્તકો તરીકે પ્રસિદ્ધ છે, તે પૂર્વકાળનાં ઐતિહાસિક બનાવોનો, ધર્મકથાઓ મિશ્રિત નોંધ છે, એ નિ:સંશય છે. કેમકે ઋષિઓએ પોતે પણ પુરાણોની વ્યાખ્યા આમ કરી છે:—

**"सर्गश्च प्रतिसर्गश्च वंशो मन्वन्तराणि च ।**
**वंशानुचरितं चैव पुराणं पञ्चलक्षणम्" ॥***

આમ ધર્મસાથે ઐતિહાસિક બનાવોને મિશ્ર કરી ન લખ્યાં હોત, તો આજે જેમ મુસલમાનોનાં સમયનો સાંગોપાંગ ઇતિહાસ ઘણી મહેનતે પણ એકઠો થતો નથી તેમ, મહાભારત ઇત્યાદિ ઇતિહાસોનું દર્શન પણ દુર્લભ થાત. કેમકે લોકોએ ગમે તેવી વિપત્તિમાં પણ આ ગ્રંથોને ધર્મગ્રંથો સમજીને જેમ જીવની પઠે જાળવી રાખ્યાં, તેમ અન્યથા જળવાત નહિં.

આપણી અવશ્યંભાવી દશાને લીધે, જેમનાપર એ ગ્રંથો શિખવવાનો ભાર હતો તેમણે અને સ્વાર્થિ પંથ–માર્ગાચાર્યોએ, કાળનાં પરિવર્તનથી થયેલ પોતાનું અજ્ઞાન ઢાંકવા માટે આપણને એવા ગ્રંથોનું રહસ્ય સમજાવવું તો રહ્યું પણ વાંચવાની પણ, અધિકારનાં અસ્વીકાર કે ગમે તે વ્હેમને બ્હાના તરીકે આગળ કરી, મના કરી. અને કદાચ સમાજમાંથી કોઇએ આ સર્વ વ્હેમ અને મનાનો અનાદર કરી, રહસ્ય જાણવા યત્ન કર્યો અને સત્ય સમજી તે બતાવવા ગયો, તો અખાએ કહ્યુંછે તેમ:—

× × × × × સામાસામે બેઠાં ઘૂડ
કોઈ આવી વાત સૂરજની કરે, તે આગળ જઈ ચાંચજ ધરે
અમારે હજાર વર્ષ અંધારે ગયાં, તમે આવા ડાહ્યા કયાંથી થયા"

* સૃષ્ટિની ઉત્પત્તિ, લય, વંશ, મન્વવંતર અને વંશોમાં ઉત્પન્ન થયેલ પુરૂષોનાં ચરિત્ર, એ પાંચ પ્રકારનાં વર્ણનયુક્ત ગ્રંથ પુરાણ (ઈતિહાસ) કહેવાય.

Ac. Gunratnasuri MS      Jin Gun Aradhak Trust

તેમ ચારે તરફથી અપવાદ રૂપી ચંચુપ્રહાર કરી, નાસ્તિક કહી સમાજમાં હલકો પાડે.

આમ આ અને બીજાં પણ અનેકાનેક કારણોથી આપણે–ભાટિયા આપણા પૂર્વ કાળનાં ઇતિવૃત્તથી અજ્ઞાન રહ્યાં. પરંતુ સૂર્ય છાબડે ઢાંકયો રહેતો નથી; તેમ નથી નથી એમ કહેવાથી ઉદય ન થાય એમ પણ બનતું નથી. જેમને નાસ્તિક કહી હલકા પાડવાનું બને એમ હતુંજ નહિં, હલકા પાડવાથી હલકા પડે નહિં, એવા રાજ્યકર્તા વર્ગને, હિંદુઓનો, મુસલમાનોનાં સમયનો ઇતિહાસ પ્રસિદ્ધિમાં મુકવા, દૈવે નિર્માણ કર્યો. તેમને કશો પ્રત્યક્ષ સ્વાર્થ કે પક્ષપાત ન હોવાથી, ઉપર કહી ગયા તેવા પુરાવા અને સાહદતોપરથી જે તેમને યથાર્થ ભાસ્યું તે પ્રસિદ્ધ કર્યુંછે.

છતાં પણ આજે આપણે જેટલું જાણવું જોઇએ તેટલું આપણા પોતા સંબંધે જાણતા નથી એ કેટલું શોચનીય છે? સાંભળીને આશ્ચર્ય પામશો કે આપણી જ્ઞાતીનાં એવાં ઘણાક યુવાન મ્હેં પંડે જોયાં છે, જેમને, તેમની પોતાની નૂખની પણ માહિતી નોતી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## પ્રસ્તાવ ૨ જો.

### મૂળ ભાટિયા કુળકથાનું નિરીક્ષણ.

પ્રિય બંધુ! ઇતિહાસજ્ઞાનથી, આજના કહેવાતા મહાપુરૂષોની અને વીરપૂર્વપુરૂષોની તુલના કરવા સમર્થ થતાં, તને તરત સમજાઈ આવશે કે સાધનો કરતાં યત્ન એજ શ્રેષ્ઠતર છે. ફક્ત સાધનોથીજ શ્રેય સાધી શકાયું હોત તો આજે તેમની કશી ન્યૂનતા નથી. પૈસા છે, સત્તા છે, ઇતિહાસો છે, વિદ્યાવૃદ્ધીનો સમય ગણાય છે; સમય અને સંજોગો પણ ફેરફાર અને યોગ્ય સુધારાને અનુકૂળ છે એટલુંજ નહિ પણ ફેરફાર અને સુધારો ન થાય તો હાનીનો પણ પુરેપુરો સંભવ છે; તેમ યોગ્ય સુધારા અને ફેરફાર માટે એક બીજાના સંસર્ગમાં આવવાની જે આવશ્યક્તા તેની પણ સુગમતા છે. છતાં આપણું-ભાટિયાઓનું મૂળ ઉચ્ચપણું જાળવી રાખવા, જ્ઞાતિમાં મલીનતા અને અધમાચરણનો પ્રવેશ અટકાવવા કોઇપિણ તરફથી યથાર્થ યત્ન થયો મારા જાણ્યામાં નથી. પણ ઉલટું આજકાલ ન્યાતના શેઠીઆ થવું કે મધ્યમ અને ગરીબ વર્ગને દબાવવું એમ થઈ પડ્યું દેખાય છે. મધ્યમ અને ગરીબ વર્ગ કેવી રીતે સારી સ્થિતિમાં રહે, જ્ઞાતીમાં હીણતા કેમ પ્રવેશ કરવા ન પામે, એવાં શા શા નિયમો બાંધવા, અથવા બંધાયેલ નિયમોમાં સમયોચિત કયા કયા ફેરફાર કરવા, જેથી જ્ઞાતિની ક્ષીણતા ન થતાં ગરીબ અને તવંગર

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પોતપોતાના સાધન પ્રમાણે શાંતિથી સંસાર ચલાવવા સમર્થ થઈ ઉન્નતિપથે વળે, તેનો સ્વપ્ને પણ ખ્યાલ ન કરવો એ ન્યાતના શેઠીઆઓને શોભાપ્રદ છે, એમ કોઈ કહી શકશે? પણ આ સમય તો ઉલટી, જ્ઞાતીનું શ્રેય થાય યા ન થાય, જ્ઞાતીબંધુઓની હરકતો દૂર કરાય યા ન કરાય, જ્ઞાતી રહે યા નાશ પામે, પણ પોતાને અને પોતાના પક્ષના ચાર ચાટુચંદ વાહવાહ કરનાર ખુશામતીઆ-ઓને કંઈ અલવલ ન આવે, એટલું સંભાળવામાંજ પટેલપ-ણાની પર્યાપ્તી આવી રહી હોય, એમ સમજણ થઈ ગએલી લાગેછે.

ઘર જીર્ણ થઈ જઈ, માંહે રહેનારાઓ સાથે પોતે કોઈ વખતે અચિંત્યો દટાઈ ન જાય, તે માટે ઘરધણી હમેશાં જાગ્રત રહી ચુન-ચેઠ કર્યા કરેછે; ઘરતીકંપ પછી તો જાડ* મરામત કરે છે. તેમ પટેલો—ન્યાતના શેઠીઆઓને પણ ઉચિત છે, કે ન્યાત રૂપી ઘર જેનું ધણીપણું તેમને મળ્યું હોય અથવા તો બળાત્કારે પણ લીધું હોય, તેનો વખતો વખત ચુનચેઠ કરવો. કાંકે કોણ નથી જાણતું કે જ્ઞાતીજનોનાં મનરૂપી ભૂગર્ભમાં, સુધારાના સફળ કે અસફળ, યોગ્ય કે અયોગ્ય, આટલા આટલા રસાયન પ્રવાહના (Seismic current) આચકાઓ લાગ્યાથી ભૂકંપ નથી થયો નથી થતો?

ધન્ય છે તે પટેલોને! ધન્ય છે તેમના પટેલપણાને!! કે જેઓ ન્યાત રૂપી ઘરના સુરક્ષિતપણા માટે યત્ન કરતા. આપણું ભૂતકાળ તપાસતાં જણાઈ આવ્યું છે કે સંવત ૧૪૩૦થી ૪૫ ના લગભગમાં, મુલતાનમાં આસર તુખના જેઠાનંદ નામે ગૃહસ્થ થઈ ગયા છે. આજની પડે તે વખતે ન્યાતના પગારથી ગુમાસ્તા અને ન્યાતના ખરચે ટેબલ અને ખુરશીઓથી સુશોભિત ઑફીસ, ચરેડ ચરેડ લખવા સુંદર પેરીના બનાવેલ "નોટપેપર" અને બિલોરી ખડિઆ, વખત નાશી ન જાય એ ભયે લખેલું તરત સુકવવા "બ્લૉટીંગ પેપરો" ઇત્યાદિ આડંબર સામગ્રી સહિત પટેલપણું હતું કે લુખું સ્વાદ રહિત, તે હજુ જણાયું નથી; પણ માત્ર એટ-

* કંઈ પણ ભાગ મુકી ન દેતાં સંપૂર્ણ મરામત કરવી તે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

લુંજ જણાયું છે કે તે સમયે આસરજેઠાનંદ ન્યાતના પટેલ હતા. જેઠાનંદ કયા વર્ષથી કયાંસુધી ન્યાતના પટેલ હતા તેનું અમુક નક્કી વર્ષ આપી શકાતું નથી; પણ રાય સપટ નુખના હીરાનંદ સજુના સંવત ૧૪૦૩ માં કાશીમાં બંધાવેલ ઘાટ અને ત્યાં સદાવ્રત વિગેરે આપવામાં આવતું તે બીનાનો જસાએ, જેઠાનંદે પ્રગટ કરાવેલ કુળકથામાં ઉલ્લેખ કર્યો છે, અને ત્યાં સદાવ્રત અપાતું તે એના દિઠામાં આવ્યું હોય એવો ભાસ થાય છે; જે પરથી એવા અનુમાનપર આવી શકાય છે કે, જેઠાનંદ આ ઘાટ વિગેરે બંધાયા પછી તરતજ પટેલ પદે આવ્યા હોવા જોઇએ. એટલે સંવત ૧૪૩૦ થી ૪૫ માં તેઓ ન્યાતના મુખી પદે હતા એમ માનવામાં બાધ જેવું નથી.

પોતાના પટેલપણા દરમ્યાન જેઠાનંદને ભાટિયાઓની–જ્ઞાતીની કુળકથા પ્રસિદ્ધ થવાની આવશ્યકતા જણાઈ. આ આવશ્યકતા શા કારણથી જણાઈ તે વાત ઉપેક્ષા કરવા જેવી નથી. સ્વર્ગીય ઠક્કર મથુરાદાસ લવજીના કરેલ કુળકથાના ભાષાન્તરમાં આ વાતનો શાકારણથી કશો ઉલ્લેખ કરવામાં નથી આવ્યો, તે જાણવાના સાધન આપણી પાસે નથી. ઠક્કર ચતર્ભુજ વ્હાલજી એ પોતાની ભાટિઆ કુલોત્પત્તિની પ્રસ્તાવનામાં સંક્ષેપમાં ઈશારો કર્યો છે ખરો. પણ જો બીનજરૂરની ધારી આ વાત પડતી મુકવામાં આવી હોય, તેનો અને તેના સુકૃત્યોનો સંક્ષેપમાં ઈશારો કરવામાં આવ્યો હોય, તો ખરેખર ભુલ થઈ છે. જે વ્યક્તિને આપણો–જ્ઞાતીનો ઈતિહાસ પ્રસિદ્ધ થયેલો જોવા પહેલ વહેલી આવશ્યકતા જણાઈ, જે પુરૂષના યત્નવિના આપણું મૂળ પ્રસિદ્ધ થાત એ શંકાસ્પદ છે; તે પુરૂષના આ યત્નની વાત નિર્માલ્યવત્ સમજી તજી દેવામાં આવે, ભાટિયા કુળકથા સંબંધે લખતાં જો તેને વિસરી જવામાં આવે, તો મહાપુરૂષોનાં ચરિત્રો લખાવાનું પ્રયોજન, સુજ્ઞબંધુ! મારાથી તો સમજી શકાતું નથી, ત્હારાથી સમજાતું હોય તો તું જાણે. જે વખતે વિદ્યા વૃદ્ધીને મુસલમાની રાજ્યનો અવરોધ હતો, એક સ્થળેથી

Ac. Gunratnasuri MS  Jin Gun Aradhak Trust

બીજે સ્થળે નિર્ભયતાથી જવું એટલે શું એ વાત કોઈ સમજી શકતું નહિ, માનસિક વૃત્તિઓને ઉચ્ચતમ કરવાનાં સાધન પ્રાયશઃ નષ્ટપ્રાય હતાં, જ્યાં ત્યાં શાન્તિને બદલે ખૂન, વૈર, બલાત્કાર પ્રભૃતિ પિશાચોની ભીષણ ગર્જના કરણવિવર ભેદીને પ્રવેશ કરતી, તેવા સમયમાં, સ્વયત્ને માનસિક વૃત્તિઓની ઉચ્ચતા પ્રાપ્ત કરનાર, જ્ઞાતીકલ્યાણમાંજ પોતાનું કલ્યાણ માનનાર ઉદ્દાર પુરૂષને જો મહાત્માં ગણી યાદ કરવામાં ન આવે, તેના કૃત્યના મહાત્મ્યનો ઉલ્લેખ કરવામાં ન આવે, તો મહાત્મા શબ્દનો પ્રયોગજ અન્યાર્થે થવો ઉચિત છે. ભાઈ રે ! યાદ રાખજે કે પિટર, નેપોલ્યન, વેલિંગ્ટન, બિસ્માર્ક, કાઉપર, સ્કોટ, શેલી, શેરીડન, ઇત્યાદિ મહાત્માઓ તારૂં ભલું કયારે પણ તારા થોડા પણ મહાત્મા પડોશી જેવું કરી શકશે નહિ. ઇંગ્રેજી સુધારા રૂપી સિદ્ધાંજન આંજી, દેશી એટલું સર્વ ખરાબ સમજનાર અર્ધદગ્ધ છો હસ્તા, પણ તારે આ મારવાડી કવી વાકયોનું સત્ય ધ્યાનમાંથી જવા દેવા જેવું નથી.

बरस तो एकमे मूंडिए दोए बार
दुधदे मेङणी आपरे नंगीं
रोम रोमावळी सिद्ध शेली करे
ओढके लोहियां बेठो त्रिभंगी
वाको पूत सपूत देवि बळिदान् चढे
लडे मैदानमें जोर जंगी
साचकी बात् पहेचानीए ठाकरां
अवर घर हाथीसे भेड चंगी*

* હે ઠાકોર ! સાચી વાત તો એટલીજ છે, કે, પરાયે ઘેર ઝુલતાં હાથીથી પોતાનાં ઘરની ગાડર સારી; (કેમકે) એક વર્ષમાં બેવાર તો ઉન ઉતારીએ, વળી દુધ આપે ને પહેરવા વસ્ત્ર માગે નહિં. સિદ્ધ (યોગી) એનાં રૂવાટાંની (ઉનની) રક્ષાસૂત્ર કરે, મુનિયો ધાબળી ઓઢે. સંતતિ પણ એવી આપે કે દેવીને બળીદાન આપવા કામમાં આવે, અને મેદાનમાં છુટાં મુકયાં હોય તો લડીને દિલખુશ કરે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મતલબ પ્રદેશી મ્હોટાઓથી આપણા ઘરની ગાડર બીચારી શી ખોટી? એમણે અને એવાઓએ પોતાના દેશી બંધુઓનું ભલું કર્યું હશે-કરતા હશે, એમનો ગુણ જોઈ આપણે પણ તેમ કરવા શીખવું જોઇએ. પણ તેમ ન કરતાં ઉલટાં, આપણામાં કોઈ એવા થયા હોય તેને વિસરી જવા, કે તેમણે "Ladies and Gentlemen" એવા શબ્દપ્રયોગ ન કર્યા હોય માટે તેમના કહેવામાં કે કરેલા કૃત્યમાં કાંઈ માલજ નથી એમ સમજવાની મૂર્ખાઇથી કયો શાણો મનુષ્ય દૂર નહિ રહે?

કચ્છમાંડવીના રહેવાસી શ્રીમાન ઠકર સુંદરદાસ ધર્મસિંહ સંપ્પટ તરફથી ઇ. સ. ૧૮૯૫ માં ભાટિયા કુળકથાની ફારસી ભાષામાં લખાયેલ હસ્તલિખિત પ્રત મને આપવામાં આવેલ. આ કુળકથાનો* તરજુમો કરાવતાં જસાની કુળકથા જે મૂળ પંજાબીમાં† છે તેથી આ ઘણી જગોએ જુદી પડતી જણાઈ. છતાં આ ફારસી પ્રતમાં પણ કર્તા તરીકે જસાનુંજ નામ છે. મારૂં ધારવું એમ છે કે મૂળ પંજાબી પરથી આ ફારસી કુળકથા લખાઈ છે. મૂળપરથી ફારસીમાં લખનારે‡ કેટલીક બાબતો તલાસ કરી નવીન પણ લખીછે, અને આ નવીન બાબતોની સત્યતા આધુનિક ઇતિહાસોથી પ્રતિપાદિત થાયછે.

આ બંને કુળકથાઓ તેમજ અરોડસાગર§ નામે હિંદુસ્તાની ખત્રીઓના પ્રાચીન ઇતિહાસ પરથી જણાય છે કે આસર જેઠાનંદ વિક્રમાર્ક ૧૪૩૬ ની શાલમાં દિલ્હિના પાદશાહ ફિરોઝ-

* આનો તરજુમો મારા પરમ સ્નેહિ કચ્છભુજ આલ્ફ્રેડ હાઈસ્કુલના ફારસી શિક્ષક રા. રા. કચરાભાઈ મંગળજીએ કરી આપ્યો.

† जीरण पुस्तक अंतभ्यो बोलपंजाबी मांहे सो सब शब्द फिरायके ब्रज-वायेक दोहा किये सब समजे जिनमांहे ॥

‡ વાઢુચા નુખના પિતાંબર વલય નામના શખ્સે લાહોરમાં આ ફારસી કુળકથાની નકલ સંવત્ ૧૬૦૫ માં લખાવીછે.

§ ખત્રીઓના પુરોહિત મથુરાં નિવાસી સારસ્વત છગનલાલ બલદેવલાલ કૃત.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શાહ* તઘલખના મુલતાનના સુબા બહાદુરખાન પાસે જગાતિ કામપર હતા. એમના હાથ નીચે ખત્રી હિરાલાલ કપુર કરીને ગૃહસ્થ હતો જે ઈર્ષાથી સુબાની નજરમાં જેઠાનંદને હલકો પાડવા હમેશા આતુર રહેતો. કોઈ પ્રસંગે સુબાની રૂબરૂમાં હિંદુઓના કુળ વિશે વાત નિકળતાં હિરાલાલે જેઠાનંદને કહ્યું કે તમો પોતાને કૃષ્ણવંશી યાદવ તરીકે ઓળખાવો છો, તમારી જ્ઞાતીના કેટલાક લોકોની અવ્યવસ્થિત હાલત પ્રતિ નજર જતાં, તમે જે ઉચ્ચપણાનો દાવો કરો છો તેમાં ઘણાને વહેમ આવેછે. પણ હું ધારૂં છું કે તમને તો તમારા ગોત્ર અને શાખા તેમજ તમે કેવી રીતે રાજ્યકર્ત્તા વર્ગથી નોખા પડયા તેની તવારીખની ખબર હોવી જોઇએ.

સ્વાભાવિક રીતેજ જેઠાનંદ મૌન રહ્યા. જો હું ભૂલતો ન હોઊં તો એજ સવાલ કદાચ આજે આપણને કોઈ તરફથી કરવામાં આવે તો આપણામાંથી ઘણા થોડા જણ તેનો યથાર્થ ઉત્તર દેવા સમર્થ થશે. જેઠાનંદનાં હૃદયમાંથી આ શલ્ય જ્યાંસુધી ભાટિયા કુળકથા પ્રસિદ્ધ ન થઈ ત્યાંસુધી નીકળ્યું નહીં. આ વખતે તેમના મર્મમાં જે જખમ થયો તેનું વર્ણન તેમની સ્થિતિમાં કયારે પણ ન આવેલ મનુષ્ય શી રીતે સમજી શકશે? લાહોરમાં પોતાના પુત્રના વિવાહ પ્રસંગે નજીકના અને દૂરના જ્ઞાતિબંધુઓને આમંત્રણ કરી ભેગા કર્યા. સૂબાની રૂબરૂમાં નીકળેલ પ્રસંગ વર્ણવતાં તેમણે જ્ઞાતી બંધુ સનમુખ જે ઉદ્‌ગારો કાઢેલ તેમાંથી તેમના નીચેના શબ્દો જસાએ આ પ્રમાણે સંગ્રહી રાખ્યાં છે:—

**"वाबिरियां मोको भयो वेशी दशा न होय**
**के घरणी मोहे राखहीं के गिरौं शमुद्रा गोय"**

બંધુ! આ વાકયો કયા સુહૃદને જેઠાનંદનો પક્ષપાતી નહીં કરે? જાતીને હલકી પાડવાના થયેલ યત્નથીજ આ મહા-

* ઈ. સ. ૧૩૫૧ થી ૧૩૮૮ E. H. I.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પુરૂષને જેવી વ્યથા થયેલ, તેવી વ્યથા આજે આપણા ન્યાતના કહેવાતા મુખીઓમાંથી કોઇને થઈ એવું તમારા અનુભવમાં કે સાંભળવામાં આવ્યું છે?

જે વખતે જેઠાનંદે કુળકથા પ્રસિદ્ધ કરવા યત્ન કર્યો તે વખતે આજે આપણી પાસે જે જે, જેટલાં જેટલાં, જેવાં જેવાં સાધનો છે, તેમાંનાં કંઈપણ નહોતાં. આમ છતાં પોતાના ઉગ્ર ઉત્સાહથી સમસ્ત ન્યાતને ઊત્તેજિત કરી, કુળકથાને પ્રસિદ્ધ કરી, જ્ઞાતિના નિયમોને પરિસ્કાર કરી, સંસ્કાર આપવાનાં જેઠાનંદનાં મહત્કાર્યનો વિચાર કરીશું તો તરત સમજાશે કે મોટાઈ—મહાનપણું પોતાના સુખથી નિસ્પૃહ રહી બીજાંઓનાં કલ્યાણ સાધનથીજ હોઈ શકેછે. હુંપણાના અભિમાન માત્રથીજ જીવન સાર્થક નથી, પણઃ—

**स जातो येन जातेन याति वंशः समुन्नतिम् ॥**
**परिवर्तिनि संसारे मृतः को वा न जायते ॥***

એવું પણ સાંભળવામાં આવ્યું છે કે જેઠાનંદે જ્ઞાતિની દિન પ્રતિદિન થતી અધર્મ પ્રવૃત્તિને અટકાવવા કેટલાક નિયમો બાંધ્યા હતા. એના સમયમાં અહિં તહિંથી કન્યા લાવી પરણી બેસતા; જેથી પ્રજાની માનસિક—શારીરિક શક્તિ ક્ષીણ થવાનો ભય સમજુઓને પેઠેલ, એણે, એ ચાલનો અવરોધ કરવા, ભાટિઓએ જેસલમેર ત્યાગ્યા પછી સં. ૧૩૬૬-ઈ. સ. ૧૩૧૦ માં મુલતાનમાં શાસ્ત્રિઓ—પંડિતો પાશે નિર્ણય કરાવી નુખો બાંધેલ, તેની યાદી તૈયાર કરી, જુદે જુદે સ્થળે વસતા ભાટિયા ન્યાતના મુખીયોને મુકી એવું જણાવ્યું કહેવાય છે કે, હવેથી જ્ઞાતિની વરણી પરણી આટલી આપણી ચોરાશી નુખોમાંથીજ થવી જોઇએ, બીજે કંહીંથી નહિ. આ

* જેના જન્મવાથી વંશની ઉન્નતિ થાય તે ભલે જન્મો, નહિં તો આ જન્મ-મરણશીલ સંસારમાં કોણ મરીને જન્મતું નથી? (બધાય જન્મેછે.)



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

યાદીની એક ચિથરેહાલ થઈ ગયેલ નકલ, મને જેસલમેર તાબે ફતેહગઢ પ્રગણાન્તર્ગત ગામ કોડાનાં બારોટ વિખૌજીના વંશજો પાસેથી મળી આવી.

જેની શોધ ખોળમાં આજે પાંચ પાંચ વરસ થયા હું યત્નવાન છું તેજ વસ્તુ આમાં છે એમ જ્યારે મને જણાયું ત્યારે મારા ચિત્તમાં જે આનંદની સેરો છુટી તેનું વર્ણન લેખનીથી થઈ શકે એમ નથી; કેમકે જે ઈન્દ્રિઓ આંનદનો અનુભવ કરેછે તે ઇન્દ્રિઓથી લખી શકાતું નથી. આ યાદીને નિર્માલ્યવત્ સમજી એવી રીતે મુકી છાંડવામાં આવેલ કે તેના વીસેક પૃષ્ઠોને લગભગ ઉધાઈ લાગી ગઈ હતી. આ યાદીમાંથી જેટલું ઉકેલી શકાયું તેટલું પ્રસ્તાવ ત્રીજામાં સવિસ્તર લખ્યું છે. આ સર્વ જોયા પછી વળી પણ કહેવાની ફરજ પડે છે કે જેઠાનંદે જ્ઞાતીનું, યથાસાધ્ય સુનિયમબદ્ધ કરી કલ્યાણ સાધવા ભીમ પ્રયાસ કરેલ એમાં સંશય નથીજ.

જેઠાનંદે સંવત ૧૪૪૦–ઇ. સ. ૧૩૮૪ માં, પંજાબના જસા નામે સારસ્વત બ્રાહ્મણને કુળકથા તૈયાર કરવાનું કામ સોપ્યું. તેનેમાટે સર્વ તરેહનો બંદોબસ્ત કરી યાદવોની જ્યાં જ્યાં વસ્તી હતી ત્યાં ત્યાં તલાસ કરી ખરી હકીકત જે મળે તે ઉતારી લાવવા કહી રવાને કર્યો. જસાના પોતાના લખ્યા પ્રમાણે તેણે, જેસલમેર, કરોલી, મથુરા, બિઆની, લોડરવા, દેરાવલ પ્રભૃતિ સ્થળે પાંચ વર્ષ ફરી, ભાટિયા કેવી રીતે જુદા પડ્યા તેની સંપૂર્ણ હકીકત ભેગી કરીને, સંવત ૧૪૪૫ માં જેઠાનંદ પાસે આવી રજુ કરી.

આ વિષય આગળ વિસ્તાર્યા પહેલાં આ કુળકથાને જરા તપાસીયે. પ્રથમતો આ કુળકથા આજ કાલ જેવી પદ્ધતિ પર ગ્રંથો લખાય છે તેવી પદ્ધતિપર લખાયેલ નથી; જેથી પહેલીજ વાર વાંચ્યાથી એ શૈલીના ગ્રંથો વાંચવાના-અનભ્યાસીથી એનું તત્વ સમજાય નહિ એ બનવા જોગ છે. એની ભાષા પરિસ્કાર નથી એમ કદાચ વાંચનારા-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઓમાંથી કોઇકિને લાગ્યું હશે. અનુક્રમ સાચવી લખવામાં નથી આવ્યું એમપણ ક્વચિત જણાશે. બનાવના વર્ષો પણ આગળ પાછળ આપ્યાં છે એમપણ દેખાશે. પેઢીઓ આપીછે તે પેઢીઓમાં જેસલમેરની ગાદીપર જે જે રાજાઓ આવ્યા છે, અને તેનો અનુક્રમ જેસલમેરની તવારીખમાંથી જે પ્રમાણે મળે છે, તેથી કેટલીક જગોએ ફેરફાર પણ માલમ પડશે. આથી એ કુળકથાની કિંમત કંઇજ નથી એવો દુરાગ્રહ બાંધી બેસવા પહેલાં, હે બંધુ! જે સમયે આ કુળકથા લખાઈ છે તે સમયનો જો તું વિચાર કરીશ તો આપોઆપ તારૂં સમાધાન થઈ રહેશે. એ સમયે, મુસલમાનોના ઉપદ્રવને લીધે વિદ્યાભ્યાસ એટલે શું એપણ ઘણા થોડા જણ સમજતા; આંક અને વ્યવહારોપયોગી અક્ષરજ્ઞાન, તેમજ પોતપોતાના વ્યવહારના વિષયમાં લાયકાત સંપાદન કરવી એમાંજ વિદ્યાભ્યાસની પર્યાપ્તિ થઈ રહેતી. જો વિદ્યાભ્યાસ કરવાની લોકોને સુગમતા કે સમય હોત તો, આર્યશાસ્ત્રોના અર્થના અનર્થ થઈ ધર્મને નામે જે પાખંડ પ્રવર્ત્યું છે તેનું મૂળ રોપાત નહિ; અને જસાની કુળકથામાં વિન્યાસ, પરિસ્કાર અને સ્ફુટ નથી તેનું કારણ વિચારવું સહજ છે. જસાને જુદે જુદે સ્થળેથી જે જે જુદી જુદી વિગતો મળી તે તે જેમ મળતી ગઈ તેમજ તેણે લખ્યું જણાય છે. અનુક્રમ પ્રમાણે બનાવોના વરસો ગોઠવવાની તેણે પરવા ન કરી યાતો સઘળા બનાવોના વરસો તેને ન પણ મળ્યાં હોય. ક્ષત્રીપણું મુકી વૈશ્યપણું સ્વીકાર્યા પછી પણ ભાટિયાઓમાં જે પરાક્રમી નિવડયા તેના માત્ર નામજ જસાએ આપ્યાં છે; તે બનાવનું વર્ષ કે પરાક્રમ કરનારની પેઢીઓ કાં આપી નથી તેનો ઉત્તર એટલોજ છે કે જે વખતે આ કુળકથા લખાઈ ત્યારથી એકાદ સૈકા પહેલાં ( આપણ ) ભાટિયાઓના સમુદાયની રાજ્યસત્તા જતી રહેલ હોવાથી તેમાંથી કોઈ કોઈ પરાક્રમી નિવડયા તેના વીરત્વયુક્ત પરાક્રમોનાં નોંધ કરવાનું કોઈને કારણ રહ્યું નહિ એટલે આવી પરાક્રમની મુખપરંપરાગત વાતો જસાએ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

દેશ પ્રદેશના વૃદ્ધ મનુષ્યોને મ્હોડેથી જેમ સાંભળી તેમજ નોંધી દીધી; અને આજે આપણે એવા ઘણા વાસ્તવિક બનાવોની વાત, વર્ષ કે પરાક્રમ કરનારના વંશના અનુક્રમ વગર સાંભળીએ છીએ છતાં તેમાં કોઈને શંકા નથી થતી, તો આમાં શંકાનો અવકાશ શા માટે રહેવો જોઇએ? આવીજ સંબંધ વગરની ઘણી વાતો ટોડના રાજસ્થાનમાં નોંધાયેલી મળી આવે છે, છતાં કટ્ટા વિપક્ષીઓ પણ તેનું ઇતિહાસિકપણું નામંજુર કરી શક્યા નથી. જસાએ નોંધેલ આવી વાતોમાંથી એક વાત ટોડના રાજસ્થાનંમાં પણ છે. અલાઉદીનના સમયમાં થયેલ સાકા* પછી, જેસલમેરના ફરી વસ્યાની બીનાના સંબંધમાં ટોડે તેને આ પ્રમાણે નોંધી છે:—

"Gursey, while engaged in these nuptials, was visited by his relation Soningdeo, a man of gigantic strength, who agreed to accompany him on his return to Delhi. The King ( of Delhi ) made trial of his force by giving him a string and an iron-bow sent by the King of Khorasan, which the nervous (!) Bhatti not only bent but broke. The invasion of Delhi by Tymurshah, ( most probably Eibak-khan ) having occurred at this time the services of Gursey and his relation were so conspicuous that he (Gursey) obtained a grant of his hereditary dominion with permission to re-establish Jeyssulmere."†

---

* પુરૂષોનાં કેસરીયાં કર્યા પહેલા વીરમાતા અને વીરપત્નિઓનું ચિતારોહણ કર્મ.

† ગુરશી, જે વેળા વિવાહ કાર્યમાં હતો, તેવેળા ભીમબળી સોનિંગદેવ નામે તેનો આત્મિય તેની મુલાકાતે આવેલ, જે તેનાં દિલ્હિ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આ પ્રમાણે આ વાતોને કલ્પીત ન માનવાને બીજા પણ ઘણા પુરાવા આપી શકાય એમ છે.

બનાવોના વર્ષની અવાસ્તવિકતાના કારણની નિરીક્ષા કરવી સ્હેજ વાત નથી, વિશેષમાં વળી મ્હારા જેવા વિદ્યા અને સાધનરહિત મનુષ્યથી સાંગોપાંગ થવી સર્વથા અસંભવિત ગણાય. તોપણ મ્હારા પોતાનાજ સંશય દૂર કરવા હું આ દોષ વિશે વિચારતાં જે નિર્ણય પર આવ્યો છું તે અત્રે રજુ કરવામાં આવેછે. એથી બીજા કોઈને લાભ થાય તો લાભ છે હાની નથી. પ્રથમ તો આપણે એટલુંજ વિચારવાનું છે કે જ્યાં મોટાં મોટાં રજવાડાઓની યથાર્થ તવારીખ નીકળતી નથી, એક જણ એકાદ વાત લખી પ્રસિદ્ધ કરે ન કરે કે બીજો તેનું ખંડન કરવા તૈયારજ હોય છે ત્યાં નહિ રાજા કે નહિ સરદાર, માત્ર પ્રજા, પ્રજામાં પણ નાનો સરખો સમુદાય, તેની સાંગો-પાંગ શંકાસ્થળરહિત તવારીખ જોવા ઇચ્છનાર, હિંદુસ્તાનમાં વાંસેથી થયેલ અનેક રાજ્યવિપ્લવ અને તેને અંગે થયેલ પ્રજાની દયામણી સ્થિતિથી તદન અજાણ્યો હોવાથી પ્રથમ હિંદુસ્તાનનો મુસલમાનોના સમયનો ઇતિહાસ ભણી લેવાની આવશ્યકતા છે; એમ કોઈ કહે તો લેશ પણ ખોટું નથી. જુલમનું ઝઝુમી રહેલ વાદળ અકસ્માત કયારે તુટશે, કયારે કોની બ્હેન, પુત્રી યા પત્નિનું હરણ થશે, કયારે કોનું ઘર લુંટાઈ કોણ ભિખારી થશે–જાનથી માર્યો જશે, એ કલ્પી પણ શકાય નહિં તેવા વખતમાં પ્રજાએ વિદ્યાભ્યાસમાં ચિત્ત પરોવી આવી ઘટનાઓના

---

પુનઃપ્રયાણ વેળા તેની સાથે જવા કબુલ થયો. દિલ્હિનાં પાદશાહે તેનું બાહુબળ જોવા, ખુરાસાનના પાદશાહે મુકેલ લોઢાંનાં ધનુષ્યપર ગુણ ચડાવવા તેને આપ્યું. જે આ દુબલા! (બલવાન) ભાટીએ ચડાવ્યું એટલુંજ નહિ પણ ભાંગી નાંખ્યું. આવેળા, જ્યારે તૈમુરશાહ (ઘણુંકરી ઇબાકખાં હોવો જોઇને) દિલ્હિપર ચડી આવ્યો ત્યારે ગુરશી અને તેનાં આ આત્મિયની બહાદુરી એટલી ખુદરતી અને મોટી હતી કે, ગુરશીને તેનાં પૂર્વજોનું રાજ્ય, જેસલમેર વસાવ્યાના પરવાના સાથે મળ્યું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વર્ષ નોંધી રાખ્યાં હોય એ ધારવું કેટલું ભુલ ભરેલું છે? ઇંગ્રેજી રાજ્યની પરમ શાન્તિના સમયમાં ખુદ ગ્રાણ્ટ ડફ જેવા ઇંગ્રેજના લખેલ મરાઠાઓના ઇતિહાસની અવાસ્તવિક–અસત્યતા–ભૂલોથી કોણ અજાણ્યું છે? તો બીચારા સર્વ રીતે સાધન રહિત જસાની ભૂલોને વક્ર દૃષ્ટીથી જોવું એનું કારણ શું? આમ કહેવાથી કોઇએ એમ ન સમજવું કે ભાટિયા કુળકથાની ભૂલો ઢાંકવા માટે આ લુલો લંગડો બચાવ છે. જેઓએ પુરાતન ઇતિહાસોના સંશોધનમાં પોતાની જીંદગી ગાળી નાંખી છે તેઓ તો આવી કાળગણનાની ભૂલો જોઇનેજ કરકઙ્કણન્યાયે એવી ઇતિહાસિકવાતોની સત્યતા સમજ્યાછે. "Even these anachronisms are proofs of the fidelity of these Anals." "ઉલટી આ કાળગણનાની ભૂલો એજ આ તવારીખોની સત્યતાના પ્રમાણ છે." આમ કહી આ દોષોને ઇષ્ટાપત્તી રૂપેજ ગણે છે. આમજ જસાની આવી ભૂલો હોવાથીજ, ઓર ભાટિયા કુળકથાની સત્યતા પ્રતિપાદિત થાય છે, એમ સમજુઓ જોઈ શકશે.

જસાએ કુળકથામાં અનુક્રમ બરોબર નથી સાચવ્યો એ દોષમાટે તો રાજસ્થાનના કર્તાએ આ જે કહ્યું છે કે, "It were preposterous to expect to find, in the anals of the people so subject to the vicissitudes of fortune, an unbroken series of historical evidents in support of this ancestry."

"આટલા બધા ભાગ્યપરિવર્તનશીલ લોકોની તવારીખમાંથી આ કુળને પ્રમાણિત કરવા અત્રુટ ઇતિહાસીક પુરાવાનો અનુક્રમ ખોળી કાઢવાની આશા અસંગત—યુક્તિ વિરૂદ્ધ છે" એમ નિસંકોચે કહી શકાશે.

છેલી શંકા આપણને પેઢીઓનો ક્રમ, વજ્રનાભ પછીના

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અને જેસલમેર વસાવનાર જેસલ સુધીના રાજાઓનું કુરશીનામું જે પ્રમાણે ટૉડ રાજસ્થાનમાં છે તે પ્રમાણે જસાની કુળકથામાં નથી, એ જણાય છે. વજ્રનાભથી જેસલ સુધીની જે તવારીખ રાજસ્થાનમાં છે તે નિઃસંશય હોત તો આપણને આ વિશે વિચાર કરવાનો અવકાશ નહોતો. પણ, એ નિસંશય નથી. જેસલમેરની તવારીખનો આ ભાગ, સંશયાત્મક જણાયાથીજ ટૉડે શરૂઆતમાંજ લખી દીધું છે કે,'—

"Thus far from Bhagavat, and I continue the history of Bhatties by the Brahmin Sukdhurma."*

સુખધર્મા, ઉષ્ણીકનો વંશ જે મિસરમાં હતો, જે વિષે હવે પછી લખવામાં આવશે, તે, જ્યારે હુઝરત મહમદ પેગમ્બરે ત્યાં મુસલમાની ધર્મ ફેલાવવો શરૂ કર્યો ત્યારે, આ તરફ ક્રમે ક્રમે ઉતરતો આવ્યો, તેની સાથેજ ત્યાંથી આવ્યો હોય એમ જણાયછે. અહિં આવ્યા પછી આ ઉષ્ણીક વંશી યાદવોની શાખાએ, મૂળથીજ અહિં રહેલ, વજ્રનાભના વંશજોમાં સર્વ ભાવે ભળી જવા યત્ન કર્યો લાગેછે. પણ આ ઉષ્ણીકના વંશજોના આચારવિચાર, રહેણીકરણીમાં દેશકાળને લઇને જે કેટલાક ફેરફાર થયેલ, તેથી સર્વ ભાવે તેઓ એક થઈ શકયા નહિ હોય. આથી સુખધર્માએ એક કપોળ કલ્પના ઉભી કરી હોય એ સંભવીત છે. અને તેને મૂળ વજ્રનાભના વંશજોની તવારીખ સાથે એવી સેળભેળ કરી દીધી કે આજે તે બહુ યત્ન કરનારથી પણ સહેજમાં પૃથક કરી શકાય નહિ. તે વખતે આજની પેઠે ગ્રંથો છપાઈ ફેલાતા નહિ જેથી આ કપોળ કલ્પનાનો ભેળ અંધારામાંજ રહી જાય એ સ્વભાવિક છે. તોપણ

* જુઓ ટૉડ રાજસ્થાન.

* ભાગવત પછીનો ભાટીઆઓનો ઇતિહાસ, હું શુકધર્મા બ્રાહ્મણને આધારે લખું છું.

Ac. Gunratnasuri MS  Jin Gun Aradhak Trust

એ તવારીખ ભાગ કલ્પિત છે એમ ધ્યાનથી વાંચનારને આજે, કબુલ કરવું પડેછે. સુખધર્માએ, શ્રીકૃષ્ણથી લઇને વિક્રમના તેરમા સૈકા સૂધીનો સમય માત્ર ૨૭ પેઢીમાંજ પુરો કર્યો છે.

આ સતાવીશ પેઢીઓને આપણી કાળગણના પ્રમાણે ગણતાં દરેક પેઢી દીઠ ૧૫૭ વર્ષ થવા જાય. કદાચ કોઈ એમ કહે કે પૂર્વે મનુષ્યોની આયુષ્ય વધારે હતી; તો તેમપણ ૧૦૦ વર્ષથી વધારે આપણે કબુલ નહિ કરીએ, કેમકે કળીયુગના મનુષ્યોની ૧૦૦ વર્ષથી વધારે આયુષ્ય શાસ્ત્રકારોએ પણ કહી નથી. અને કૃષ્ણતો કળીની સરૂઆતમાંજ થયા હતા. તેમ હિંદુ રાજાઓની પ્રશસ્તિઓ લખનાર બીજા કોઇએ પણ સુખધર્માને ટેકો મળે એવું જણાવ્યું દેખાયું નથી. રઘુનાથ, યુધિષ્ઠિરથી વિક્રમાદિત્ય સૂધી ૬૬ રાજા ગણી દરેકનો રાજ્યસમય સરાસરી વધારેમાં વધારે ચુમાળીશ (૪૪) વર્ષ ગણેછે. તેજ પ્રમાણે ચહુઆણોનો વૈવંચો પૃથુરાજને યુધિષ્ઠિરથી સોમો રાજા ગણી લખેછે કેઃ—

मैनें अनेक शास्त्र अवलोकन किये हैं जिससे मुजको गुमान है की युधष्टरसे बराबर एकसोमा कुरसीनामा, ( १०० वर्षपर ) देल्लीके तख्तपर प्रिथिराज का था. ”

આ પ્રમાણે દરેક પેઢીના ૪૧ વર્ષ આવે છે. રાજયતરંગિણીમાં પણ લગભગ એટલાજ વર્ષ દરેક પેઢીના ગણ્યાં છે. દરેક પેઢીના આટલા વર્ષો પણ ન હોવા જોઇએ એમ જ્યાં દરેક આધુનિક ઇતિહાસકારે સાબીત કરવા યત્ન કર્યો છે ત્યાં દરેક પેઢીના ૧૫૭ વર્ષ તે આપણે શી રીતે માનવા?

ત્યારે અહિં પ્રશ્ન એ ઉઠશે કે શું સુખધર્માની તવારીખ ઉપરાંત જેસલમેરની અન્ય રીતે લખાયેલી એજ સમયની બીજી પણ કોઈ તવારીખ છે? અને તેમ જો હોય, તો ટોડે, તેનો આધાર મુકી રાજસ્થાનમાં સુખધર્માને આધારે જેસલ-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મેરની તવારીખ શા માટે લખી? આ પ્રશ્નોના ઉત્તર અતિ સહજ છે. જેસલમેરની સંપૂર્ણ તવારીખ હતી અને છે. આ સર્વ, અત્યંત વિસ્તારથી રાજ્યના ભાટ અને બારોટોએ લખેલ તવારીખ જેસલમેરના માજી દિવાન **નથમલે** છપાવી પ્રસિદ્ધ કરી છે. તે તેમજ અન્યાન્ય, હજી નથી છપાયા એવા જેસલમેર સંબંધેના હસ્ત લિખિત લેખો જોયાથી સાફ જણાઈ આવે છે કે વજ્રનાભના વંશજો હિંદુસ્તાનની બહાર ગયાજ નથી. બહારથી આવ્યા તે તો ઉષ્ણીકના વંશજો હતા. જેમાંથી કોઈક જેસલમેર વાળી શાખા સાથે રહ્યા પણ હોય, બાકી તેમણે સિંધમાં જુદું રાજ્ય સ્થાપ્યાનું ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. ટોડ પોતાથી પણ આ વાતનો ઉલ્લેખ કરી જવાયો છે કે:—*"This portion of the Yadu stalk would appear never to have strayed far beyond the ancient limits of Suraseni."† * * * * * * * * * આમ એકજ જગોએ નહિ પણ વળી બીજી જગોએ પણ એણેજ લખ્યું છે કે:—‡"After the death of Krishna and the dispertion of the Yadu tribes, some as the ancestry of the Jessallmer family, proceeded by the Punjab across the Indus, eventually establishing Gazani, while another branch remained behind."§ * * * * * *

* જુઓ ટોડ રાજસ્થાન.

† યદુવંશની આ શાખા, કદીપણ સુરસેનીની પુરાતન હદથી વધારે પેલી તરફ ગઈ દેખાઈ નથી.

‡ જુઓ ટોડનુ વેસ્ટર્ન ઈન્ડીઆ. ( Tod's Westarn India. )

§ જેસલમેરનાં વૈવંચાપ્રમાણે, શ્રીકૃષ્ણનાં સ્વધામ પ્રયાણ અને યાદવોનાં વિખરાવા પછી, જ્યારે કેટલાકે પંજાબથી થઇ સિંધુ નદ ઓળંગી આખરે ગિઝની વસાવી, ત્યારે બીજી એક શાખા વાંસે ( હિંદુસ્તાનમાં ) રહેલ.

Ac. Gunratnasuri MS  Jin Gun Aradhak Trust

આમ છતાં ટોડે, જે સુખધર્માનો આધાર લીધો તેનું કારણ માત્ર એટલુંજ સમજાયછે કે, યાદવો સીકંદરના વખતમાં આવેલ સીથીઅનો છે એમ પોતાનો જે મત તેને પુષ્ટી મળે. બીજા કોઈપણ વૈવંચાપરથી યાદવોના ઉત્તરમાંથી આવ્યાનું તે સાબીત કરી શકે એમ હતું નહિ. યાદવો જિટસ–ગિટસ કે સીથીન નથી એ વાત પ્રોફેસર કોવેલે (Cowell) બહુજ અચ્છી રીતે ટોડનું ખંડન કરી સાબીત કરી બતાવી છે એટલે મારે તે વિષે કહેવાનું રહેતું નથી. જસાએ કુળકથામાં આપેલ પેઢીઓના ફેર-ફારનું કારણ એવું આપી શકાય, કે જેસલમેરની જે તવારીખ છે તે કાવ્યબદ્ધ હોવાથી સ્વભાવિક રીતે કાવ્યશાસ્ત્રના નિયમોમાં રહીને લખવી પડી છે, જેથી એમાં એટલી તો ગડબડ થઈ છે કે તરત સમજી શકાય નહિ. જસાએ જેસલમેર જઈ ત્યાંની તવા-રીખમાંથી પણ ઉતારો કર્યો એમ એના પોતાનાજ લખવાપરથી સિદ્ધ છે. અને જેસલમેરની ગાદીપર દેશવટે મુકેલ કુમારોને ઘણી વેળાએ યોગ્ય રાજ્યકર્તાને અભાવે, મનામણું કરી ભત્રીજાની જગોએ કાકાને અને કાકાની જગોએ ભત્રીજાને કે મોટા ભાઈની જગોએ નાનાભાઇને ગાદીએ બેસાડવાના ઘણા દાખલા બન્યાછે. જસાએ, ગમે તે કારણથી આમ ગાદીપર આવેલ રાજાને પાછલા રાજાનો પુત્ર સમજી પેઢીઓનો ફેરફાર કે વધારો ઘટાડો કર્યો હોવો જોઇએ.

આ સર્વ કહેવાનું તાત્પર્ય એમ નથી કે જસાની લખેલ ભાટિયા કુળકથામાં ભૂલો છેજ નહિ. કદાચ ભૂલો હશે તોપણ મૂળ વાતની સત્યતાની પ્રતિતી થાય તેવા પુરાવા ઠેકાણે ઠેકાણે દૃષ્ટીએ પડે છે.

હવે આપણે મૂળ વિષયપર આવીએ. જસાએ સંવત ૧૪૪૫માં ભાટિયા કુળકથા તૈયાર કરી જેઠાનંદ પાસે રજુ કરી એ આપણે કહી ચુકયા છીએ. જેઠાનંદ આ કુળકથા જોઈ અત્યંત પ્રસન્ન થયા, અને આ મહેનતના બદલામાં જસાને સિરપાવ અને ઘણુંક

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રોકડું આપ્યા ઉપરાંત ભાટિયાની સમસ્ત ન્યાતનો પુરોહિત કરી સ્થાપ્યો. પુરોહિતપણાનો હક તો વાંસેથી એના વંશજોના પ્રમાદથી તેમના હાથમાંથી જતો રહ્યો, પણ ભાટપણાનો હક્ક તો અદ્યાપિ પર્યંત તેઓ ભોગવેછે એ સર્વના જાણ્યામાં હોવું જોઈએ. જેઠાનંદના આ મહત્ કાર્યની ઉત્તમતાનો વિચાર કરવાની જેમના મગજમાં શક્તિ હશે, જે આ કૃત્યની તારીફ કરતાં કરતાં આનંદમગ્ન થઈ જતાં હશે, તેમને આ કૃત્યની અભિ-વંદનીયતા, તેમાં રહેલ જ્ઞાતીનું ઉત્તમપણું દૃઢ કરવા-દૃઢ રાખ-વાની આજપણ કવચિત દૃષ્ટીએ પડતી મહાનુભવતાનું દર્શન કરાવવું પડશે નહિ. વળી પણ કહું છું કે **જેઠાનંદના યત્ન-થીજ આપણે ક્ષત્રી–યદુવંશી ક્ષત્રી–ચંદ્રવંશી ક્ષત્રી છિએ એમ છાતી ઠોકી, બેધડકપણે કહેવાને સમર્થ થયા છોએ. હે પ્રભો! અમારી જ્ઞાતીમાં ઘરોઘર આવા જેઠાનંદનો જન્મ થાઓ!!** અસ્તુ !!!

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## પ્રસ્તાવ ૩ જો.

### ભાટિયાઓનાં, ભાટીપણા-યાદવપણાનાં પ્રમાણ.

જોકે, જેસલમેરનો અત્રુટ ઇતિહાસ, ઉપલબ્ધ નથી થતો, તોપણ ભાટિઓનાં મૂળ યાદવપણામાં કશો શક રહે નહિ એવાં પ્રમાણો પુષ્કળ છે. દરેક શોધકને, અત્રુટ ઇતિહાસ ન છતાં પણ સમકાલિન બનાવોની સહાદતો, જુના લેખો, દાનપત્રો ઇત્યાદિ જોઈને, લખવું પડ્યું છે કે– "They have preserved links of the chain which indicate original affinities*." હમણાનાજ ઇતિહાસવેત્તાઓએ આમ લખ્યું છે એમજ નથી, પણ મુસલમાન તવારીખનવિશોએ પણ ભાટીસમુદાયનું યાદવપણું કબુલ કર્યુંછે. ફેરિસ્તાને આધારે, મૌંટ સ્ટુઅર્ટ એલફિન્સ્ટન્ લખેછે "Anangpal was true to his father's engagements, but the Raja of *Yadu Bhatties* dependent of Lahore on the southern side of Multan, refused to pay his share of tribute

* તેમણે જે પ્રમાણપરંપરા સાચવી શાખી છે, તે તેમનાં મૂળ વંશનું સૂચન કરેછે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

and resolutely opposed to Sultan.* તેમજ ટોડે લખ્યું છે "They (Bhatties) founded successively Tannot, Deraval, and Jessalmer in S. 1212.— The present capital of the Bhatties, the lineal successors of Krishna.† " વળી કચ્છના રાજ્યકર્તા વર્ગ જાડેજા રજપૂતો વિશે લખતાં એણેજ લખ્યું છે "Jareja is the most important tribe of Yadu race, next to the Bhatties. Its history is similiar. * * * * * * * There is the strongest ground for believing that their range was not so wide as that of the elder branch, × × × × × × × even in Alexandar's time they retained the marks of their ancestry‡." ડિગાઇગ્નિસ (Degugnes) નામે પ્રખ્યાત શોધકે પણ જત્ મુસલમાનો મૂળ ભાટીજ છે એમ લખતાં યદુ ભાટી એમ સાફ આ પ્રમાણે લખ્યું છે " When the *Yadu Bhatties* expelled from Salivanpur &§. જેસલમેરની

* અનંગપાળ પોતાના પિતાનાં કરાર પ્રમાણે કબુલ રહ્યો, પણ મુલતાનથી દક્ષિણ પ્રદેશનાં લાહોરનાં તાબાનાં યદુ-ભાટી રાજાએ પોતાના ભાગની ખંડણી આપવા ના કહી, દ્રઢ સંકલ્પથી સુલતાનની સામે થયો.

† તેમણે (ભાટીઓએ) અનુક્રમે તનોટ (તનવટ) દેરાવલ અને સંવત ૧૨૧૨ માં જેસલમેર વસાવ્યું. જે હાલ ભાટીઓની-શ્રીકૃષ્ણનાં વંશજોની રાજધાની છે.

‡ યદુ વંશની, ભાટીઓથી ગૌણ, બહુ અગત્યની શાખા જાડેજા—ઓની છે, તેનો ઇતિહાસ મલતોજ છે. × × × × × તેમનો, મુખ્ય શાખા (ભાટીઓની શાખા) જેટલો વિસ્તાર નહોતો એમ માનવાને સબલ પ્રમાણ છે. × × × × × × ઠેઠ અલેક્ઝાંડરના (સિકંદરના) સમયમાં, એઓ તેમના મૂલવંશના ચિન્હ ધરી રહ્યાં હતાં.

§ જ્યારે યદુ ભાટીઓ સાલીવાહનપૂરથી હાંકી કહાડયા-ઇત્યાદિ.

4

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વસ્તી વિશે લખતાં વાલિયમ હન્ટરે ( W. W. Hunter ) પણ ઇમ્પીરિઅલ ગેઝીટીઅર ઓફ ઇંડિઆમાં લખ્યુંછે કે:— The majority of the inhabitants are *Yadu Bhatti Rajputs* &*." પ્રોફેસર કોવ્હેલે ( Professor Cowell ) પણ સિદ્ધ કર્યું છે કે:— "The great tribe of Yadu is the tribe of Krishna and of the pure Hindoo descendent."†

આ પ્રમાણે દરેક શોધકે **ભાટી**, યાદવવંશી છે એમ સાફ લખ્યું છે તે આપણે જોયું. ભાષાના મહાન કવિ, ચંદ બરદાયનો સંવત ૧૨૧૫ થી ૧૨૫૦ સૂધીનો, દિલ્હિના છેલા રજપૂત મહારાજા પૃથુરાજ ચૌવાણના સમયનો કાવ્યબદ્ધ પ્રાચીન ઈતિહાસ જે પૃથિરાજ રાસાને નામે મશહુર છે તેમાં ઠેકાણે ઠેકાણે ભાટી સામંતોના પરાક્રમોનું કથન કરેલું છે. તે પરથી પણ સમજાયછે કે તે સમયે પણ આપણે **ભાટી** નામે વિખ્યાત હતા. રેવાતટ સમ્યો નામે સતાવિશમાં પ્રસ્તાવનો છંદ ૫૮ મો આ પ્રમાણે છે:—

**इह रावर उप्पर धाइ पर्यो पांवार जैत खिजि**
**तिहि उप्पर चामंड धर्यो हुस्सेनखांन सजि**
**धक्काइ धक्काइ दोइ हरबल बरमंजे**
**पच्छसेन आहुट्टि अनी बंधी आलुज्झे**
**गजराज बियसु सुरतान दलदह चतुरंग बरबीरबर**
**धनी धारधार धारह धनी बरभट्टी उप्पारी कर‡**

* વસ્તીનો મુખ્ય ભાગ યદુ ભાટી રજપૂતોનો છે,–ઇત્યાદિ.

† યદુનો મોટો વંશ, કૃષ્ણ વંશજ છે, અને તેઓ શુદ્ધ હિંદુઓ છે. જુઓ Professor Cowell's Tagore Law Lectures for 1820. P. 173

‡ જૈતપરમારે ભારે ગુસ્સે થઈ દોડી રાવલનું અનુસરણ કર્યું. એને પગલે પગલેજ ચામંડરાવ જઇને હુસેનખાન સાથે બાઝ્યો. હરોલમાંથી ઉછળી ઉછળીને એક બીજાપર ઘા કરવા લાગ્યા–હટાવવા લાગ્યા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૬૭ મા છંદમાં સામે મોંએ લડી સ્વર્ગે ગએલ સાંમંતોના નામ ગણી સ્તુતિ કરતાં, મહાનંદ જયસિંહ નામે ભાટી વિષે લખ્યું છે–

**पर्यो रावभाटीवरं पंचपंचं**
**जिने मुक्तिके पंथ चल्लाइ सच्चं**

* * * *

**परिपतंग जैसिंग पै पतंग अप्पुन तनदझे**
**इननव पत्तंग गती लीन करी अरि अरि घनगझे**
**उहतेल ठामबाती अगनी एकल बिरुजाइय**
**इह पंच अप्पअरीपंच, पंचअरिपथ्थ लगाइय**
**आरन्नीकूंआरीबर्यों देई दाहन दुज्जनदबन**
**जितेबअसुरमहिमंडलह औरताहि पुज्जे कबन?***

પીપા જુધ્ધ નામે એકત્રીસમા પ્રસ્તાવમાં પૃથિરાજની સભાના વર્ણનમાં ભાટી સામંત અચલેસ વિષે કથન છે કે:—

**अचिलेस उतंग नरिंद्द धरं रन मझ्झ बिराजत पंग भरम्**
**भयभट्टिय भान जहान जपे जिहिनाम सुने अरिअंगकपै†**

યાદ રાખવું કે આમ અંહે શુદ્ધ ક્ષત્રી સામંતોની ગણનામાં

---

પોતપોતાની ઘડી ઘડી વિખરાતી હાર શ્રેણીબદ્ધ કરવા લાગ્યા. ધારના ધણીએ અને ઉત્તમ ભાટીએ બાદશાહના ચતુરંગના ચુંદા દશવીરો અને એ હાથીનો જાણે નાશ કરવાજ નગ્ન અસીયુક્ત અજાનુભુજદંડ ઉંચો કર્યો.

* રાવ ભાટી પડ્યો, પડતાં પડતાં પણ પાંચને યમસદનમાં મોકલી દીધાં. જેણે મુક્તિનો માર્ગ ખરેખરો ખુલો કર્યો. જેમ પતંગ દીપકમાં પડી પોતાનો નાશ થતાં થતાં દીપકને હોલવી નાંખે છે તેમ જૈસિંગે પંચત્વ પ્રામતાં પામતાં પણ પાંચ દુશ્મનોને રસ્તે પાડ્યા (મારી નાંખ્યા) અને સૂર્યસ્થાનમાં ગમન કર્યું. દુર્જનોના મસ્તકપર બળાત્કારે પગ મુકી રણભૂમીને કુંવારીજ વર્યો હતો. પૃથ્વીતલમાં અસુરોને શેહ આપી હતી. એની બરોબરી કોનાથી થાય?

† મરૂ ભૂમિનો રાજા અચિલેસ જે રણભૂમિમાં ઉત્સાહથી દીપી નીકળે છે; (આ) ભટ્ટી ભાનનું (ચંદ્રનું) ભય આખી જહાનને છે. એનું નામ સાંભળતાંજ દુશ્મનો કંપેછે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તેમજ અન્યવેળા સામંતોનો દરજ્જો ગણતાં પણ ભાટી સામંતોને કોઈ પણ ક્ષત્રી સામંતથી ઉતરતા ગણ્યા નથી બલ્કે ઉત્તમ પદજ આપ્યું છે. જો ભાટી ઉત્તર તરફથી આવી પછીથી ક્ષત્રીવર્ગમાં દાખલ થયા હોય અને શુદ્ધ ક્ષત્રી ન હોત તો પૃથિરાજના સમયમાં એ વાત વિશેષપણે લોકોની જાણમાં હોયજ અને ઉગ્ર ક્ષત્રીઓ સીથીઅનોની ગણના પોતા સાથે થવા દે એ શું સંભવિત છે? વળી તે વખતે તેમજ આજે પણ, ભાટી, પાંત્રીશે કુળ રજપુતોમાં પરાપૂર્વથી કન્યા લે આપે છે, તે બનવું અસંભવિત થાત. ઉદયપુર જેવા ટેકી સૂર્યવંશી ક્ષત્રીઓ, એમ હોત, તો કદાપિ પણ ભાટીવર્ગમાં પોતાની કન્યા આપત નહિ. તેમજ જે સમયે મનુની આજ્ઞાઓ સ્પષ્ટ રીતે સ્થાપિત થઈ ચુકી હતી તે સમયમાં કોઈ પણ ઇતિર વર્ણ, વળી પરદેશી યવનો–સીથીઅનો, દ્વિજ વર્ણમાં ભળી જઈ શકે એ વાત આર્યધર્મના જાણનારથી કદાપિ પણ ન માની શકાય એવી છે. મનુજીએ દશમાં અધ્યાયમાં ચોખ્ખું લખ્યું છે કે:—

**“सर्व वर्णेषु तुल्यासु पत्नीष्वक्षतयोनीषु ।
अनुलोम्येन संभूता जात्याज्ञेयास्त एव ते” ॥***

આપ્રમાણે જેસલમેરમાં રાજ્યકર્તા ભાટી વર્ગ યાદવવંશી છે તેના અનેકાનેક પ્રમાણો આ ઉપરાંત પણ આપી શકાય એમ છે, પણ વિસ્તારભયથી તેમની ઉપેક્ષા કરવામાં આવે છે.

આપણું–ભાટિયાઓનું યાદવપણું તો જેસલમેરમાં રાજ્યકર્તા ભાટી વર્ગ યાદવ છે એમ સિદ્ધ થવાની સાથે સ્વતઃ સિદ્ધજ છે. વિપક્ષીઓ પણ એટલું તો જાણેજ છે કે ભાટીમાંથી ભાટિયા છે. જસાએ, ઠેઠ સં૦૧૪૪૫ માં લખેલ લેખમાં આ વાત સિદ્ધ કરી છે.

ડૉકટર કલાર્ક ( Dr. Clarke ) નામે તત્વજ્ઞાની મુસાફર

* બ્રાહ્મણ આદિ ચારે વર્ણમાં સમાન જાતીની અને શાસ્ત્ર વિધીથી પરણેલી એવી સ્ત્રીઓ થકી જેઓનો જન્મ પેઢીના અનુક્રમ પ્રમાણે થયલો હોય તેવાને અનુક્રમે તેમના માબાપની જાતના ગણવા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

લખે છે—"That by a proper attention to vestiges of ancient superstition, we are sometimes enabled to refer a whole people to their original ancesstors, with as much if not more certainly than by abstractions made upon their language; because the superstition is engrafted upon the stock but the language is liable to change.*"

આપણે પણ આપણા પહેરવેશ, પરાપૂર્વથી આમ થવું જોઇએ એવી વ્હેમ રૂપે રહિ ગયેલ કોઈ કોઈ રશમો અને ભાષા પ્રતિ નજર કરી જોઈએ કે ક્યાં મળતાપણું દેખાય છે? ટોડે ભાટી અને ભાટિયાણીઓનો પોશાક જે પ્રમાણે દીઠો છે તેની સાથેજ આપણે પ્રથમ આપણો પોશાક સરખાવીએ.

"The dress of the Bhatties consists of a Jamah or tunic of white cloth or chintz reaching to the knee; the cumerband or esinture tied so high as to present no appearance of waist; trowsers very loose and in many folds, drawn tight at the ancle and a turban generally of scarlet colour, rising conically full a foot from the head. A dagger stuck in the waist-band, a sheild is suspended by a thong of deer skin from the left shoulder,

* પુરાતન રહી ગયેલ વ્હેમોનાં અંકુરો પ્રતિ યથાર્થ ધ્યાન પહોંચાડવાથી, ઘણીવાર આખી જાતનું મૂળ તેમની ભાષાનું પૃથક્કરણ કરી જાણીએ, તેથી વધારે નહિં તો તેના જેટલુંજ જાણી શકીએ છીએ; કેમકે અમુક વ્હેમો જાતના વંશપરંપરાના સંસ્કારથી તેમનાપર કોતરાયલા જેવાં હોયછે, જ્યારે ભાષામાં ફેરફાર થઈ જવાનો સંભવ છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

and the sword is girt by a belt of the same material." અર્થાત:—"ભાટીઓ સફેત કપડાનો અથવા છીંટનો ગુંઠણ સુધી લાંબો જામો ( અંગરખો ) પહેરેછે. કમર-બંધ એટલો ઉંચો બાંધે છે કે કમરનો ભાગ બિલકુલ ઢંકાઈ જાયછે. પગનાં ગિરિયા પાસે કસકસતી ઘણી ટલીઓ વળેલ ઢીલી સૂરવાળ પહેરેછે, તેમની પાઘડી જે ઘણું કરી કસુંબી રંગની હોય છે, તે શંખાકારે લગભગ એક ફૂટ ઉંચી હોય છે. કમરમાં કટાર, પીંઠે હરણનાં ચામડાની ચર્મ બંધનીથી ડાબે ખભે ઢાલ બાંધેલી અને એવાજ ચામડાનાં પટાથી તલવાર લટકાવેલી હોય છે."

આજે આપણા યુવાનોએ જે પોશાક પહેર્યો છે તેની સાથે આ ઉપલા પોશાકને લેશપણ મળતાપણું નથી. આજકાલનો આપણો પોશાક, અંગ્રેજોનાં પોશાકમાં કેટલોક ફેરફાર કરી પાર-સીઓએ ધારણ કરેલ પોશાકની નકલ છે; એટલે મળતાપણું કયાંથી હોય? પણ આજે પણ, વૃદ્ધ ભાટિયા તેમજ સુભાગ્યે મુંબાઈનાં ઉચ્છૃંખલ સુધારાની હવાથી બચેલ, સ્વદેશ તરફ રહેલ ભાટિયાઓનાં પોશાકમાં જે મળતાપણું છે તે તરત ધ્યાનમાં આવે એટલું નિકટ છે. ઘેરવાળા, ઘુંટણની નીચે સુધી, અને પોંચાપર બાંયનાં સળવાળી ( ચૂડીઓ પેઠે ) જે અંગરખા પહેરેછે, તે જૂજ ફેરફાર બાદ્દે આબેહુબ ભાટીનાં જામા છે. હજી એવા જામા વિવાહ પ્રસંગે મુંબાઈમાં પહેર-વામાં આવેછે. પાગડી પણ લગભગ મળતીજ છે. માત્ર ઉંચાઈ કંઇક ઓછી થઈ છે તેને બદલે ચાંચ સ્પષ્ટ નીકળી આવી છે. ભેંઠ બાંધવાનો ચાલ નથી રહ્યો, પણ ઘણે પ્રસંગે ભેંઠ બાંધે છે ત્યારે એજ ઢબની બાંધેછે. કૈલાસસ્થ કચ્છાધિપતિ **રાઓ શ્રી દેશલજી**નાં દરબારની તસવીર જેણે જોઈ હશે, તેને તે સમયનાં ભાટિયાઓનાં પોશાકમાં કંઇપણ ફેરફાર નથી એમ ખાતરી થશે. અને **રાઓ શ્રી દેશલજી**નો સમય આ સૈકાની

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ભાટિયાઓની પ્રાચીન સ્થિતિ.



CH. PRESS.

ભાટીની પુરાતન તસ્વીર નો ઉતારો.

ભીતરનોજ છે. સૂરવાલ, ઢાલ, તલવાર અને કટાર તો આપણે રજપૂતાના મુકી આ તરફ આવ્યા ત્યારે મુકીજ આવ્યા છીએ. આ રીતે જેસલમેરનાં ભાટી અને આપણ ભાટિયાઓનાં પોશાકમાં મળતાપણું છે.

આ તો સ્વભાવિકજ છે કે, પુરૂષોનાં ચાલચલણ, આચારવિચાર, પોશાક ઇત્યાદિ દરેક વસ્તુમાં, સહવાસનાં અને દેશનાં ફેરફારનાં રંગનો પટ બેસતાં વાર લાગતી નથી. પણ સ્ત્રીઓ વિશેષે કરી આર્યસ્ત્રીઓ પુરાણી વસ્તુનો, સત્વર ત્યાગ, ક્વચિતજ કરતી જણાઈ છે. પાશ્ચાત્ય સુધારાનાં અનન્ય ઉપાસકો, પોતાને વળગેલ ભૂત, ઘણી મેહનતે પણ આર્યસ્ત્રીઓને હજુ સુધી વળગાડી શકયા નહિં તે આ પ્રકૃતિને લીધેજ. અને હજી પણ તેવા યત્ન આરંભનારનું યત્નફલ આકાશકુસુમવત્ દેખાયછે, પણ કરતલગત નથી થતું તેનું કારણ પણ અન્ય નથી. આથી કંઈ એમ નથી સમજવાનું કે સ્ત્રીઓને ફેરફારનો રંગ નથી બેસતો; બેસે છે, પણ પુરૂષો કરતાં ઘણો મોડો, અને તેમ છતાં પુરાણા સંસ્કાર બીજરૂપે રહી જાયછે. હવે આપણે સ્ત્રીઓનો પોશાક પણ સરખાવી જોઇએ કે તેમાં કંઈ વિશેષ મળતાપણું દેખાય છે.

"The dress of the Bhattianis which discriminates the sex, consists of *gagra* or petticoat extending to thirty feet in width, made genernally of the finer woolen, dyed a briliant red with a scarf of the same material. The grand ornament of the rich and poor, though varying in materials is the *choori* or rings of ivory with which they cover their arms from the shoulder to the wrist. They are in value from sixteen to


Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

thirty five rupees a set, and imported from Muska-Mandvi though they also manufacture them at Jessulmere. Silver kurris (massive rings or anclets) are worn by all classes, who deny themselves the necessaries of life until they attain this ornament." એટલે કે, "ભાટીયાણીઓ લાલચણુક રંગનો, ઘણું કરી ઉમદા પશમનો બનાવેલ પંદર ગજ ઘેરનો ઘાઘરો પ્હેરેછે. તે પર એજ જાતની લાલરંગની ઓઢણી હોય છે, ગરીબ અને તવંગરનું મુખ્ય ઘરેણું હાથીદાંતની ચુડિઓ, જે સોળથી પાંત્રીસ રૂપિઆ સુધીની હોય છે તે છે; અને તે પોંચાથી લગભગ કોણી સુધી પ્હેરી મુકે છે. જોકે જેસલમેરમાં પણ તે તૈયાર થાય છે છતાં મસ્કા માંડવી (કચ્છમાંડવી) થી તે મગાવવામાં આવે છે. દરેક વર્ગ રૂપાનાં કડલાં પહેરેછે, તે એટલે સુધી કે પેટે પાટા બાંધીને પણ પ્રથમ કડલાં ઘડાવે છે."

ફક્ત બે દાયકા પહેલાં આપણી સ્ત્રીઓનો પણ એજ પહેરવેશ હતો. આજે પણ આપણા કચ્છ કાઠિયાવાડ પ્રભૃતિ વતનમાં ઘાઘરા અને ઓઢણીનો પહેરવેશ છે. કચ્છમાંથી કડલાંનો ચાલ લગભગ નાબુદ થઈ ગયો છે, પણ કાઠીયાવાડમાં હજુ એ ચાલ છે. જોકે જેસલમેરની પઠે, હાથની કોણીથી પોંચા પર્યંત ચુડા નથી પેહેરાતા પણ મોટા ફેરનાં ચૂડા હજુ પણ ઘણે ભાગે પેરાય છે. કચ્છમાં માત્ર હમણાં હમણાંજ એ ચાલ બંધ થતો ચાલ્યો છે. મુંબાઈવાસી ભાટિયાણીઓનાં પોશાકમાં થઈ ગયેલ ફેરફારનું કારણ શું તે જરા જોઇએ. મુંબાઈની સ્ત્રીઓનાં પોશાકે જુદું રૂપ પકડયું તેનું પ્રથમ કારણ વલ્લભવંશની મહારાજોની સ્ત્રીઓનાં સંસર્ગનું છે. તૈલંગ દેશની સ્ત્રીઓ જે રીતે આખ્ખે શરીરે એકજ સાડી પહેરે છે, તે રીતે તેમને જોઈ સાડી પેહરવાનો ચાલ નીકળ્યો, એમ જે ઘણાંનું માનવું છે, તે ખોટું નથી. વાંસે વાંસેથી પારસણોની નકલ પણ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ભાટિયાઓની પ્રાચીન સ્થિતિ.



CH. PRESS

ભાટિયાણીની પુરાતન તસ્વીર નો ઉતારો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

થવા માંડી. ચુડલા પણ તૈલંગ દેશની સ્ત્રીઓ પહેરતી નથી તે દીઠું, અને વળી ઘણા ભાગને શ્રીમંતાઈએ કૃપા ન કર્યા છતાં અડોસપડોસની શ્રીમંતાઈની હવાથીજ સુકુમારપણું આવી એવું બાજ્યું, કે ચુડલો કરકમલને વ્યથા કરવા લાગ્યો. પ્રેમી પતિઓથી, પ્રિયતમાની વ્યથા સહન ન થઈ શકવાથી, કાચનાં કડકામાં સોહાગનાં સમાવેસનાં તેમનાં કાર્યને તેમણે અભિવંદ્યો. ચુડલો પણ ભારી પડે ત્યાં કડલા કાઢી નાંખવાનું કારણ શું ખોળવું હોય?

આથી લખનાર વગર વિચારે—ગુણાવગુણ જોયા વિના પુરાણી રસમનો પક્ષ કરવા બેઠો છે એમ સમજવું નહિં. દરેક વસ્તુમાં ગુણ અને અવગુણ બંન્ને, કુદરતી રીતેજ રહેલાં છે. આટલા માટેજ, વસ્તુ પોતે જાતે સારી અથવા નરતી નથી, પણ તેની ઉત્તમતા અધમતા તે વસ્તુનાં ગ્રાહકને લઈને છે એમ શિષ્ટો કહી ગયા છે. મ્હારો, આ જગોએ આ યા પેલી રશમનો ગુણાવગુણ બતાવવાનો યત્ન છેજ નહિં. એ તો લેખણી આવેશમાંને આવેશમાં ચાલી ગઈ. આજની સુધરેલી રશમોનાં અનુયાઇઓને, જો ખોટું લાગ્યું હોય તો તેમણે માફ કરવું, કેમકે લેખકની સ્વતંત્રતા લખતી વેળા લેખણી લઈલેછે, તે વાતને લખનારાજ જાણેછે.

એકાદ બે દાયકા પહેલાં આપણામાં, મારવાડીઓ પઠે છોકરાઓની લાંબી ચોટલીઓ ગુંથી ફૂલગણ નાંખી તાલા વગરની બે કટશની ટોપીઓ પહેરાવતા, તે ઘણાનાં ખ્યાલમાં હશે. અને કાનમાં તંગલતો ઠેઠ હમણા સુધી પણ કવચિત દીઠામાં આવતા.

આતો આપણે પોશાકનું સાદૃશ્યપણું જોયું. પણ એથી પણ વધારે એકતા આપણી સંસારિક રીતો, વિવાહ, સિમંત ઇત્યાદિ પ્રસંગનાં ગીતોમાંથી જણાઈ આવે છે. એકાદ નમુનો

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જોઇએ. અષ્ટમાસી સંસ્કાર* વેળા, શરૂઆતમાંજ સ્ત્રીઓ પ્રથમ આરંભ કરે છેઃ—

**શ્રીકૃષ્ણ! રૂકમણી ઈમ ભણે, લાખારસી ચુંદડીરે†**
**પિયુ મુજને ચુંદડીનાં કોડ લાખારસી—ધ્રુવ.**

( શ્રીકૃષ્ણ પુછેછે )

**કેશી રંગાવસુ ચુંદડી, લાખારસીરે;**
**કેશી ધલાવસુ ભાંત, લાખારસી ચુંદડીરે.**

( રૂકમણી ઉત્તર આપેછે )

**ઓંભી રંગાવો ચુંદડી, લાખા૦**
**ચોખલિયારી ભાંત**—ઇત્યાદી.

બ્રાહ્મણ, વાણીયા, લુવાણા, કોઇપણ જાત, આમ શ્રીકૃષ્ણને નામે ગીતનો આરંભ નથી કરતી, અને આપણે **ભાટિયાજ** કરીએ છીએ તે કંઇ વિનાકારણ હશે? આ પરથી સ્પષ્ટ થાય છે કે **ભાટિયા કૃષ્ણવંશીજ** છે. વળી આ ગીતમાં, "**કેશી રંગાવસુ,**" "**કેશી ધલાવસુ**" "**ઈમ ભણે**" ઇત્યાદિ જે પદો છે તે સાફ મારવાડી ભાષાનાંજ છે; વળી પસંદગી પણ લાલરંગનીજ છે. એટલે આપણે મારવાડમાંથીજ આવ્યા છીએ તે પણ સાફ જણાઈ આવે છે. આવું આ એકજ ગીત નથી પણ "**નવમે માસે કાના કુંવર જન્મ્યા**" ઈત્યાદિ, એવાં ઘણાં ગીતો છે. આપણે ભાટિયાજ—બીજી કોઈ જાત નહિ, "**કાના-કુંવર જન્મ્યા**" એમ ગાય છે, એથી પણ **ભાટિયા** કૃષ્ણ-વંશીજ છે, એ સૂચિત થાય છે. આમ દરેક પ્રસંગનાં ગીતોમાંથી આવા પુરાવા મળી આવશે.

ભાષાની સરખામણી માટે, આપણી અને જેસલમેરની ભાષાના નમુના પાસે રાખી, તુલના થઈ શકે, પણ તેમ કરવાથી એવો પૂર્વ પક્ષ થવા સંભવ છે, કે તે વખતની જેસલમે-

* અધરણી. † લાખના રસનાં રંગ જેવી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રની ભાષા, અને આજની ત્યાંનીજ ભાષામાં ફેર નથી થયો એમ કેમ કહેવાય? માટે અમુક ચીજોને જે નામે જેસલમેરમાં ઓળખવામાં આવે છે તેને આપણે કયે નામે ઓળખીએ છીએ તે જોવું વધારે સારૂં છે. કેમકે અમુક વસ્તુઓનાં નામ, જેનો વિદ્વાનોને ગ્રંથો લખવામાં ઘણો ખપ પડતો નથી, તે સ્વાભાવિક રીતેજ થોડું રૂપાંતર પામે છે. આવી તુલના માટે આપણે જેસલમેરના તોલ માપની રાજ્ય તરફથી પ્રસિદ્ધ થયેલ યાદીનેજ ટાંકીએ:—

"४० सेरका १ मन और पायली. ४ व माणी सेर ५ का सोभि अमरशाहि तोल १ से ३ सेर तक और गाम वारुमे पायली सेर ५ का पोकरन मूजब व तनोटमे टोपा सेर ८ का फलोधी मूजब है तथा पायली १६ की १ सेइ व (सोला) सेइकी कलसी जो अमरशाहि मन १२ की होगी बाहर गामोमे है." આમાં એક ટોપા શિવાયના **મણ, શેર, પાયલી, માણું (મણ), સઈ, કલસી,** ઈત્યાદિ માપના નામો એના એજ છે એમ બતાવવું પડશે નહિં. વળી માપનું કોષ્ટક પણ કયાંક મળતું છે તે પણ પ્રત્યક્ષ છે.

મારવાડના તવારીખનવિશ દેવીપ્રસાદે, જેસલમેરમાં ઘણે ભાગે પ્રચલિત વ્હેમોની જે ટીપ આપી છે તે ટીપ જોતાં, આપણા દેશનાં જૈફ માણસો, જેને આપણે વગર કેળવાયલાને નામે ઓળખીએ છીએ, તેઓ જે વ્હેમોને માને છે તેમાંના ઘણા વ્હેમોનું મળતાપણું દેખાઈ આવે છે. "× × × × × × × × ×
"मनुष्योसे अद्रष्टवस्ति गौल व मवे सींव बहवार मनुष्यु ज्युं है. बाजे बाजे मनुष्य तो इनोके गडायत है सो इनोको देखे और दिखायभि सकतें है. तथा दुनीआंमें भली बुरी बरतनेकी कहे ज्युं और दुसरे मनुष्योंपर छाया वादा वडावीओंका लगे तो तुर्त या मुद्दतमें बिमार होकर मरजावें सो उनसे मिलता है. कहेते है की उनका गडायत आकर फीणानां से उतारना कराके बचायभि लेता है. × × × ×

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

× × × गाम छोडीआकी सींवमे तो दिवालीके हीडे व ओलामें पाबुजीके थानपर दिवे और गाम नेडान कराली आवसीमें होली गेवाड दिखलाइ देवे है सो कहते हैं के मलीनाथकी होली जगाति है. चुनाचे ठंडाके पोकरने कहते है कि जिस साल होली ज्यादा होती है जमाना अच्छा व आराम रहेता है. फकीर सांग पोतेकी जबानसे अवाजे हुउ हुउहा हा सुननेसे दिवाना कुत्ता व शियाल नहि होता व तीडका अवसर नहि आता" × × × × × × × + × × × × × + ઈત્યાદિ.

આવી રીતે ભૂત પ્રેત ભુવા વિગેરેને ઘણા જેફ માણુસો માને છે, તે કોઈથી અજાણ્યું નથી. દિવાળી પ્રસંગે પાબુના થાન પર નહિં, તો ઘરના દ્વારપર અને દેવાલયોમાં દિવા મુકેછે. હોલીની જવાળા જોઈને, વરસ સારૂં અથવા નરતું થશે, એવું હજી પણ આપણામાં ઘણા લોકો કહેછે. ટીડનો ઉપદ્રવ ન થવા વિશે, આવોજ વ્હેમ આગળ કરી ખેડુતોને દિલાસો આપતાં ઘણા વૃદ્ધ માણુસોને મેં જોયાં છે.

આ પ્રમાણે આપણા પહેરવેશ, રસમો, ભાષા, વ્હેમ, પ્રભૃતિ ઘણી જગોએ મળતાપણું છે એ આપણે જોયું. હવે આપણા ભાટિયાઓનાં ભાટી–યાદવપણા માટે કંઈ ઐતિહાસિક પૂરાવા મળે છે કે નહિ તે તપાસીએ. મરૂ ભૂમિમાં વસતી, મૂળ ભાટિઓમાંથી નિકળેલ જાતોનું વર્ણન કરતાં કરનલ જેમ્સ ટોડે (Colonel James Tod) સાફ લખ્યું છે કે "Bhattiah is also one of the equestrian order, converted into the commercial and the exchange has been to his advantage." એટલે કે "ભાટીઆઓ પણ આ લડાયક વર્ગનાજ છે જેઓ વ્યાપારી વર્ગમાં બદલાઈ ગયા છે, અને આ પરિવર્તન તેમના લાભનોજ થયો છે." જેસલમેરના ભાટી, જેઓએ આપણી પડે ક્ષત્રીપણું મુકી વૈશ્યપણું સ્વીકારી તુખો બાંધી નથી, તેઓ આપણા ભાટિયાઓના મૂળ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ભાટીપણા અને ભાઇપિણાનો અદ્યાપિ નિર્સંકોચે સ્વીકાર કરેછે. જેસલમેરના માજી દિવાન નથમલે જેસલમેરની જે તવારીખ પ્રસિદ્ધ કરી છે તેમાં આ પ્રમાણે લખેલું છે:—

"१०८ वा राव तणुजि तनवट थान पाट बेठा संवत ८६२ इणके छठे कंवर जामके वंशका भाटिया हुवा जो साहुकारामें लायक है." તાત્પર્ય કે, ૧૦૮ મો રાવ તણુજી તનવટમાં* ગાદિએ બેઠો સવંત ૮૬૨. એના (તણુજીના) છઠા કુંવર જામના વંશમાંથી ભાટિયા થયા જેઓ વ્યાપારી તરીકે મશહુર છે. એજ તવારીખમાં જેસલમેર રાજ્યમાં વસતી જેટલી જાતો મૂળ ભાટી છે, તેનું વર્ણન કર્યું છે ત્યાં પણ સાફ લખ્યું છે:—"भाटी राव श्री तणुजीके छठे कंवर जामके वंशका भाटिया महाजन आगे यहां २७०० थे अब १२५ हैं मगर सिंध, कच्छ, बम्बइमें हजारो घर बडेहि द्रव्य पात्र व सावकारोमे नामीग्रामी हैं × × × × याने भाटीवंशसे यह कोम पैदा हुइ है." એટલે કે, "ભાટી રાવ શ્રી તણુજીના છઠા કુંવર જામનાં વંશનાં ભાટયા વેપારીઓનાં અગાઉ અહિં ૨૭૦૦ ઘર હતાં; હમણા ૧૨૫ છે, પણ સિંધ, કચ્છ અને મુંબઇમાં હજારો ઘર બહુ દ્રવ્યપાત્ર અને વ્યાપારી વર્ગમાં બહુ નામધારી શહેરીઓ છે × × × × એટલે કે ભાટી વંશમાંથી આ જાત પેદા થઈ છે.'

જેઠાનંદે પ્રગટ કરાવેલ યાદિ જેનો આપણે પ્રસ્તાવ બીજામાં ઉલ્લેખ કર્યો છે; તે જો આખીને આખી કાયમ રહી હોત, તો આજે કેટલું બધુ અજવાળું થાત? પરંતુ આપણા દુર્દૈવથી તે નહિ જેવીજ છે. બારોટના વંશજો પાસેથી એ યાદિની માંગણી કરી, અને તેણે જાણ્યું કે હું એ યાદિ લેવા ઘણો આતુર છું ત્યારે

* આ વેળાએ જેસલમેર હજુ વસ્યું નહોતું. તણવટ નામે શહેર ભાટીઓની રાજધાની હતી.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તો તેણે કોણુ જાણે શા કારણુથી એ આપવાની ધસીને નાપાડી. ઉતારો પણુ બે ચાર રૂપિયાની લાલચ આપી અનુનય કર્યો તેમજ મોટી મોટી આશા આપી ત્યારેજ કરવા દીધો. અમદાવાદી જેવાં મોટા દશ પાનાના અડધીઆ પર તે લખાયલી હતી. સાંચવણુ વગર પડી રહેવાથી તે ઉપાડતાંજ ગરી પડે એવી હાલતમાં આવી ગઈ હતી. પ્રથમ મેં આદિથી અંતસૂધી જ્યાં વાંચી શકાઇ ત્યાં વાંચ્યું તો મને જણાયું કે, તુખો બાંધતી વેળા ૪૯ પેઢીની જે ગણુના કરવામાં આવેલ તેનીજ એ યાદી હતી. બારોટ પોતાની અને ગામનાં એક બીજા વૃદ્ધ બ્રાહ્મણુની મદદથી તેમાંનો થોડો ભાગ જે પ્રમાણે ઉકેલી શકાયો, તે જેમનો તેમ નીચે ઉતાર્યો છે. × × × **श्री** × × × ( દોઢ લીટી નથી ) **श्री आदीदेवकों नमस्कार कराहां न्यारी न्यारी पेढी** × × × ( આઠેક લાઇન ન દેખાઇ ) **गणना करी जे थान मुलता** × × × × ( લગભગ પાનું અડધું વંચાયું નહિ ) **आगया माथेघ** × × ( અર્ધી લાઇન નથી ) **करीहै. पुतरी पुतर व्याहनकी सरलता हेतु आसर नुखी वीजेराबू जेठानंद भायाकी आरदलीमे खरीता** × × × (લાઇન ત્રણુ નથી) **वाकफ होणो चाहीजे** × × × × **श्री शीव** × × × **राय गाजरीआ राय हरीआ तीजा राय सप्पट चोथा राय** × × ×

પૃષ્ઠ ૧લું સમાપ્ત.

× × × × "**य रामीआ,**" ( અહિં જે પ્રમાણે જસાએ પેઢીનો અનુક્રમ આપ્યો છે તેજ પ્રમાણે આગળ પાછળનો સંબંધ જોતાં હોવો જોઇએ એમ જણુાય છે. જોકે વાંચતા વાંચતા ઘણો ખરો ભાગ ઉકેલાયો નહિ ) ××× **राय हरीआकी** × × × × **भट्ट.**

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આ આખી યાદિમાં જે ભાગ આપણે ઉતાર્યો છે તેથી વધારે સારો બીજો ભાગ નથી. આવો સંબંધ વગરનો આ લેખ ઉતારી વાંચનાર વર્ગને કંટાળો આપવાનું નાદુરસ્ત ધારી બાકીનો ભાગ પડતો મુકવામાં આવેછે. આટલા ઉતારા ઉપરથી પણ સમજી શકાયછે કે, આપણે રાવ તણુજીના વંશમાંથી છઈએ એમાં શક નથી. વળી આપરથી એક બીજું અજવાળું એ પડે છે કે, જેમ ઠક્કર ચતુર્ભુજ વાલજીએ લખ્યુંછે તેમ, આસર નામે કોઈ જુદી નુખ ન હોવી જોઈએ. પણ રાય હુરીઆની નુખમાંથી તે થઈ હોવી જોઈએ; કેમકે જેઠાનંદ પોતાને આસર નુખોદ્ભવ લખેછે છતાં આ ખુરશીનામામાં એણે પોતાને હુરીઆ નુખમાં ગણ્યોછે. તેમજ વંશાવળીમાં આસરરાયનું નામ પણ આવેલુંછે, જે ઉપરથી આસર વંશીઓ કહેવાયા હોય એ સંભવીત છે.

પ્રિય વાંચનાર બંધુ! આ રીતે, ઈતિહાસો, આપણા આચાર વિચાર, રીત ભાત, પહેરવેશ, ભાષા ઈત્યાદિ પરથી, **આપણું મૂળ યદુવંશ–કૃષ્ણવંશી–ભાટીપણું નિસંદેહે પ્રમાણિત થાય છે તે તેં જોયું.** જસોતો કદાચ કુળકથા લખવા ભાટિયાઓ તરફથી નિયુક્ત થયો હતો, પણ ટોડ સાહેબ કે દિવાન નથમલને તો આપણે ભાટપણું કે પુરોહિતપણું આપવાની લાલચ આપી નહોતી. એમણે ઘણી શોધને પરિણામે જે ખરૂં જણાયું તેજ નિષ્પક્ષપાતપણે લખ્યું છે; એમાં તો ગમે તેવા દુરાગ્રહીથી પણ આનાકાની કરાય એમ નથી. છતાં કોઈ સ્વાર્થી પોતાના પેટને ખાતર, કે પોતાની કોઇપણ જાતની સત્તા ભાટિયાઓપર છે એવી વૃથા સમજણથી, આમ માની લીધેલ સત્તાને નિરંકુશિત કરવા, પોતાના અજ્ઞાનપણામાં, ખરો માર્ગ તજી ખોટો માર્ગ લઈ અન્ય ઉપાયને અભાવે આપણે ભાટિયા કૃષ્ણવંશી ભાટી નથી એમ કહે તો તેથી સ્પષ્ટ રીતે તેનું અજ્ઞાનપણું, અને જેથી પ્રાયશઃ આડે માર્ગે જવા રૂપ પાપાચરણ થાય છે એવી સ્વાર્થવૃત્તિ જણાઈ આવે છે. આવાં સ્વાર્થી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અને દુરાગ્રહી લોકોનાં મ્હોઢાં બંધ કરવાનો સરળ ઉપાય માત્ર એકજ છે, અને તે એ કે તેમના બોલ્યાની કોઈએ દરકાર કરવી નહિ.

ભાટિયાઓ મૂળ **ભાટીજ** છે, એટલે ભાટીની પ્રાચીન તવારિખ એજ ભાટિયાઓની—આપણી પ્રાચીન તવારીખ છે. **ભાટિયાઓની** સવિસ્તર તવારીખ જાણવાના આકાંક્ષુએ જેસલમેરની પ્રાચીન તવારીખ જોવી. અહિંતો જરૂર જેટલો સાર માત્ર આપીએ છીએ; કાંકે જ્યાં આપણા ભૂતકાળના સવિસ્તર મોટાં મોટાં ઇતિહાસો વિદ્યમાન છે, ત્યાં તે વિષે મારા જેવાએ નવું શું લખવાનું હોય?

**श्री नारायण**ની નાભી કમળથી **ब्रह्मा** થયા. બ્રહ્માના **અ**ત્રી, એમ ઉત્તરોત્તર જે કીર્તિશાળી **ચંદ્રવંશી** રાજાઓ થયા, તેનો અનુક્રમ જે પ્રમાણે શ્રીમદ્ **ભાગવત**માં આવ્યો છે તે નીચે ઉતારીએ છીએ.

३ अत्री
|
४ चंद्रमा
|
५ बुध
|
६ पूरुरवा
|
७ आयु
|
८ नहुष
|
९ ययाति
|
१० यदु (आ यदुना नाम परथी यदुवंश कहेवायो.)
|

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

११ क्रोष्टा
|
१२ वृजिनवान
|
१३ श्वाहहि
|
१४ रुषेकु
|
१५ चित्ररथ
|
१६ शशबिंदु
|
१७ पुश्रवा
|
१८ धर्म
|
१९ उष्णा
|
२० रुपक
|
२१ ज्यामध
|
२२ विदर्भ
|
२३ क्रुत
|
२४ कुंति
|
२५ वृष्णी
|
२६ निवृति
|
२७ दशार्ह
|

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

२८ व्योम
|
२९ जीमूत
|
३० विकृति
|
३१ भीमरथ
|
३२ नवरथ
|
३३ दशरथ
|
३४ शकुनी
|
३५ करंभी
|
३६ देवरात
|
३७ देवक्षम
|
३८ मधु (आ नाम परथी श्रीकृष्णने माधव पण कहे छे.)
|
३९ कुरुवश
|
४० अनु
|
४१ पुरुहोम
|
४२ आयु
|
४३ सात्वत
|
४४ वृष्णि (आ नाम परथी वृष्णिवंशी कहेवाय छे.)
|

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૪૫ चित्ररथ
|
૪૬ विदुरथ
|
૪૭ शूर
|
૪૮ भजमान
|
૪૯ शिनि
|
૫૦ स्वयंभोज
|
૫૧ हृदिक
|
૫૨ देवमीढ
|
૫૩ शूरसेन
|
૫૪ वसुदेव
|
૫૫ श्रीकृष्ण परमात्मा

સતયુગથી તે કલિના આરંભ સુધી, એટલે સત્ય, ત્રેતા, અને દ્વાપર યુગના સંધ્યા અને સંધ્યાંશ શીખે ૩,૮૮૮,૦૦૦* વર્ષમાં ચંદ્રવંશના ફક્ત ૫૫ રાજા થયા એ વાત અશ્રદ્ધાળુને તો શું, પણ શ્રદ્ધાળુને પણ અસંભવિત લાગે એમાં નવાઈ નથી. પરંતુ ત્રણ યુગમાં માત્ર ૫૫ જ રાજા થયા એમ વાત છેજ

* दैवे राव्यहनी वर्षं प्रविभागस्तयोः पुनः ।
अहस्तत्रोदगयनं रात्रिः स्याद्दक्षिणायनम् ॥
चत्वार्याहुः सहस्राणि वर्षाणां तु कृतं युगम् ।
तस्य तावच्छती संध्या संध्यांशश्च तथाविधः ॥
इतरेषु ससंध्येषु ससंध्यांशेषु च त्रिषु ।
एकोपायेन वर्तन्ते सहस्राणि शतानि च ॥

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નહિ. જેમને સત્ય જાણુવાની આકાંક્ષા છે, તેમને હું પુછું છું કે, આવી નાના બાળકો પણ જોઈ શકે એવી અસંભવિત વાતો જેમાં લખી હોય તેવા ગ્રંથોને આજે લાખો વરસ થયા, આ આર્યાવર્તના મનુષ્યો કેમ માન આપે? પૂર્વાપર સંબંધ જોયા વિના ગમે તેમ કહેવા સૌ મુખ્ત્યાર છે, બાકી શ્રી વ્યાસ દેવે તો શ્રીમદ્ ભાગવતના નવમા અધ્યાયમાં સોમવંશનું વર્ણન કરતાં પ્રારંભમાંજ કહ્યું છે કે:—

"अथातः श्रूयतां राजन् वंशः सोमस्य पावनः ।
यस्मिन्नैलादयो भूपाः कीर्त्यंते पुण्यकीर्त्तयः" ॥

"હે રાજા ચંદ્રમાંનો પવિત્ર વંશ સાંભળો. જે વંશ વિષે પવિત્ર કીર્તિવાળા ( પુરૂરવા વિગેરે ) રાજાઓના ચરિત્ર કહેવામાં આવશે."

આ પરથી શું એમ નથી સમજાતું કે સોમવંશના સઘળાજ રાજાઓની આ વંશાવળી નથી, પણ જેઓ વિશેષ કીર્તિશાળી થયા તેઓનાંજ નામ છે. આમ, આ વાતને ગપ કે અસંભવિત માનવાનું કારણ નથી.

પુરાણોમાં શ્રીનારાયણથી તે શ્રીકૃષ્ણ ભગવાન સુધીના કીર્તિશાળી રાજાઓનાં શ્રવણ યોગ્ય ચરિત્રોનું વર્ણન છે એ આર્ય માત્રથી અજાણ્યું નથી. જે કાર્ય સાધવા માટે વિષ્ણુનો કૃષ્ણરૂપે આવિર્ભાવ થયો હતો, તે કાર્ય મહાભારતના રોમહર્ષણ યુદ્ધથી લગભગ સધાઈ રહ્યું હતું. સ્વધામમાં જવા પહેલાં શ્રીકૃષ્ણે હજુ કાંઈ બાકી રહી જાય છે યા નહિં, તેનો વિચાર કરતાં જોયું કે મારા પોતાનાજ વંશના ઘણા યુવાનો ઉચ્છૃંખલ થઈ સ્વેચ્છાચારી થવા લાગ્યા છે. આમને પરાસ્ત કરવા ભૂમંડળમાં કોઈ વિદ્યમાન ન રહેવાથી સમય જતાં એઓ મહા અનર્થ કરવા માંડશે, આવા ઉદ્દેશથી શ્રીકૃષ્ણે યાદવાસ્થળી થવા દીધી—થવાનું કારણ ઉત્પન્ન કર્યું, એમ મહાભારત ઈત્યાદિ પ્રાચીન ઇતિહાસોમાં પ્રસિદ્ધ છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શ્રીકૃષ્ણ, પ્રભાસમાં યાદવોનો પરસ્પરમાં લડી સંહાર થઈ રહ્યા પછી, ત્રણે લોકની સ્થિતિ અને સંદેહ નિરાકરણાર્થે નિયમિત મૃત્યુને અધીન થવાના અભિલાષી થઈ, ઇન્દ્રિયનિરોધ રૂપી મહાયોગ અવલંબન કરી, પીપળાના ઝાડનીચે સૂતા. જરા નામે મૃગયાભિલાષી વ્યાધ*, યોગ યુક્ત માધવને મૃગભ્રમથી દૂરથીજ વિદ્ધ કરી પકડવા માટે નજીક ગયો તો પિતામ્બરધારી ગોવિંદને દીઠા. ભયથી અત્યંત ધ્રુજતા પારધીએ શ્રીકૃષ્ણના ચરણારવિંદ ધારણા કરી ક્ષમાયાચના કરી. શ્રીકૃષ્ણે તેનું આશ્વાસન † કરીને જડ શરીર ત્યજી દીધું.

શ્રીકૃષ્ણના સારથી દારૂકે હસ્તિનાપુરમાં જઈને પાંડવોને યદુકુળ નાશ થયાના સમાચાર કહ્યા. યુધિષ્ઠિરાદિ પાંડવો આ સમાચારથી અત્યંત શોકસંતપ્ત થઈ તે સમયને યોગ્ય કર્તવ્યનો પણ વિચાર કરવાને અસમર્થ થયા હોય એવા શ્રીરહિત જણાયા; તેમનામાંથી જાણે શક્તિજ હરાઈ ગઈ હોયને. આ દારૂણ ખબરથી નિસ્તેજ થયેલા માધવના પ્રિય સખા અર્જુને, યુધિષ્ઠિરની આજ્ઞા લઈ શ્રીકૃષ્ણના પોતાપર થયેલ અનંત ઉપકારોને સ્મરી, તેના પરિવારને આશ્વાસન અને આશ્રય આપવા માટે દારૂક સાથે દ્વારીકા પ્રયાણ કર્યું.

દ્વારીકામાં જઈને અર્જુને જોયું તો દ્વારીકા નગરીની શોભા નષ્ટ થઈ ગઈ હતી. યાદવોની નાથ રહિત અનાથ સ્ત્રીઓ માધવના સખા અર્જુનને આવેલા જોઈ અત્યંત કરૂણ સ્વરથી રોદન કરવા લાગી. જે વીર, ભારતના યુદ્ધમાં ઇષ્ટ બંધુ બાંધવો અને પુત્રોના પોતાની સન્મુખ હણાયાથી પણ, લેશ માત્ર પણ વિચલિત નહોતો થયો, તે વીર બિભત્સુ, આ વેળાએ, હા પતી હા પુત્ર! ઈત્યાદિ ઈષ્ટ સંબંધીઓનાં નામોચ્ચાર કરી કરી વિલપંતી યાદવ સ્ત્રીઓનાં નયનાશ્રુ જોઈ, અશ્રુ ખાળી શકયો નહિં.

---

* પારધી. † દિલાસો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સમયને યોગ્ય જે કર્તવ્ય હતું તે સમાપ્ત કરી શ્રીકૃષ્ણની છેલી ઇચ્છાનુસાર તેના પરિવાર સહિત પ્રપૌત્ર વજ્રનાભને આગળ કરી દ્વારીકાનો ત્યાગ કર્યો. જ્યારે કેટલીક મજલે આ કાફલો આભિર-દેશમાં * આવી પહોંચ્યો, ત્યારે ત્યાંનાં ચોરવૃત્તિજીવી આભિર લોકોએ અર્જુનને એકલો ને શ્રીરહિત જોઈ તેનાપર હુમલો કર્યો. મનુષ્ય બળવાન નથી કાળ બળવાન છે. ભારતનો અદ્વિતીય યોદ્ધો તે વેળા તેમને સર્વ ભાવે નિવારણ કરવા અસમર્થ થયો.

ત્યાંથી આગળ ચાલી અર્જુને કૃતવર્માના પુત્રને અને ભોજની સ્ત્રીઓને માર્તિકાવત્ નગરમાં સ્થાપ્યાં; સત્યકનંદન યુયુધાનના પુત્રને સરસ્વતિના પ્રદેશનું રાજ્ય પ્રદાન કરી, વજ્રનાભને ઇન્દ્રપ્રસ્થનું રાજ્ય આપ્યું. વજ્રનાભે ઘણો અનુનય કર્યા છતાં, રૂકમણી, હેમવતી અને જામ્બુવતીએ અગ્નિપ્રવેશ કર્યો; અને સત્યભામાદિ અન્ય સ્ત્રિઓએ, તપશ્ચર્યા કરવા વનમાં પ્રવેશ કર્યો.

આ સર્વ ઘટનાં વેળા સામ્બાત્મજ ઉષ્ણિક પોતાને મોશાળ મિસરમાં હતો. બાણાસુરને પેટે કંઇ સંતાન ન હોવાથી કૌભાંડ નામે તેના ભાઈ અને મંત્રીને રાજ્ય મળ્યું. ઉષ્ણિક, કૌભાંડની પુત્રી રમાનાં ગર્ભથી સામ્બને ઔરસે જન્મ્યો હતો. કૌભાંડને પણ પુત્રસંતતિ ન થવાથી અને આ યાદવાસ્થળી રૂપી દુર્ઘટનાનાં સમાચાર મળ્યાથી, ઉષ્ણિકને ત્યાંજ રાખ્યો અને રાજ્યપ્રદાન કર્યું. † જે ગજ નામે રાજાએ ગિઝની વસાવ્યાનું ટોડના રાજસ્થાનમાં સુખધર્માની તવારીખને આધારે લખેલું છે, તે આજ ઉષ્ણિકના વંશમાં થયો હતો. જ્યારે વજ્રનાભની ઇન્દ્રપ્રસ્થની ગાદીપર પ્રતિષ્ઠા કરવામાં આવી ત્યારે

---

* श्रीकोङ्कणादधोभागे तापीतःपश्चिमे परे।
आभिरदेशो देवेशि विन्ध्यशैलव्यवस्थितः॥

† મિસરમાં આર્યજાતિના શિલ્પને મળતાં દેવમંદિરોના પ્રાચીન ખંડેરો અને શિવલિંગ હજી પણ મળી આવેછે. (જુઓ. B. A. S. researches.)

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જાંબુવતીના પરીવારને તેમના મોશાળનું માણસ જંબુ લઈ ગયાનું પણ ઇતિહાસોપરથી સાબિત થયું છે.

વજ્રનાભની પછી ઇન્દ્રપ્રસ્થની ગાદીપર ઉત્તરોત્તર જે રાજા થયા તેનો અનુક્રમ, સુખધર્માએ ભેળસેળ કરી, એવો કરી મુકયો છે કે, નિઃસંશય વંશાવળી કાડવી અશકય નહિં તો અત્યંત કષ્ટસાધ્ય તો છેજ, એમ આપણે આગળ લખી ચુકયા છીએ. આવું છતાં ઇતિહાસવેત્તાઓ એટલું તો નિઃસંદેહે પુરવાર કરી શકયા છે કે યુધિષ્ઠિર વર્ષ ૨૭૫૦ એટલે વિક્રમ સંવત પહેલાં લગભગ ૩૦૦ વર્ષપર વજ્રનાભથી ૮૨ મા રાજા જયસિંહની, બિયાની નામે શહેર જે હાલ ભરતપુર રાજ્યના તાબામાં છે તે રાજધાની હતી. ઇન્દ્રપ્રસ્થ મુકી બિયાનીમાં કયારે રાજધાની થઈ તે જાણવાના સબળ સાધન નથી; પણ એટલું તો ચોકસ છે કે વજ્રનાભના વંશજો, આ શહેર દુશ્મનોએ જીતી લીધાથીજ *મરૂસ્થલીમાં ગયા.†

જયસિંહના જેષ્ટપુત્ર વિજયપાળે બિયાની છુટી ગયા પછી કરેલીમાં, પોતાના સમુદાયને લઇ રાજ્ય કરવા માંડયું. યાદવવંશીઓ હજી પણ કરેલીવાળાને મુખ્ય પદ આપેછે.‡ કરેલી પછી અનુક્રમે તનવટ, દેરાવલ, અને લોડરવા એ તેમની રાજધાની હતી. દુસાજીનો પુત્ર જેસલ જ્યારે રાજ્ય સત્તાપર આવ્યો ત્યારે એને લોડરવા સુરક્ષિત ન જણાયાથી લોડરવાથી પાંચકોશ દુર પહાડી જગ્યામાં જેસલમેર વસાવ્યું સંવત ૧૨૧૨ શ્રાવણ શુદી ૧૨ ને રવેઉ. આ જેસલ પછીની જેસલમેરની તવારીખ છે તે બિલકુલ સંદેહ વગરની ને યથાર્થ છે. જેસલના બે પુત્રો હતા કલ્યાણસિંહ અને સાલબાન તેમાં સાલબાન ગાદીપર બેઠો. કલ્યાણસિંહને પિતાએ દેશવટું આપ્યું, વાંસેથી સાલબાનનો વંશ ઉચ્છિન્ન થતાં, સચિવોએ કલ્યાણસિંહને મનાવી જેસલમેરની ગાદીપર અભિષેક કર્યો સંવત ૧૨૫૬

* મારવાડ. † જુઓ વિજયરાસો. ‡ જુઓ ટોડ રાજસ્થાન Vol. I.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કલ્યાણસિંહને છ પુત્રો હતાં, ચચિકદેવ, લવણસેન, જયચંદ, પીતમસિંહ, પ્રતાપચંદ, અને અસરાવ. કલ્યાણસિંહ પછી ચચિકદેવ ગાદીએ બેઠો. ચચિકદેવનો તેજરાવ. તેજરાવના બેપુત્ર, જેતસિહ અને કરણ. તેજરાવે નાના કુંવર કરણનો અભિષેક કર્યો જેથી રીસાઇને જેતસિંહ ગુજરાતમાં જઈ મુસલમાન પાદશાહની નોકરીમાં રહ્યો. કરણપછી તેનો પુત્ર લખણસેન સંવત ૧૩૨૭ માં ગાદીએ બેઠો. લખણસેન પછી તેનો પુત્ર પુનપાળ ગાદીએ આવ્યો. આ પુનપાળ અત્યંત ક્રોધી અને જેરીલો હોવાથી, ભાયાતો પટાવતો અને ઉમરાવોએ તેને પદભ્રષ્ટ કરી, જેતસિંહ, જે ગુજરાતમાં જતો રહ્યો હતો તેને મનાવી લાવી ગાદીએ બેસાડયો સંવત ૧૩૩૨. જેતસિંહના બે પુત્ર મુળરાજ અને રતનસી. મુળરાજનો દેવરાજ. દેવરાજના, જાંગો, સિરવણ, અને હમીર. હમીર ઘણો બહાદુર અને પ્રખ્યાત લડવૈયો હતો.

અલાઉદીન ખિલજી જે ઇતિહાસમાં ખુનીને નામે મશહુરછે તે આ સમયે દિલ્હીના તખ્તપર હતો.* નગરઠઠ્ઠા અને મુલ્તાનની ચોથ લઈ બાદશાહના માણસો દિલ્હિ તરફ જતાં રસ્તામાં બખ્ખરમાં મુકામ કરી પડયા હતાં. જેતસિંહના પુત્રોના સાંભળવામાં આ વાત આવી. ૭૦૦૦ ઘોડું અને ૧૨૦૦ ઊંટ લઈ હમીરે બાદશાહના માણસોપર છાપો માર્યો અને ખજાનો લુંટી લીધો. અલાઉદીનને આવાતની જાણ થતાં તેને અત્યંત

* અલાઉદ્દીન ઇ. સ. ૧૨૯૫. થી ઈ. સ. ૧૩૧૬. આ સમય જલાલુદ્દિન ખિલજી ગાદીપર હતો. પણ એજ વર્ષમાં તેનું ખુન કરી અલ્લાઉદ્દીન, રાજ્ય સતા પોતાને હાથ કરી રહ્યો હતો, પણ ગાદીપર બેઠો નહોતો, જલાલુદ્દીનના વાંસલા વખતમાં રાજ્યસતા અલાઉદ્દીનના હાથમાં હતી એમ કહીએ તોપણ ચાલે. જેથી દૂરના માણસો સ્વાભાવિક રીતેજ સમજે કે અલાઉદ્દીનજ બાદશાહ છે. બાકી વાસ્તવિક રીતે જેસલમેરપર હલ્લો થયો તે સમય જલાલુદ્દીનના રાજ્યનાં સમયનો અંત અને અલાઉદ્દીનના રાજ્યનાં સમયનો ઉદય એમ બનેં વચેનો સંધિકાળ હતો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ક્રોધ ચડયો અને નબાબ્ મહેબુખાં અને આદિલખાનને ૧૦૦૦૦ ઘોડું અને ૫૦૦૦ પાયદળ આપી સત્વર જેસલમેરપર ચઢી જવા હુકમ કર્યો સવંત ૧૩૫૦. * આજ વર્ષમાં મુળરાજ ત્રીજો તરતનોજ જેસલમેરની ગાદીપર આવ્યો હતો. જેસલમેરની તવારીખમાં લખ્યા પ્રમાણે બાદશાહનું લશ્કર આઠ વર્ષ જેસલ-મેર ફતેહ કરી શકયું નહિં. આ વાતને ઘડીભર અતિશયોકિત માનીએ તોપણ આટલું તોનિસંદેહછે કે આ ઘેરો લગભગ બાર મહિનાસૂધી રહ્યો. અને આવાતને ઇતિહાસોથી પણ પુષ્ટી મળેછે

અંતે જ્યારે જેસલમેરના કિલ્લામાં ખોરાકની તાણ પડી અને મૂળરાજે જોયું કે હવે વધારે સમય આ સ્થિતિમાં દુષ્મનોનો અવરોધ કરી શકાય એમ નથી, ત્યારે તેણે મુખ્ય મુખ્ય પટા-વતો, ભાયાતો અને સાંમતોને એકઠા કરી કહ્યું:—"હે વીર વર બાંધવ ગણ અને સરદારો! આપણે સઘળા જાણીએ છીએ કે જય અને પરાજય એ ઇશ્વરાધીન છે. મનુષ્ય સાધ્ય પરા-ક્રમથી તમે સઘળાઓએ આટલો સમય દુષ્મનોને તિલમાત્ર પણ નમ્યું ન આપી જેસલમેરનું રક્ષણ કર્યું તે માટે હાલ ધન્યવાદ શિવાય બીજી રીતે નવાજેશ કરી શકું એવા સંજો-ગોમાં હું નથી. તે માટે તમારા બળવડે બળવાન આ તમારા રાજાના ધન્યવાદનો સ્વીકાર કરશો. મારે અત્યંત ખેદયુક્ત ચિત્તે પણ તમો સઘળા વીરોને જણાવ્યા વગર છુટકો નથી કે આપણા ખોરાકનો સંગ્રહ નિઃશેષપ્રાય થયોછે. અન્ન-વિના મનુષ્ય શીરીતે લડી શકે. લગભગ એકાદ બે દહાડા ચાલે એટલુંજ અન્ન અવશેષ છે. હવે નીતિને તેમજ સંજો-ગોને ઉચિત જે કર્તવ્ય હોય તે સુચવશો." મૂળરાજ શાંત થયો કે સભામાં, મુખ્ય શાહિરસિંહ નામે સરદાર ઉભો થયો, અને બોલ્યો:–"રાજાધિરાજ! સામંતનો મંત્ર અંત સૂધી લડવા

* જુઓ. મહમદ કાશમનું ફેરિસ્તા હિજરી સન ૬૯૪ માં અલા-ઉદ્દીનેજ જેસલમેરપર સવારી કરી.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સિવાય બીજો હોઈ શકે નહિં. મને તો આ સમે સર્વથા ***સાકો** થવો ઉચિત જણાય છે, કેમકે આ આંખોની સામે સઘળું ધૂળધાણી થતું જોવા મારી ઈચ્છા નથી; ઉપરાંતપણ રાજાજ્ઞા શિરોધાર્યછે." એના બોલી રહ્યા પછી ભાયાતોમાં જૈફ અને અનુભવી વિક્રમસિંહ તરફ સર્વની નજર ગઈ. તેઓ બોલ્યા:– શાહિરસિંહે જે કહ્યું છે તે રજપૂત જનનીને સર્વથા શોભાવનારૂંજ કહ્યું છે. જેસલમેરની ભૂમી એવા પુત્ર રત્નોથીજ પુત્રવતીછે. પણ જ્યારે રાજાજ્ઞાનોવિચાર કરૂંછુ ત્યારે સમજાય છે કે નીતિ યુક્ત મંત્રણા થવી મહારાવલને ઉચિત જણાઇ છે. અને તે એક રીતે વાજબી પણછે. એટલા માટે મને તો લાગે છે કે, વૃદ્ધ તેમજ કિશોર વયના સ્ત્રી પુરૂષોને કોઈપણ યુક્તિથી સુરક્ષિત અન્ય સ્થળે રાતને સમયે મોકલી દેવા અને જેમને યુદ્ધમાં કેશરીઆ કરવા હોય તેમના કુટુમ્બને આપણી પરાપૂર્વની રીત પ્રમાણે અગ્નિને સોંપવા." વાહવાહના પોકારથી સભા સ્થળ ગાજી રહ્યું. મહારાવલ મૂળરાજને પણ એ મંત્રણા યોગ્ય જણાઈ. તેણે નાહારસિંહ, નવલસિંહ, જેઠમલ, જોધરાજ, પ્રભૃતિ ભાયાતોને બળાત્કારે સમજાવી વૃદ્ધ અને કિશોર સ્ત્રી પુરૂષોને, તેમનાં પોતાના કુટુમ્બસાથે જેસલમેરથી બહાર અન્ય સુરક્ષિત સ્થળે લઈ જવાનું કાર્ય કરવા મંજુર કરાવ્યું. આ મસલત પ્રમાણે આસરે ૫૦૦૦ સ્ત્રી પુરૂષો મધ્ય રાત્રે જેસલમેરમુકી પૂર્વોત્તર પ્રદેશ તરફ રવાને થયા અને ઈશ્વરની અનુકુળ ઈચ્છાથી દુશ્મનો ન જાણે તેમ નિર્વિઘ્ને નીકળી ગયાં.

બાકી રહેલા વીર પુરૂષોએ આખી રાત્રી "**यों प्रातसूर बंछइ ज्यों चक्क चक्कीय रवी बंछे**" તેમ પ્રાતઃકાળની રાહ જોવામાં ઘણે કષ્ટે વ્યતિત કરી. પ્રાતઃકાળ થતાંજ રાજગઢમાં ચિતાઓ તૈયાર કરવામાં આવી. બાલા, પ્રૌઢા અને વૃદ્ધાઓ સોહાગ પહેરી એક પછી એક અગ્નિમાં પ્રવેશ કરવા લાગી. ધન્ય છે

* પ્રિતિપાત્ર વસ્તુઓનો પોતાને હાથે નાશ કરી અંતસૂધી લડી મરવું તે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તે રજપૂત જનનીઓને!! જેમણે મૃત્યુનો જરા સરખો પણ ભય કર્યો નહિ. આ સમયે કુલ ચોવીશ હજાર સ્ત્રીઓએ ચિતારોહણ કર્યાનું ઇતિહાસોમાં લખેલું છે.

આવી રીતે પ્રીતિપાત્ર સંબંધોના નષ્ટ થવાની સાથે વીરપુરુષોની કોઇપણ જાતની સંસારમાં રહેલ મમતા નષ્ટ થઈ ગઈ. જગત હવે તેમને ભયંકર દીસવા લાગ્યો—ખાવા ધાવા લાગ્યો. જેસલમેરના દરવાજા ખોલી નાખવાનો રાવલે આદેશ કર્યો. દરવાજા ઉઘડવાની સાથેજ વીર ભટ્ટીઓ દુધારી નગ્ન અસી હસ્તે, "હર હર મહાદેવ" કરતા વ્યુઅદ્ધ થઇ, દુશ્મનોના દળમાં, બકરાંમાં સિંહ પ્રવેશ કરે તેમ ધસ્યા, અને

"जुट जुट्टिय जुद्धं जोवती वृध्धं
अरिन् अहध्धं अरि बध्धं ।
उर धरी अरिजक्कं दूरदहक्कं
मूर अतक्कं धकधक्कं ॥
दल बल पर ओटं शीश बिघोटं
रनरस बोटं परिउट्टं ।
*दंतयः उखारं कंधयमारं*
अरि उतारं धृत छट्टं" ॥

આવી રીતે, બે પ્રહર ભીષણ યુદ્ધ ચાલ્યું. ભટ્ટીઓનાં ઉગ્ર—અસહનીય વીરત્વ સામે દુશ્મનો ડામાડોળ થવા લાગ્યા. અસ્ખલિત મ્હારાથી બેબાકળા જેવા થઈ મ્લેચ્છો પલાયન કરવાની તૈયારીમાં હતા, એટલામાં મંડોરથી નવી ફોજના કુમકે આવ્યાથી મુસલમાનોમાં નવું જોર આવ્યું. રજપૂતોને કોઈ તરફથી મદદ આવવાની ન હોવાથી જેટલું જોર દુશ્મનોમાં વધ્યું તેટલું ભટ્ટીઓમાં ઓછું થયું. સમુદ્રના અગાધ સલિલમાં જેમ ઉગ્ર વેગવાળી નદી અંતે શાંત થઈ જાયછે, તેમ મુસલમોનોનાં અસંખ્ય સૈન્યમાં તેઓ એક પછી એક શાંત થઈ ગયા; સવંત ૧૩૫૧.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મુસલમાનોની ફતેહ થઈ. જેસલમેરમાં દુશ્મનોએ પ્રવેશ કર્યો. રજપૂતોએ તેને પોતાને હાથેજ ભષ્મીભૂત કરી, રહેવાને અયોગ્ય કરી દીધું હતું, એટલે દુશ્મનો નિરાશ થઈ એ વર્ષ પછી તેને એમજ ખંડેર હાલતમાં મુકી જતા રહ્યા. એમના જતા રહેવા પછી જેસલમેર ઘણો વખત સુધી ઉજડ રહ્યું; કેમકે ભટ્ટીઓ પાસે તેને ફરી વસાવવા પૈસા કે માણસો કંઈપણ નહોતું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પ્રસ્તાવ ૪

## નુખોનું બંધાવું અને તેનું બંધારણ.

પ્રિય વાંચનાર ભાઈ? આપણે કેમ અને કેવી રીતે જેસલમેર મુકવું પડયું તે તેં જોયું. એ જોવાની સાથેજ, અત્યાર સૂધી આપણી જે બે કુળકથા ગુજરાતીમાં પ્રસિદ્ધ થઈ છે, તેથી આ હેવાલ ઘણી જગાએ જુદો પડેછે એપણ તારા લક્ષમાં આવ્યું હશે. ઘણાક ઇતિહાસો જોવાથી આજ હેવાલ મને વાસ્તવિક લાગેછે. એની વાસ્તવિકતા વિશે મારે વકત્વ્ય હોય નહિં, કેમ કે મહાન કવી કાલીદાસ જેવાને પણઃ—

× × × ×

"बलवदपि, शिक्षिताना मात्मन्य प्रत्ययंचेतः ॥" *

એમ ઉચારવું પડયું છે તો હું શી ગણતીમાં? આ હેવાલ કેટલીક જગોએ જસાથી જુદો પડેછે, માટે જસાનો યત્ન નિરર્થક છે એમ ઘડીવાર પણ ધારવું નહિં. આપણે આગળ પણ કહ્યું છે ને વળી પણ કહીએ છેએ કે જસે જે સમયે ભાટિયા કુળકથા લખી તે સમય આજના સમયથી જુદોજ હતો; અને તેવા સમયમાં ગમે તેટલી ભૂલો છતાં તેણે જે લખ્યું છે તે માટે તે

---

* "સર્વ પ્રકારે શિક્ષા લીધી જેણે કરિ અતિ અભ્યાસ
તેઓના પણ મનમાં આત્મ કુશલતા વિષે ન વિશ્વાસ"

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

હજારો ધન્યવાદને પાત્ર છે. આ લેખકને, ઉત્કંઠીત કરી આ માર્ગમાં પ્રેરનાર જસાનીજ કુળકથા છે એટલામાટે આ લેખ જસાના તેમજ અન્યાન્ય બીજા એવાજ લેખોથી, ગૌણપદે ગણાવો ઉચિત છે.

સવંત ૧૩૫૧ માં જ્યાં સુધી જેસલમેર મુકયું ત્યાંસૂધીજ આપણને જેસલમેરની તવારીખ સાથે સબંધ હતો. વાંસેથી જેસલમેરનું શું થયું અને ફરી કેમ વસ્યું એ જાણવાના ઇચ્છાર્થિએ જેસલમેરની તવારીખ જોવી, મારે તો જે બે હજારને આસરે કુટુમ્બો જેસલમેર ત્યાગ કરી પૂર્વોત્તર પ્રદેશ તરફ ગયા ત્યાં જવું છે. આ પ્રસંગવિષે લખતાં જસે લખ્યું છે:-

"दो हजार के आसरे, कुटुम्ब होयसब संग।
दुश्मन लश्कर बीचसें, प्रवाह चल्यो ज्यों गंग॥
त्योंहि चले पंजाबको, देराले सब गांव।
पृथकपृथक न्यारे सबे, आन बसावे ठाव॥
छोडे शस्त्र क्षत्री रहे, लागे करन बेपार।
जाको मने जेसो भयो, वेसो कीयो बेवार॥
बडे बेपारी तां भये, वैश्य वृति अनुचार।
शोभा पाही राजमें, कोंउ भये सिलदार॥"

આસરે બે હજાર કુટુંમ્બો જેસલમેરથી નીકળીને પંજાબ તરફ ગયા. પોતપોતાને અનુકુળ પડતે સ્થળે રહિ હવે ક્ષત્રીઓએ વૈશ્ય વૃતિને અનુસરી વેપારમાં ચિત્ત લગાડ્યું; કેટલાક રાજની નોકરી સ્વીકારી સરદારી કરવા લાગ્યા.

આમ એક રીતે સ્વસ્થ થઈ રહ્યા પણ એકાદ દાયકાનાં વ્યતિત થવા સાથે, મહાન ધર્મ સંકટ ઉપસ્થિત થયું. નાના છોકરાં મોટાં થયાં, તેથી તેમને ક્યાં વરાવવાં પરણાવવાં એ ચિંતા આગળ આવી વૃદ્ધ જનોને અહર્નિશ સાલવા લાગી. છોકરાઓતો ઠીક, પણ છોકરીઓને કેમ અને ક્યાં ઠેકાણે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પાડવી એ ઘણો વિચાર કર્યા છતાં નક્કી થઈ શકયું નહિં. જેના હાથમાંથી જમીન જતી રહે—જમીન હોય નહિં, તેને ગરીબમાં ગરીબ રજપૂત પણ કન્યા આપે નહિં. જ્યાંથી કન્યા મળે નહિં ત્યાં પોતાની કન્યા આપવી એપણ ઉગ્ર યદુવંશીઓથી ન સહન થઈ શકે એવું હતું. ચિંતા કર્યાથી છોકરીઓ મોટી થતી અટકી નહિ. જેસલમેર તજતી વખતે જે પાંચ પાંચ આઠ આઠ વર્ષની કન્યાઓ હતી તે બાવિસ બાવિસ પચીશ પચીશ વર્ષની ઉમરે પહોંચી. તેમ વૈશ્ય વૃતિમાં પડયાથી એકાદ બે દાયકામાં રજપૂતોનાં આચાર વિચારમાં પણ કયાંક કયાંક વૈશ્યપણુનો નિવેશ થયો હતો.

આ સર્વ મુંજવણોનાં નિરાકરણાર્થે, ભટ્ટીઓમાં, નાહારસિંહ, નત્રલસિંહ, જેઠમલ, જોધરાજ પ્રભૂતિ મુખીએ પોતાનો સમુદાય જે પંજાબમાં જૂદી જૂદી જગોએ વસતો હતો તેને મુલતાનમાં ભેગા થવાનું આમંત્રણ કર્યું. સં૦ ૧૩૬૬ યા ૬૮ માં સર્વે મુલતાનમાં ભેળા થયા.

આ વેળા, આપણે આપણને સ્વમને ગમે તેવા સુધરેલા ગણીએ તેમાં કોઈ અવરોધ કરી શકે એમ નથી, પણ જ્યાં ચૌદમાં સૈકાની આ ઘટના સ્મર્ણ પથમાં આવે છે ત્યાં બળાત્કારે પણ સ્વીકાર કર્યા વગર રહેવાતું નથી કે તે સમયના આપણા પૂર્વજ આપણાથી ઘણે અંશે વિચારશીલ હતા એટલુંજ નહિં, પણ ધર્મ અને અધર્મનો પણ યથાર્થ ભેદ સમજતા એમાં સંશય નથી. તેમણે આ ધર્મ સંકટમાંથી મુક્ત થવા તે સમયે પણ, આર્ય માત્રને માન્ય સ્મૃતિમાત્રનોજ આશ્રય લીધોછે. આજની પડે સ્વાર્થીઓની કપોળ કલ્પિત આજ્ઞાઓ તરફ તેમણે કર્ણપાત કર્યો નથી. આ વાતનો આજે આપણે કેમ નિશ્ચય કરી શકીએ એવી શંકાનો અવકાશજ નથી. મુલતાનમાં એકઠાં થઈ શાસ્ત્રજ્ઞ પંડિતોપાસે પોતાની મુંજવણ નિવેદન કરતાં, આ પ્રમાણે બોલ્યાનું જસે લખ્યુંછે:—

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

"धर्मनिति अरु मयुखको देख मिताक्षरमांय
ऋषिके वाक्य विचारके बात कहो समजाय ॥"

કદાચને કવીએ વાંસેથી આમ કહ્યું છે એમ કોઈ ધારે તો તેથી મારા માનવાને કોઇપણ રીતે હાની પોચવાને બદલે ઓર પુષ્ટી મળેછે. જસાનો સમય જ્યારે મુસલમાનોના જુલમથી વધારે અશાંત હતો ત્યારે જો આપણા પૂર્વજ શાસ્ત્ર જ્ઞાની હતા તો, જયારે તરતનોજ મુસલમાનોનો ઉપદ્રવ શરૂ થયેલ ત્યારે વિશેષપણે શાસ્ત્રજ્ઞાની હોય એ અસ્વભાવિક નથી. શાસ્ત્રજ્ઞાનથીજ તેઓના ધ્યાનમાં આવ્યું હોવું જોઇએ, કે અમુક પેઢીઓ બાદ અરસપરસ કન્યા આપવા લેવામાં બાધ નથી. વિધિનિષેધના જ્ઞાન વગર શંકા સંભવે નહિં. અમુકરીતે થઈ શકે કે નહિં એ શંકા પછીજ પ્રશ્નનો ઉદ્દ્ભવ થાય. કોઇપણ રીતે પરસ્પર કન્યા અપાય લેવાય એવા કશાપણ જ્ઞાનવગર શાસ્ત્રીઓપાસેથી નિર્ણય કરાવવાનું કારણ શું ? એવો કંઈપણ આભાસ તેમને જો ન હોત તો ગમે તે અન્ય આશ્રય લેત. આ અને આવાં અન્ય આચરણો જોઇનેજ હું કહું છું કે ઠેઠ ચૌદમાં સૈકામાં આપણા પૂર્વજ આપણાથી ઘણે અંશે વિચારશીલ હતા એટલુંજ નહિં પણ તેમને શાસ્ત્ર સંસ્કાર પણ વિશેષ હતો. આ સર્વ અન્ય સ્થળે વિસ્તારથી ચરચવા હાલ આપણે રહેવા દઇશું.

મુલતાનમાં સર્વે ભેળા થયાને તે સમયના પંજાબમાં વસતા શાસ્ત્રજ્ઞ પંડિતોની સભા કરી તેમને પોતાની સ્થિતિ નિવેદન કરી, અને કોઈપણ રીતે અરસપરસ કન્યા અપાય લેવાય યા નહિં એનો નિર્ણય માંગ્યો. પંડિતોએ શ્રુતિ સ્મૃતિ અને ઋષિવાક્યોની એકતા કરી જણાવ્યું કે જ્યાં ઓગણપચાસ પેઢી વ્યતિત થઈ ગઈ હોય ત્યાં કન્યા વ્યવહાર કરવામાં ધર્મ શાસ્ત્રનો બાધ નથી; અતેવ તમો ઓછામાં ઓછી ઓગણપચાસ પેઢીમાં જે જે મળતા હોય તે સઘળાનો એક એક જુદો જુદો સમુદાય બાંધો, અને તેને ગોત્રગણી આમ બંધાયેલ ગોત્રથી પૃથક

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ગોત્રવાળા સાથે સુખેથી કન્યા વહેવાર કરો. આ નિર્ણયથી સઘળાની મુંજવણનો અંત આવ્યો અને મુલતાનમાંજ પેઢીઓની ગણના કરી જુદા જુદા સમુદાય બાંધ્યા, અને તેની નુખ એવી સંજ્ઞા રાખી.

નુખોનું વર્ણન ઠક્કર મથુંરાદાસ લવજીની, તેમજ ચતુરભુજ વાલજીની ભાટિયા કુળકથામાં સવિસ્તર છે તોપણ જસાએ કરેલ નુખોનું મૂળ પ્રમાણેજ અવતરણ અત્રે કરશું. મથુરાંદાસ લવજીના કરેલ ભાષાન્તરમાં કેટલેક ઠેકાણે જસાનો તરજુમો કરતાં નામ ફેર થયેલ દેખાય છે, તેપણ આ પરથી લક્ષમાં આવશે.

નુખનું નામ. ઘર સંખ્યા.

**રાય ગાજરિયા ૨૦૮**

**गाजरि गामके रायसंग, ( घर ) दोशत आठ मिलाय ।**
**बडी नुःख याकी भई, सब मिल शेठ ठराय ॥**
**गाजरियाकी नुःखमे, बडे कार्य प्रस्ताव ।**
**दान दयेमे वो कुसल, करेराजसम भाव ॥ १**

**રાય હુરિયા ૪૮**

**राय हरीसंगमे मिले. भाईजु अडतालीस ।**
**सबही उत्तम भकतहे, समरे नित जुगदीस ॥ २**

---

૧. ગાજરી ગામનાં રાય સાથે ૨૦૮ ઘર મળ્યાં. સર્વેથી મોટી નુખ એમની થઈ; અને બધાઓએ, મળીને એમને ( ન્યાતનાં ) શેઠની પદવી આપી. એમની ( ગાજરિયાની ) નુખમાં મોટાં કારજ થયાં. એઓ પ્રકૃતિથીજ બહુ ઉદાર હતા, અને રાજવાડા જેવી રીતભાંત રાખતા.

૨. હરીસંગ સાથે ભાઇઓનાં અડતાલીસ ઘર મળ્યાં. સૌ ઉત્તમ ભક્ત હતાં અને હંમેશ ઈશ્વર સ્મર્ણમાં રહેતાં.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રાય સપ્પટ ૨૫

थलीयनमे है सापटा, ताके सपट कवाय ।
खेमाजीको आदले, घर पच्चीस मिलाय ॥
देवी देवी जपत रहे, मनमे राखे गर्व ।
मिले तब आदर करे, तनमे राखे तर्व ॥ ३

રાય પંચાલોથિઆ. ૨૭

जेसाराय नवल अरु, जोधा वीरा नाम ।
पांचभाई मिल फोजमे, आयजु केसर काम ॥
नाम ईनाको राखनो, दिलसुतवादरसंग ।
तासो नुखको नाम यह, पंचलोथ प्रसंग ॥
भाई कुटुंब मिलायके, घर भये सत्तावीस ।
दुःखीयनकी खातर करे, निशदिन ले आशीष ॥ ४

રાય રામીઆ. ૧૬

रामचंद्रके भक्त है, अजेराज उरआन ।
रामीआ तासों कहे, घरसोले पहेचान ॥
धरमनीत अरु ग्यानमे, सदा रहे कुसलात ।
सत्यबचन बिन बोलवो, मुखमे नहिं सोहात ॥ ५

---

૩. થલીમાં સાપટાનામે ગામમાં રહેનારા સપ્પટ કહેવાયા. મુખી ખેમાજીઆદિ બધા પચીસ ઘર મળ્યા. દેવી દેવી જપતા અને કોઈને નમતા નહિ એવા ટેકી હતા; મન મળ્યા પછી વિવેકી હતા, પણ તે પહેલાં તનનો મરોડ તજતા નહિ.

૪. જેસારાય, નવલરાય, જોધરાજ, વીરસેન અને કેસરસિંહ, એમ પાંચેભાઈ, જેસલમેરનાં છેલ્લા સાકામાં કામ આવેલ; (મરાયેલ) બહાદૂરસિંહ નામે તેમનાં વંશજે, આ પ્રસંગની યાદગીરી રાખવા, પંચલોથિઆ, એવું નુખનું નામ રાખ્યું. ભાઈઓ અને કુટમ્બીઓનાં બધામળી સત્તાવીસ ઘર થયાં; એઓ દુઃખીઆઓને મદદ અને દિલાસો આપી તેમની આશીષ લેતાં (પંચોલિયા, પંચલોથિઆનું અપભ્રંસ છે.)

૫. અજેરાજ સાથે ભાઈઓનાં સોળ ઘર થયાં. એઓ પોતે (અજેરાજ) રામચંદ્રનાં ભક્ત હતા, જેથી એમની રામીઆ નુખ કહેવાઈ, ધર્મ નીતિ અને જ્ઞાનમાં કુશલ હતા. કદીપણ મોઢેથી અસત્ય બોલતા નહિં.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

### રાય પદમસિંહ. ૨૭

राय पद्मसिंह रण रहे, ता सुत उदेराय ।
करे फोजमें चाकरी, बडे प्रतापी काय ॥
डेरामे बासा रहे, बडेबडेसो प्रीत ।
कुलघर सत्तावीसमे, इनकी बडी प्रतीत ॥ ६

### રાય વેદ. ૩૦

मेगराजसुत मानहै, वैद्कमे कुसलात ।
बंधुघर सब तीस है, परउपकारे चात ॥
परमारथमे अतिनिपूण, मेगराज सुत मान ।
दुःखी आतुरकों देखके, घरसें खरचे दाम ॥ ७

### રાય સુરચ્યા. ૩૫

रणमे सूरसुजाण रहे, मारमिलेछे ठार ।
आपमरे धरनी गिरे, अग्नि ज्योत उजार ॥
भाइनको मन यों भयो, करो नाम विख्यात ।
तीसपांच भाईमिले, सुरच्या नाम लखात ॥ ८

---

૬. રાય પદમસિંહ લડાઈમાં કામ આવેલ ( મરાયલ ) તેમનાપુત્ર ઉદેરાય ફોજમાં ચાકરી કરતા; અને પોતે બહુ પ્રતાપી હતો. ડેરા નામે ગામમાં એ રહેતા. ઉદેરાયને મોટાં મોટાંઓથી પ્રીત હતી. ભાઈ-ઓનાં કુલ સત્તાવીસ ઘરમાં એમનું ( ઉદેરાયનું ) બહુમાન હતું. ( આથી આ નુખ પદમસિંહ નામે થઈ. )

૭. મેગરાજનો માનસિંહ નામે પુત્ર હતો, જે વૈદીક વિદ્યામાં અતિ નિપૂણ હતો. ( જેથી એની સાથે જે મળ્યાં તે "વેદ" નુખથી ઓળ-ખાયા ) ભાઈઓનાં કુલઘર ત્રીસ થયાં. સ્વભાવેજ બધા પરમાર્થિ હતાં. મેગરાજનો પુત્ર માનસિંહ પોતે ઘણો પરમાર્થિ હતો. ( એટલેસુધી કે ) દુઃખી રોગીને જોતો તો પોતાના પદરથી દામ ખરચી દવા કરતાં.

૮. સૂરસિંહ લડાઈમાં મ્લેચ્છોનો સંહાર કરી પોતે પણ પડયા. જ્યારે પોતે ધરણીપર ઢળ્યા ત્યારે, અગ્નિની દિવ્ય જ્યોત શરીરમાંથી નીકળી. ભાઈઓની મરજી એવી થઇ કે એમનું ( સૂરસિંહનું ) નામ વિખ્યાત કરવું; આથી એમની સાથે જે ત્રીસ ઘર મળ્યાં તે સૂરચ્યા નુખથી ઓળખાયા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શાચ પલીજા. ૨૫

परमाजी भाटीरहे, बसे पलीजागाम ।
थलीयनमे चोरीकरे, फेर करे संग्राम ॥
पल्लीजा पच्चीस है, करेजु रस बेपार ।
नगरजुभावलमे रहै, मनके बडे उदार ॥ ९

શાચ દુતિયા. ૨૪

भाटी दूता गामके, सोसबदुतिया काय ।
अरजणजी घर साथले, दुगुणित मेघ मिलाय ॥
देवीदेवी जपतरहे, देवीदास कवाय ।
देवीकी पूजा करे, रहेजु देवी साय ॥ १०

શાચ ગોકુળગાંધી. २०

रावतजी रणमे खपे, तासुत नवलजी नाम ।
रही उमर दस बरसकी, मुलतान बास अभीराम ॥
गोकुलनाम गांधी रह्यो, ताकी चाकरी पाये ।
काम जमायो आपको, गोकुल गांधी काय ॥
पांच टका पेदा करीं, भली आबरु पाय ॥
भये बीस घर ताईसंग, (सो) गोकुल गांधी काय ॥ ११

---

૯. પલીજા ગામમાં પરમાજી ભાટી રહેતા, થલીમાં લૂંટ ફાંટ કરતા. એમની સાથે જે પચ્ચીસ ઘર મળ્યાં તે ભાવલપૂરમાં રહેતા અને ઘીનો વેપાર કરતા; મનનાં અતી ઉદાર હતા. ( એ સઘળા પલીજા કહેવાયા.)

૧૦. દૂતા ગામમાં જે ભાટી રહેતા તેમની દુતિયા એવી નુખ કહેવાઈ અરજણજી આદે, મેઘને બેયે ગુણો એટલા ઘર થયાં. ( એટલે ૨૪ ઘર ) એઓ દેવીનાં ભક્ત હતાં. અને દેવી પ્રત્યક્ષ સહાય હતી.

૧૧. રાવતજી લડાઈમાં કામ આવેલ, તેનો નવલજી નામે દસ વર્ષની ઉમ્મરનો પુત્ર મુલતાનમાં રહેતો. ગોકુલ નામે ગાંધીની દૂકાને કામ સીખવા બેઠો. અને વાંસેથી પોતાનું કામ જમાવી, પાંચ પૈસા પેદા કરી સારી આબરૂ પામ્યો. એની સાથે જે વીસ ઘર થયાં તે ગોકુલ-ગાંધીની નુખથી ઓળખાયા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રાય જાબા  ૨૪

भीमथली भाटी रहे, जाबाजी उर आन।
हनुमानको ईष्टहै, दरसन नितप्रति भान॥
कायाकष्ट अती करे, करे जोगमे प्यार।
सिद्ध वचनसों फलतहै, मिथ्या मुख न उचार॥
दुगनित मेघ मिलायके, घर जाबाके जान।
आपसमे एका रहे, संप ईष्ट मन मान॥ १२

રાય નયેગાંધી  ૨૦

नये गांधी सब वीसहै, मुख जोधाजी जान।
नगर जु गांधी नय कहे, इष्टरामको मान॥ १३

રાય મેદીયા  ૧૯

राय कुंभा रण रहे, रहेजु मेदी गाम।
तासुत ओधा नामहै, बडे कुटंबी आम॥
मेघ समुद्र मिलायके, रायमेदीया नाम।
बादरआली नवाबके, करे बहोतसे काम॥ १४

૧૨. ભીમથલમાં ( મોટી થલીમાં ) જબાજી નામે ભાટી રહેતા. હનુમાન એને સહાય હતા. સૂર્ય ઉગતાંજ પ્રથમ હનુમાનનાં દર્શણ કરતો. યોગશાસ્ત્રપર અત્યંત પ્રીતી હતી, અને હઠયોગ સાધતો. જૂઠું કદી બોલતો નહિં અને એનું વચન સિદ્ધનાં વચન પેઠે ફળતું. મેઘને બેયે ગુણો એટલા ઘર એની સાથે મલ્યાં. એઓ સંપને ઉત્તમ જાણી આપસમાં એક રહેતાં.

૧૩. નયે ગાંધીનાં બધાં મલી વીસ ઘર થયાં તેમાં જોધાજી મુખી હતા. ગામમાં ગાંધીની નવી દુકાન કરેલ જેથી નયે ગાંધી કહેવાયા. સઘળા શ્રી રામચંદ્રને માનતા.

૧૪. રાયકુંભાજી રણમાં પડયા, તેમનો પુત્ર ઓધો મેદી ગામમાં રહેતો; તેનું કુટંબ મોટું હતું. તે બાદરઅલી નવાબપાસે નોકર હતો. ( એ નુખમાં ) મેઘને સમુદ્ર મેળવી જેટલા ઘર થાય, તેટલાં ઘર હતાં. ( એટલે ૧૯ ઘર. મથરાદાસે નુખનું નામ માદીયા લખ્યું છે. )



Ac. Gunratnasuri MS  Jin Gun Aradhak Trust

રાય છછીયા ૬

छ घर मिलेजु एकठे, रहे जगाडुमांये ।
देसाजीकों आदले, छछीया नुख कवाय ॥ १५

રાય બબલા ૩૨

थलमे नागु गाम है, ताही बबुला बास ।
( घर ) आठ चोगुना जानले, शत्रुशिर अति त्रास ॥
क्षत्रीवटमे अती निपूण, जोधाजी सुतमान ।
ताही बबुला कहन है, फोज मारीबो जान ॥ १६

રાય પંચાલ ૮

पंचालपुरामे रहतहै, दुचोके परमान ।
आये इनके संगमे, रायभीम बरवान ॥ १७

રાય ગગલા ૩૦

रावत गगला रण रहे, ता सुत जान सुजान ।
तीन आंकपर सुन घर, गगला घर पहेचान ॥ १८

રાય સુઅડા ૨૨

सुअड भाटी अडक है, घर बाईस प्रमान ।
उदाजीके पुत्रदु, मेघ, मूल बखाण ॥ १९

---

૧૫. દેસાજી આદે છ ઘર જગાડુ ગામમાં રહેતાં. તેમની છછીયા નુખ થઈ.

૧૬. થલમાં નાગુ નામે ગામમાં "બબલા" રહેતા. ચાર ગણા આઠ ઘર હતાં (એટલે ૩૨ ઘર.) શત્રુઓ એમનાથી થરથરતા. જોધાજીનો પુત્ર માન ક્ષત્રીવટમાં પૂરો હતો. ફોજમાં ભંગાણ પાડવામાં એ કુશલ હતો. એ બબલા કહેવાયા.

૧૭. પંચાલ પુરામાં રહેનાર ભાટીઓનાં આઠ ઘર પંચાલ નુખથી ઓળખાયા એમની સાથે ઉત્તમ બાણાવળી રાય ભીમ મળ્યાં.

૧૮. રાવત ગગલા લડાઈમાં કામ આવેલ, તેનાં પુત્રનું નામ સુજાણ હતું. ગગલા નુખનાં ત્રીસ ઘર થયાં.

૧૯. સૂઅડા અટકનાં ઘર ૨૨ બાવીસ, સુઅડા નુખથી ઓળખાયા- તેમની સાથે ઉદાનાં બે પુત્ર મેગરાજ અને મૂલરાજ મળ્યા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રાય નાગડા　　　૨૬

गाम नागडा थलीनमे, बसेजु जेते बास ।
भाई छवीसों रहे सबे, याही नाम प्रकास ॥ २०

રાય સરાકી　　　૧૪

रावन मुख अरु वेद मिल, नुःख सराकी काय ।
ईनको उदामल भयो, जिन जगमे जस छाय ॥ २१

રાય સોની　　　૧૨

सोन गाम जेते रहे, सो सबसोनी काय ।
पादों वेद मिलायके, दुगणित कीजे आय ।
मुखिया रतन्नरायजी, करे तेल वेपार ।
भलो भलो सबकों कहे, बोलन मिष्ट प्रचार ॥ २२

રાય સોફળા　　　૨૫

भूपत संग भाटी मिले, दुगणित रतन मिलाय ।
तामे तीनों बाद कर, नुख सोफला कवाय ॥ २३

રાય જીઆ　　　૧૭

रायजिआ जगमे रहे, करी फोजमे रार ।
बोतेर घा निज तन परे, रहे जमी रण सार ॥

---

૨૦. નાગડા ગામમાં રહેતા ભાઈઓનાં છવીસ ઘર નાગડા નુખથી ઓળખાયા.

૨૧. ભાઈઓનાં ચૌદ ઘર મલી, સરાકી નુખ થઈ. એ નુખમાં ઉધામલ બહુ યશ નામી થયો. (ચ. વ્હા. ઘર ૧૨)

૨૨. સોનગામ રહેનારા સોની કહેવાયા. બે પગ અને ચાર વેદ સાથે લઈ બમણા કરીએ એટલાં ઘર એ નુખમાં થયાં. (૧૨ ઘર) એઓમાં મુખી રતનરાય તેલનો વેપાર કરતા. કોઈને માઠું લાગે એવું બોલતા નહિ. (મથુરાદાસે નવ ઘર લખ્યા છે.)

૨૩. ભૂપતસંગ ભાટીસાથે ભાઈઓનાં ૨૫ ઘર મલ્યાં. તેઓ સોફલ કહેવાયા.

Ac. Gunratnasuri MS　　Jin Gun Aradhak Trust

अष्टसिद्ध अरु नोनिधि, एते घरजु मिळाय ।
राय जीयाके नामसें, धर्योनाम दिल चाय ॥ २४

રાય મોગીઆ ૨૮

राय मोगीया रणखपे, आठ पुत्र प्रकटाय ।
ऋषी चोगुने घर मिले, सबही मोगीया काय ॥ २५

રાય ધધા ૮

थळी देसमे गामहै, घघालु उर आन ।
घोघाराय वहां रहै, आठ कुटुंबी आम ॥ २६

રાય રીકા ૧૨

रीकाराय रण रहै, फौज करी बरबाद ।
तासुत जेसा जानीए, बाराघर ले आद ॥ २७

રાય જીધણ ૩૦

राय जिधण रासा रहै, करेजु खेती काम ।
दंतनमे दो बाद दै, बाकी रहै जु आम ॥ २८

---

૨૪. રાય જીઆએ દુશ્મનની ફોજમાં ભંગાણ પાડચું. પોતાના શરીરમાં બોતેર ઘા વાગ્યા, તોપણ રણમાં ( પર્વત પડે ) અચલ રહ્યા. એમાં ભાઈઓનાં સત્તર ઘર મળયાં તેમણે રાયજીઆનાં નામપરથી, નુખનું નામ જીઆ રાખ્યું.

૨૫. રાય મોગીયા લડાઈમાં મરાયેલ. તેનાં આઠ પુત્ર હતાં. બધા મલી અઠાવીસ ઘર મોગીયા નુખનાં કહેવાયા.

૨૬. થલીનાં ઘઘાલુ ગામમાં ઘોઘારાય ભાટી રહેતા, તેની સાથે આઠ ઘર મળયાં ( તેમની ધધા નુખ કહેવાઈ. )

૨૭. ફોજનો નાશ કરી રાય રીકા રણમાં પડચાં. તેના જેસાનામે પુત્ર સાથે બાર ઘર મળયાં. ( તેમની નુખનું નામ રીકા થયું. )

૨૮. રાસા ગામમાં રાય જીધણ રહેતા. તે ખેતીનું કામ કરતા દાંતમાંથી બેબાદ કરી ( જેટલા ) રહે તે ઘર થયાં ( એટલે ૩૦ ઘર. )

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રાય કોઠીઆ     ૪૦

गामजु कोठी आदहै, बसे जु भाटी जाय ।
नख रद बारे बाद कर, बाकी रहेसु काय । २९

રાય કોઆ     ૧૮

कोआपुरमे जे बसे, सोसब कोआ काय ।
निध सों दुगणित घरबसे, करे खेती चित्त लाय ॥ ३०

રાય ધવણ     ૧૧

राय धवण पुरखा भये, पूरे सबकी आस ।
ता सुत मेघा मानले, मस्तक केश जुरास ॥
नवपर दोयजु दीजीये, गोत्रज भये जगमांय ।
धवण धवण जु कहेत है, यही नाम प्रगटाय ॥ ३१

રાય બબલા     ૧૯

राय बबला विख्यात है, रहे जु गाथा गाम ।
पूंजाजी परधान है, मिले जु उन्निस आम ॥ ३२

રાય જયા     ૧૬

राय जया चादड बसे, कर थलीयनमे बास ।
भाटी चादड जो रहे, येही नुखकी आस ॥

---

૨૯. કોઠી ગામમાં જે ભાટી રહ્યા તેમની સાથે, નખ અને દાંત મેળવી તેમાંથી બાર બાદ કરતાં જેટલાં રહે તેટલાં ઘર મળ્યા ( એટલે ૪૦ ઘર) તેમની કોઠીઆ નુખ કહેવાઈ. (ચ. વ્હા. એ ઘર ૧૦ લખ્યાં છે.)

૩૦. કોઆપુરમાં જે રહેતા તે કોઆ નુખે ઓળખાયા. તેમનાં અઢાર ઘર હતાં ને ખેતીનું કામ કરતા.

૩૧. રાય ધવણ પુરશા થઈ ગયા. બાધા રાખનારની આસ પુરતા મેગો નામે તેનો પુત્ર માથે મોવાળા રાખતો. એમના અગીયાર ઘર થયાં. એમણે પોતાની નુખનું નામ ધવણ રાખ્યું.

૩૨. ગાથા ગામમાં, કિર્તિશાળી રાય બબલા રહેતા. તેમાં પૂંજોજી મુખ્ય હતા. તેમનાં ઓગણીસ ઘર મળ્યાં. ( ચ. વ્હા. વેવળા. )

Ac. Gunratnasuri MS     Jin Gun Aradhak Trust

**सोले घर सब संग हो, कीयो एकठो बास ।**
**खेती जीवन जानके, सबही करावे चास ॥** ३३

**રાય વનડા ૭**

**थली वास एक गामहै, वनडा नाम सुजान ।**
**वांढ राखी निर्वाह करे, गोत्रज सात समान ॥** ३४

**રાય ડુંગા ૪૯**

**डुंगा राय रण रहे, ता सुत सात सुजान ।**
**सातों सतगुन कीजीये, येही गोत्र पहेचान ॥** ३५

**રાય ખોધીઆ ૧૦**

**मस्तक धरणीतलपडयो, लडेजु सुजाराय ।**
**तासों खोंधीआ कहत है, नुख सबे ठहराय ॥**
**दधीकों शिवके नेत्रदे, घरजु भये एक सार ।**
**खेत करावे अपकी, मस्त रहे मन मार ॥** ३६

---

૩૩. થલીમાં રહેનાર રાય જયા, ચાદડ ગામમાં આવી વસ્યા. ચાદડનાં બધા મલી શોળ ઘર, રાય જયા નુખનાં કહેવાયા. સોળે ઘરો સાથે રહ્યા અને ખેતીને જીવનનું મૂળ સમજી, ખેતીનું કામ કરાવવા લાગ્યા. (જીવા. મ. લ.)

૩૪. થલીમાં વનડા ગામમાં સુજાણ ભાટી રહેતો. તે બકરાં ઘેટાં ઉંટો વિગેરે રાખી નિર્વાહ કરતો. તેની સાથે સાત ઘર મળ્યાં. (નુખનું નામ વનડા રાખ્યું.)

૩૫. ડુંગારાય રણમાં પડયાં. તેના સાત પુત્ર હતા. સાતને સાત ગણા કરો (એટલે ૪૯) એટલા ઘર એમાં થયા. (ઢગા. મ. લ.)

૩૬. માથું કપાઈ જમીનપર પડયું તોપણ સુજારાયની ખોંધ લડી. તેથી એમાં જેટલા ઘર આવ્યાં તે ખોંધીઆ નુખનાં કહેવાયા. દધીને શિવનાં નેત્ર જેટલાં ઘર થયાં. (૧૦ ઘર) એઓ ખેતી કરાવતાને મસ્ત રહેતા. (કુંધીઆ. મ. લ.)

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રાય રડીઆ ૩૬

रडिया राय रतनारमे, थली देसको बास ।
अनजल सबकों देतहै, जो आवे है पास ॥
चार गुनो नव अंक कर, एते घरको वास ।
सो सब रडीया काय है, पुरे अंनकी आस ॥ ३७

રાય કજરીઆ ૨૪

बडो गाम मुलतान है, कज्जर ताकेपास ।
घर चोवीसों बास कर, खेती धरेजु आस ॥ ३८

રાય સિજવલા ૧૬

सिजवला जगमे रहे, करे वोराही काम ।
सिद्धिसब पादों मिलि, एते घर भय आम ॥ ३९

રાય જબાલ ૧૪

वास जबाला करत है, सिंध देशमे जाय ।
सागर दुगणित घर रहै, जगा नरपतसाय ४०

રાય મલણ ૧૨

राय मलण जु एक है, सुत मोती मेराण ।
मंत्र सर्पके अतिपडे, सर्पनसें रहे प्राण ॥

---

૩૭. થલીનાં રતનાર ગામમાં રડીયા રાય રહેતા. જે કોઈ પોતાને ત્યાં આવતું તેને અન્નજલ આપતા. કુલ ૩૬ ઘર, રડીઆ નુખમાં થયા.

૩૮. મુલતાન પાસે કજ્જર ગામમાં ચોવીસ ઘર મળ્યાં. તે કજરિઆ કહેવાયા ખેતી કરાવતા.

૩૯. રાય સિજવલા વોરાવટનું નામ કરતા. સિજવલાનુખમાં બાર ઘર મળ્યાં. (૧૦ ઘર. ચ. વ્હા.)

૪૦. જગા નરપત સહિત, રાય જબાલનાં ચૌદ ઘર હતાં; તેઓ સિંધમાં જઈ રહ્યા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

कोडीपर द्वे दीजीये, भाई मिले एकसार ।
गाम गूगला बासकर, मलण रहे इक ठार ॥ ४१

રાય ધબા ૧૭

राय धवा रोडी रहे, सत्रे घरको वास ।
घेंउको व्यवसा करे, ओर नाहि कछु आस ॥ ४२

રાય ધીરણ ૧૨

रायजु धीरण रिण खये, ता सुत उदेराम ।
भाई मेघजु मिल रहे, धीरण नुख अभीराम ॥ ४३

રાય જગતા ૨૮

बहादुर जगतानंद अति, करी फोजमे रार ।
अश्वसहित फौजे पर्यो, निकर्यो आरंपार ॥
तीन घाव तनमे लगे, मारे तुरक अपार ।
रतन जु दुगणित कीजीये, जगता नुखहै सार ॥ ४४

રાય ખીયરા ૧૮

खीयरा खेतजु ना परे, बीच फोज निरधार ।
सो तुरकनकों मारके, आयो देह संभार ॥
पटा खेलमे अतीचतुर, क्षत्रीवटकी चाय ।
तुरक मार बरबादकर, जस राख्यो जग माय ॥

૪૧. રાય મલણનો પુત્ર મોતી મેરાણ હતો. સર્પનાં મંત્ર બહુ જાણતો, સર્પથી પ્રાણ મેળવી શકતો. એક કોડી બે એટલે બાવીસ ઘર ભાઈઓનાં ગામ ગૂગલામાં રહેતા. તેઓ મલણ કહેવાયા.

૪૨. રાય ધબા રોડી ગામમાં રહેતા. એમની સાથે સત્તર ઘર મળ્યાં. ઘઉંનો વ્યાપાર કરતા. પરાયામાં આશા રાખતા નહિ.

૪૩. રાય ધીરણ લડાઈમાં કામ આવ્યા. તેના પુત્ર ઉદેરામ સાથે ભાઈઓના બાર ઘર મળ્યાં; તેમની નુખ ધીરણ ( કહેવાઈ. )

૪૪. જગતાનંદ અતી બહાદૂર હતો. ફોજમાં ઘોડો નાખી, આરપાર નીકળી ગયો. ઘણા તુરકોને ઠાર કર્યા પોતાનાં શરીરમાં ત્રણ ઘા વાગ્યા. એની સાથે અઠાવીસ ઘર મળ્યાં તેની જગતા નુખ કહેવાઈ. ( ઘર. ૧૮. ચ. વ્હા. )

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

रुद्र गोत्र आकर मिले, भाईजु तीन प्रकास ।
खीयराजु बलवंत है, शत्रु भजेजिहि त्रास ॥ ૪૫

રાય થુલા ૧૭

राय थलीमे जे रहे, करके एका बास ।
भवन जु सत्रे संग मिले, थूला नाम प्रकास ॥ ૪૬

રાય સોઢીઆ ૨૪

संगमलजी सरदार घर, सोढी राणी सार ।
चार पुत्र चोवीस घर, नुख सोढीआ प्रकार ॥ ૪૭

રાય બોડા ૧૪

बोडाजी बहु जाण रहे, बरबरमें जु बास ।
वेद ओर अवतार घर, नुख करो एक रास ॥ ૪૮

રાય મોછા ૧

अरजनजी मुख राखहीं, वडी मुंछ उलजेन ।
घर एको नहिं संग मिल्यो, रहे मोछा सुख चेन ॥ ૪૯

૪૫. રાય ખીયરો ફોજમાં સો તુરકોને મારી, સહી સલામત નીકળી આવ્યો. પોતે પટામાં બહુ પ્રવીણ હતો, ક્ષત્રી ટેકનો રાખનાર હતો. તુરકોને મારી જગતમાં કિર્તિ પામ્યો. ભાઈઓનાં રૂદ્ર (અગીઆર) ઘર મળ્યાં. એઓ ત્રણ ભાઈ હતા જેમાં ખીયરો બળી હતો. એના ત્રાસથી શત્રુઓ નાશી છૂટતા.

૪૬. ભાટીઓનાં સત્તર ઘર મળ્યાં તે એકઠા થઈ થલમાં રહ્યા; તે-પરથી થુલા નુખ કહેવાઈ.

૪૭. સરદાર સંગમલજીની સોઢી (સોઢા રજપૂતની જાતછે) રાણીને પેટે ચાર પુત્રનાં ચોવીસ ઘર, સોઢીઆ નુખનાં કહેવાયા.

૪૮. રાય બોડા ઘણા ચતુર હતા. તે બરબરમાં રહેતો. વેદ અને અવતાર મલી ઘર થયાં (ચૌદ ઘર) તે બોડા નુખનાં કહેવાયા.

૪૯. અરજનજી ભાટી, પોતાની મોટી મુંછો અક્કડ રાખતા. એમની સાથે કોઇ ઘર મલ્યો નહિં, એમનું એકજ ઘર રહ્યું. એમની મુંછો પરથી એમની નુખ મોછા કહેવાઈ. (જસે ઘર સંખ્યા નથી આપી. મ. લ. ૫ લખેછે.)

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રાય તંબોલ ૨૭

नंदा अरु नगा रहे, भावलपुरके बीच ।
तंबोलीकों धीरबो, अरु व्यवसा नहि चित्त ॥
निध ज्ञु तिगनी तोलले, भवन भये भरपूर ।
शिवकी सेवा अति करे, रहे स्वभाविक सूर ॥ ૫૦

રાય લખણુવંતા ૪૯

लखणवंत बडभागहै, बारे पुत्र समान ।
बहु कुटंबी है सदा, कहां लग कहुं बखान ॥
एक सत्त अरु सात है, एकहीं घरके माय ।
संप कुटंबी लोगको, कहां लगि बरन्यो जाय ॥
उनपचास घर वासकर, एक कुटंबी काय ।
रामचंद्रके भक्तहै, करी रामने साय ॥ ૫૧

રાય ઢક્કર ૩૨

ढक्करमे सब जातहै, भवन बतीस बताय ।
सोढा चवाण चावडा, अरु परमारे आय ॥
चार जात एके भई, भाटी नुखमे आई ।
नाथाजी चहुवानकी, बेटी सात बिहाई ॥

---

૫૦. ભાવલપૂરમાં નંદા અને નગા બે ભાઈ રહેતા. તે તંબોલી-ઓને ધીરધાર કરતા. બીજો ધંધો કરતા નહિં. ત્રણ ગણી નિધિ જેટલાં પૂરાં ઘર એમની સાથે મળ્યાં. એઓ શિવભક્ત હતાં, અને સ્વભાવેજ શૂર હતા. એમની તંબોલ નુખ કહેવાઈ.

૫૧. રાય લખણુવંતા બહુ ભાગ્યશાલી હતા, તેનાં બાર પુત્ર હતા. એક કુટંબમાં ૧૦૭ માણસ હતાં તો પણ ઘણા હલી મલી રહેતા. એની સાથે ઓગણુપચાસ ઘર થયાં. (તેમની લખણુવંતા નુખ કહેવાઈ) એઓ રામચંદ્રનાં ભક્ત હતા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

**लखणवंतमे तीन है, गाजरियामे चार ।**
**सगेजान मोहबत करी, आपसमे मिलवार ॥ ५२**

**રાય ભૂદરિયા ૧૨**

**राय भूदरिआ संग मिले, भाईयांके घर बार ।**
**भूदरसंगके साथ मिल, गाम रहे अनसार । ५३**

**રાય અણુધર ૧૮**

**अणधर धरेजु जाय नहिं, अणधर नुख कवाय ।**
**निधि दुगणित भाई मिले, परे फोजमे जाय ॥ ५४**

**રાય ઢઢાલ ૩૨**

**पांच नदी पंजाबमे, तहां ढढाला बास ।**
**खेती राजाकी करे, दयदे भाग निकास ॥**
**तीन अंकपर दो धरो, घरजु बसे तां जाय ।**
**रामाजी भाटी रहे, करे सबनकी साय ॥ ५५**

---

૫૨. રાય ઠક્કરની નુખમાં ચાર જાત હતી. સોઢા, ચહુઆણ, ચાવડા અને પરમાર. તેમનાં કુલ ૩૨ ઘર હતાં. તેઓ ચારે જાત એક થઈ ભાટીઆ સાથે મળી કેમકે એ ચાર જાત સાથે સગાઈ સંબંધ હતો જેથી તેમને સાથે લીધા, તે આપ્રમાણે; નાથાજી ચહુવાણની સાત છોકરીઓ હતી, તેમાંથી ૩ લખણવંતાની નુખમાં આપેલ અને ૪ રાય ગાજરિયાની નુખમાં આપેલ.

૫૩. રાય ભૂદરિઆ સાથે બાર ઘર મળ્યાં. તેઓ સાથે મળીને અણુસર ગામમાં રહ્યાં.

૫૪. પકડી શકાય નહિં (એવી ચંચલતાને લીધે) તેમની નુખ અણધર કહેવાઇ. બમણી નિધિ જેટલાં ઘર મળ્યાં. (૧૮ ઘર) તેઓ ફોજમાં નોકરી કરતા.

૫૫. પંચનદ (પંજાબમાં) પાસે ઢઢાલા રહેતા. અને રાજાની જમીનપર ભાગે ખેતી કરતા. એમનાં બત્રીસ ઘર થયાં. રામાજી ભાટી મુખ્ય હતા. બધાને તેમની ઓથ હતી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રાય દેગચંદા ૨૧

देगा चंदा भाई मिल, करे चुंगीको काम ।
घर ईकीसही संग रहे, देगा चंदा नाम ॥ ૫૬

રાય બાબલ ૩૨

बाबल बासमे रहेत है, कूंभा काना नाम ।
शिवनेत्रपर दोयघर, गोत्र मिलेजु आम ॥ ૫૭

રાય પ્રમલા ૧૫

प्रमला पदमा भाई मिल, रहेजु रासा गाम ।
एक अंकपर पांचघर, सब घर एकहीं ठाम ॥ ૫૮

રાય પોથા ૨૩

पोथा परमा नागजी, तीनो बंधु सार ।
दोपर तीनो दीजीये, पोथा नुख विस्तार ॥ ૫૯

રાય પોઢધગા ૯

पोढधगाकी नुखमे, बेटीको विस्तार ।
दक्षराजकी न्यांई ईन, करी रीत प्रचार ॥
काना कूंभा भाईमे, नौ घर मिले जु और ।
गुरु नानक सेवा करे, भक्ति करे चित जोर ॥

૫૬. દેગા અને ચંદા બે ભાઈ જગાતનો ઈજારો લેતા. તેમની સાથે એકવીસ ઘર મળ્યાં અને બે મુખી ભાઈઓનાં નામપર નુખનું નામ દેગચંદા રાખ્યું.

૫૭. બાબલમાં કૂંભો કાનો (બે ભાઈ) રહેતા. એમની સાથે બત્રીસ ઘર થયાં અને નુખનું નામ બબલા (બાબલમાં રહેનાર) રાખ્યું.

૫૮. પ્રમલા અને પદમા બે ભાઈ રાસા ગામમાં રહેતા. એમની સાથે પંદર ઘર મળ્યાં તે બધા એકજ જગાએ રહ્યા.

૫૯. રાય પોથા, પરમા અને નાગજી ત્રણ ભાઈઓ સાથે ત્રેવીસ ઘર મળ્યાં; એટલો પોથા નુખનો વિસ્તારછે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

पोढ धेग सबसो बडी, बरसो बरस कराय ।
पोढ धगा सब कहेतहै, देश राजके माय ॥ ६०

રાય મથુરા ૧૧

मथुराजी मुलतानमे, रहे खानके पास ।
जाचक जनकों दे सदा, सबकी पूरे आस ॥
दधीमे वेद मिलायले, गरजु भये एकसार ।
राज काजमे चतुरहै, नुख मथुरा बिस्तार ॥ ६१

રાય ફરાશગાંધી ૨૧

अतर तेल बौ भांतके, जंत्रन काडे जाय ।
अरु तेल सब वस्तुके, नलियन काडे आय ॥
करणहार ईह कामको, सोई फरास कवाय ।
सो सब जेतामल करे, ताई फरास कवाय ॥
मेजुदखां मूलतानमे, तासों करे व्यव्हार ।
घर ईक्कीसों साथ मिल, गोत्र कह्यो ईह बार ॥ ६२

---

૬૦. રાય પોઢધગાની નુખમાં દક્ષપ્રજાપતિ પઠે, ઘણી કન્યાઓ હતી. દક્ષરાજાની પઠે ઘણો દાયજો આપી કન્યાઓ વોળાવી. એ નુખમાં નવ ઘર થયાં. એઓ નાનકનાં પંથમાં હતા. એઓ પોઢ ધેગ સૌથી મોટી કરતા માટે પોઢ ધગા કહેવાયા.

૬૧. રાય મથુરા મૂલતાનમાં ખાનની પાસે રહેતા. પોતે બહુ દાની હતા, જાચક નિર્મુખ જતો નહિં. સમુદ્ર અને વેદ મળી નુખમાં ઘર થયા (૧૧ ઘર) એઓ રાજકાજમાં ચતુર હતા. એપ્રમાણે મથુરા નુખનો વિસ્તારછે.

૬૨. યંત્રની સહાયતાથી અત્તર અને તેલ કાડનારને ફરાશ કહેછે. જેતામલ એ બધું કરતા જેથી ફરાશ કહેવાયા. મૂલતાનનાં મેજુદખાં સાથે વ્યવહાર રાખતો. એની સાથે એકવીસ ઘર મળ્યાં તેની નુખ ફરાશ ગાંધી કહેવાઈ.

8

Ac. Gunratnasuri MS    Jin Gun Aradhak Trust

રાય પરેગાંધી ૧૭

राय-परे रणधिरहै, रायपोरमें वास ।
गांधीहाट विस्तारके, सत्रे घरजु निवास ॥ ६३

રાય જુજર ગાંધી ૧૬

जुजरगांम पंजाबमें, तां गांधीकी हाट ।
तासो जुजर कहेत है, जेही बसे ईन हाट ॥
अजिताअरु राफा बसे, दोउ भाईकी जोड ।
भवन सब भेले भये, चार चोगने तोड ॥ ६४

રાય પવાર ૪

पवारराय देसा रहे, चार ग्रस्थको वास ।
नुख पवार जु कहत है, सोई वसेहै पास ॥ ६५

રાય પ્રેમાસુજ ૨૭

प्रेमा सूजा रण रहै, गोधा गर्भ निवास ।
नुख नाम तासों कीयो, नाम करनकी आस ॥
* * * * * * * * *
* * * रहे, घरजु सताविस पास ॥ ६६

---

૬૩. રાય રણધીર રાયપૂરમાં રહેતા. તેની ગાંધીની દુકાન હતી. તેની સાથે સત્તર ઘર મળ્યાં. તેમની નુખ રાય પરેગાંધી કેહેવાઈ.

૬૪. પંજાબમાં જુજર ગામમાં, અજિતા અને રાફા નામે બે ભાઈ-ઓએ ગાંધીનું હાટ કરેલ. એમને લોકો જુજર ગાંધી કહેતા. એમની સાથે સોળ ઘર મળ્યાં તેમની નુખ જુજર ગાંધી કહેવાઈ.

૬૫. દેસા ગામમાં પવાર રાય રહેતા. તેની સાથે ચાર ઘર થયાં તે રાય પવાર કહેવાયા.

૬૬. જે વેળા પ્રેમો અને સૂજો રણમાં પડયાં ત્યારે પ્રેમાનો પૂત્ર ગોધો ઉદરમાં હતો. એ બે ભાઈનું નામ રાખવા નુખનું નામ પ્રેમાસુજ રાખ્યું. એ નુખમાં સત્તાવીસ ઘર મળ્યાં. ( પ્રેમા. મ. લ. )

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રાય રાજા ૪૭

राजनाम विख्यातहै, देस थलीके माय ।
भाटी जेते वां रहे, राजा नाम कवाय ॥
चार अंक पर सात घर, बसे जु राजागाम ।
घर घरकी खेती रहे, मूलराज मुख नाम ॥ ६७

રાય પરજિયા ૩૦

राय रासण रण चढे, पांच पुत्र खट भाय ।
बारेमे दोही बचे, भीमभाई सुत चाय ॥
दसमरे सतमारके, फोजन करी भंगाण ।
तुरक सरनमे आ पडे, भये परे अवदाण ॥
परकों जिवावे सायकर, परजिया कहेवाय ।
तीस भाई ईनमे मिले, येही नामकी चाय ॥ ६८

રાય કપૂર ૨૧

कपूराजी भाटी रहे, वृद्धनमें है वृद्ध ।
निधि अरु मेग मिलायके, ईनसो भईजु रिद्ध ॥ ६९

---

૬૭. થલીમાં રાજા ગામ પ્રસિદ્ધ છે. એ ગામમાં રહેનારા ભાટીનાં જે જે ઘર મળ્યાં તે રાજા કહેવાયા. એ નુખમાં કુલ સળતાલીસ ઘર મળ્યાં, બધાયની ઘરની ખેતી હતી. એઓમાં મૂલરાજ મુખ્ય હતા.

૬૮. રાય રાસણ પાંચ પુત્ર અને છ ભાઈઓ સહિત તુરકો સામા ચડયા. સો તુરકોને મારીને દસ જણ પડયા ફોજમાં ભંગાણ પડયું અને તુરકો ચરણમાં આવી પડયા. રાય રાસણના ભાઈ ભીમ અને પુત્ર જે બાર જણમાંથી બચ્યા હતા તેમણે શરણ આવેલાઓને માફ કર્યું, જેથી એઓ પરજિયા કહેવાયા. એમની સાથે ત્રીસ ઘર મળ્યાં.

૬૯. કપૂરાજી ભાટી અતિવૃદ્ધ હતા. એમની સાથે ભાઈઓનાં ૨૧ ઘર મળ્યાં. તેમણે નુખનું નામ કપૂરાજી રાખ્યું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રાય ઢાઢર ૧૨

ढाढर गांव पंजाबमे, तहां बसे जे जाय ।
सात पांचको मेलकर, मेराजी मन भाय ॥ ७०

રાય કરતરી ૨૦

कानाजीकी करतरी, भाई बसे हैं बीस ।
करतरिया उनकों कहे, मागन दे बकसीस ॥ ७१

રાય ગુરૂગુલાબ ૧૭

गुरु गुलाब नानक रहे, ताकों शिष्य सुजान ।
तासंग सत्रे भाई मिल, गुरुको नाम बखान ॥ ७२

રાય કુકડ ૩૩

कुकड करके गाम है, पांच नदीके बीच ।
तीन अंकपर तीन दे, सेजाजी तां वीच ॥ ७३

રાય મુલતાની ૮૪

मुलतानी जदुरायहै, बडो कुटंबी जान ।
कापडको धंधो करे, बोले बचन प्रमान ॥
चारबीस अरु चार मिल, गोत्री भये ईक साय ।
मुलतानके मध रहे, कान धरे सब भाय ॥ ७४

૭૦. પંજાબમાં ઢાઢર ગામમાં જેઓ રહેતા તે ઢાઢર કહેવાયા. એઓનાં બાર ઘર થયાં. તેમાં મેરાજી ભાટી મુખ્ય હતા.

૭૧. રાય કાનાજીનાં કરતરી ગામમાં ભાઈઓનાં વીસ ઘર થયાં. તેઓ કરતરિયા કહેવાયા. તેઓ બહુ દાની હતા.

૭૨. સુજાણ, નાનકપંથી ગુરૂગુલાબનો શિષ્ય હતો. તેની સાથે ભાઈઓના ત્રીસ ઘર મળ્યાં; એમણે ગુરૂગુલાબ એવું નુખનું નામ રાખ્યું.

૭૩. પંચનદ પાસે કુકડ ગામમાં ત્રીસ ઘર થયાં, તેમાં સેજાજી મુખ્ય હતા.

૭૪. જદુરાય મુલતાની મોટો કુટંબી હતો. તે કાપડનો રોજગાર કરતો, સત્ય બોલતો, એ નુખમાં ૮૪ ઘર મળ્યાં. તેઓ મુલતાનમાં રહેતા. ભાઈઓમાં જદુરાય મુલતાનીનો કરબ બહુ હતો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રાય ચમુજા ૨૪

चमूजा चोवीसहै, दोसाजीकी साय ।
चमुजा गाममे रहतहै, नुख चमूजा काय ॥ ૭૫

રાય દેયા ૧૦

देईयामे दस बसे, कोकाजीकी कान ।
वृत्ति कणधरकी करे, देया नुख पेचान ॥ ૭૬

રાય કરણગોતા ૩૭

कारणगोत भाटी कहे, तीससात सबआन ।
खान मान अति देत है, बस भावलपुर जान ॥ ૭૭

રાય આસર ૬૪

राय हरीआकी नुखमे, आसर उपज्यो आय ।
अपना नाम बसावहिं, बोत कुटंबी काय ॥
ऋुत कापडकी करत है, सतबोली सत चाल ।
बडी आबरु जगतमे, पांचो पुत्र दयाल ॥
सिद्धिकों अठगुनकरो, भये गोत्र गनाय ।
सदाहरीकी भक्तिमे, दान देतबहु चाय ॥
भोरे भारे भावसों, दयाळु दिलमे बोत ।
परके काज प्रवीन है, आप काज नहिं सोत ॥ ૭૮

૭૫. ચમુજા ગામમાં રહેતા માટે ચમુજા નુખ કહેવાઈ તેમનાં ચોવીસ ઘર થયાં તેમાં દોસાજી મુખી હતાં.

૭૬. દેયામાં દસ ઘર થયાં તેમાં કોકાજી કરતા હરતા હતા. તેઓ દાણનું કામ કરતા. તેમની નુખ દેયા કહેવાઈ.

૭૭. કરણ અવટંકના ભાટીનાં, સાડત્રીસ ઘર થયાં. તેઓ ભાવલપુરમાં રહેતા. ભાવલપૂરનો ખાન તેમને બહુ માનતો. એમની નુખનું નામ કરણગોતા થયું. (૪૭ ઘર. ચ. વ્હા.)

૭૮. રાયહરિઆની નુખમાં આસર થયો. તેણે નુખનું નામ પોતાપરથી રાખ્યું. આસરનું કુટંબ બહોળુ હતું. તે કાપડનો વેપાર કરતો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

.રાય નિસાત ૧૧

कणक निसाता काडके, उत्तम हलुवा जोड ।
सामु रामु दोउ मिल, बसे काजिकी थोड ।
मिले रुद्र गोत्रजकियो, नुख निसाते कान ।
सामरामकी भक्तिमे, भली करी पहेचान ॥ ७९

રાય ઉદેસિંહ ૧૬

पदमाजीको पुत्रहै, उदेराय ता नाम ।
लघुभाईके बेरसों, नुख उदेसिं आम ॥
बडे बासजु यह बसे, रहे खानके पास ।
सोले भाइ सायमे, न करे काहुकी आस ॥ ८०

રાય વાઢુચા ૯

भीम थलीके भोजजु, करे वाढ वेपार ।
निधिको गोत्र मिलायके, भरे उंटको भार ॥ ८१

---

તેનું બોલવું ચાલવું સત્ય હતું. બહુ પ્રતિષ્ટાપન્ન હતો. તેનાં પાંચે પુત્રપણ દયાળુ હતા. તેમનાં ચોસઠ ઘર થયાં. હરીભક્તમાં પુરો હતો અને બહુ ઉદાર પણ હતો. વળી ભોળો ભદ્રિક અને દયાળુ હતો, પોતાનું કામ પડતું મુકી પારકાનું કામ કરી આપતા.

૭૯. કણકનો નિસાતાથી, સામુ ને રામુ બે ભાઈ ઉત્તમ હલવા બનાવતા. તેપરથી એમની સાથે જે મળ્યા તેમની નુખ નિસાત (હલવાઈ) કહેવાઈ એમની સાથે અગીઆર ઘર મળ્યાં. તેઓ રામનાં ભકત્ હતા.

૮૦. પદમાજીના પુત્ર ઉદેરાયની, નાનાભાઈથી ખટપટ થવાથી જુદો થયો અને પોતાની નુખનું નામ ઉદેસિંહ રાખ્યું, એઓ મોટાવાસમાં ખાનપાસે રહેતા. એમનાં સોળ ઘર થયાં. એમનામાં સંપ ઘણો હતો. બીજા કોઈની પરવા ન રાખતા.

૮૧. ભીમ થલીનો ભોજ ઢોરનો વેપાર કરતો. (વાંઢ) તેપરથી વાઢુચા નુખ કહેવાઈ. એ ઉંઠોપણ ભાડે ફેરવતો. એની સાથે નવ ઘર મળ્યા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રાય બલાયા ૮

बलया गाम पंजाबमे, तहां कियो है बास ।
भोजाजी सुत भाणहै, आठों घर है पास ॥ ૮૨

રાય પૌવર ૧૭

प्रेमा पदमा भाई है, बसे पौवरी माय ।
घर सत्रेको वासकर, खेती करेसो खाय ॥ ૮૩

રાય મોટા ૧

लोआना मुलतान रहे, नारुनाम पहेचान ।
ताकीकन्या ब्याई है, धवण मनुको जान ॥
जाती सब एका कियो, पाछे बिया कराय ।
जा घरसें मनुब्याहही, सो नाहीं न कराय ॥
कन्या नाम मोटी रहे, ताको बंस बिस्तार ।
सोसब मोटा कहावही, मोटा नुख प्रचार ॥ ૮૪

આ રીતે નુખોનો વિસ્તાર અને ઘર સંખ્યા જસાની ભાટિયા કુલકથામાંથી ઉપલબ્ધ થાય છે. છેલી જે મોટા નામે નુખ છે તે વિષે એવી વાત નોંધાયલી મળે છે કે સવંત ૧૧૩૮ માં લાહોરના નારૂમલ લોવાણાની દીકરી મોટીને જ્ઞાતીની સંમ-

૮૨. પંજાબમાં આવેલ બલાય ગામમાં, ભોજાજીનો પુત્ર ભાણ રહેતો તેની સાથે ભાઈઓનાં આઠ ઘર મળ્યાં. એમની નુખ બલાયા કહેવાઈ.

૮૩. પ્રેમા અને પદ્મા બે ભાઈ પૌવરી ગામમાં રહેતા. તેમની નુખનું નામ પૌવર રાખ્યું. એ નુખનાં સત્તર ઘર થયાં. ખેતીથી નિર્વાહ કરતા.

૮૪. નારૂ નામે લોહાણો મુલતાનમાં રહેતો, તેની કન્યા ધવણનો મનુ પરણ્યો પ્રથમ નાતનો ઠરાવ થયેલ કે મનુ પરણે તોપણ તેને ન્યાતે જરાપણ હરકત કરવી નહિં. કન્યાનું નામ મોટી હતું તે મનુ સાથે પરણીને તેનો વિસ્તાર થયો તે મોટા નુખથી ઓળખાયો એ રીતે મોટા નુખ થઈ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તિથી પરણનારનાં વંશજો **મોટાની** નુખથી ઓળખાયા. આ વાત ભાટિયા કુળકથામાં વિસ્તારથી આપેલી છે.

હિંદુસ્તાનના જે જે ભાગમાં, મધ્યપ્રદેશ, પશ્ચિમોત્તર પ્રદેશ, રજપૂતાના, પંજાબ, સિંધ, ગુજરાત, કચ્છ, કાઠીઆવાડ, પ્રભૃતિ સ્થળોએ જે ભાટિયાની વસ્તી છે, તે સઘળાનો આ ઉક્ત ચોરાશી નુખોમાં સમાવેસ થાય છે. દૂરદૂરનાં પ્રદેશોમાં વસતા સઘળા ભાટિયા આમ એકજ જાતની બનાવટને વળગી રહે, એ કોઇથી પણ કહેવાય એમ નથી કે બની શકે.

રાજ્ય સ્થાપનાર **ભાટ્ટિજીના** નામપરથી **ભટ્ટી** કહેવાયા, અને હવે આપણા સંબંધમાં ભટી શબ્દ પણ ભાટિયામાં ફેરવાઈ ગયો. ભાષાનું સ્વભાવિક વલણજ છે કે તે આસ્તે આસ્તે સરળતર થતી જાય. આનું વિસ્તારથી વિવેચન કરવું એ ભાષા શાસ્ત્રીઓનું કામછે. નુખોનાં નામ, ધંધો, સ્થળ, કૃત્ય, અને ઉપાસ્ય દેવનાં નામપરથી રાખવામાં આવ્યાં. નુખોની વ્યવસ્થા કરી સૌ સૌ, પોત પોતાને સ્થાને જતા રહ્યા. હવે મુખ્યત્વે કરી વાણીજ્યથી પોતાનું ગુજરાન ચલાવવા લાગ્યા. કોઈ દક્ષિણ તરફ ગુજરાતમાં થઈ જૂદે જૂદે સ્થળે પ્રસર્યા અને કોઈ કોઈ સિંધ તરફ ગયા. જેસલમેરનાં રાજાઓ પરાપૂર્વથીજ ગુજરાતમાં વરતા પરણતા, એટલે ત્યાંપણ તેમને આસરો હતોજ. જેઓ, સિંધ તરફ ગયા, તેઓ ત્યાં વસતા જામ્બુવતીનાં પરિવારમાં પણ મળી ગયા હોય એમ જણાયછે. અને જેઓ મળ્યા નહિ તેઓનાં પણ આચાર વિચાર, ગુજરાત તરફ ગયેલ ભાટિયાઓથી, શિથિલ થઈ ગયા. કેમકે, **ઉષ્ણિકનાં** વંશજો, **મિસર** તરફથી ઉતરી આવેલ, એટલે તેમના આચાર વિચાર, શિથિલ હતાજ. મ્હારૂ માનવું છે, કે કાઠિયાવાડ અને કચ્છનાં દક્ષિણ ભાગમાં વસતા ભાટિયાઓમાં, સિંધિ ભાટિયાઓનો ભેળ નથી. સિંધી ભાટિયા, ઘણે ભાગે, આ તરફનાં ભાટિયાઓને મળતા નથી આવતા. પહેરવેશને દેશગત માનીએ, તોપણ જેને અવલોકન કરવાની શક્તિ નહિ હોય, તેને પણ આપણા અને

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સિંધીઓનાં મોઢાંનો ફેર તરત ધ્યાનમાં આવે તેટલો મોટોછે. આ સર્વ વિષય, હાલ અન્ય સ્થળે ચર્ચવા રહેવા દઇએ.

કચ્છમાં પ્રથમ ભાટિયા કયારે આવ્યા અને કયાંથી આવ્યા, તેનું એવું અનુમાન થઈ શકેછે કે, કચ્છ**માંડવી**માં **શ્રીસુંદરવર-જીનું** દહેરૂં જે સવંત ૧૬૫૨ માં બંધાયું છે અને **શ્રીરાણેશ્વરનું** દહેરૂં જે સવંત ૧૬૬૪ માં બંધાયું છે, તેના શિલાલેખો પરથી એવો ભાસ થાય છે કે આજ સમયને લગભગ ભાટિયા પ્રથમ કચ્છમાં આવ્યા. કિંવદતિ એવી છે કે રાવ શ્રી **ભારમલજી**ના બ્હેન બાઈશ્રી કમાબાઈ યાત્રાર્થે **દ્વારિકાં** ગયેલ ત્યાં તેમની, ઓખા મંડલની તે સમયની રાજધાની ધણુગીના ભાટિયા શેઠ જોગીદાસ કાસીઆણીએ દ્રવ્યની અને હરેક તરેહની સરભરા કરેલ. આ વેળાએ કચ્છમાં એવા પૈસાદાર વ્યાપારિઓનો અભાવ હતો. રાઓશ્રી **ભારમલજી**એ ઘણી સરતે પ્રથમ એમને કચ્છ **માંડવી**માં લાવી વસાવ્યા; અને તેમણે કચ્છમાં આવી પ્રથમ આ સુંદરવરજીનું દહેરૂં બંધાવ્યું. શ્રી **રાણેશ્વરનું** દહેરૂં પણ એ વર્ષ રહીને ભાટિયા મહાજનેજ બંધાવેલું છે. તે વેળા દર-બાર તરફથી મળેલ કેટલાક હક્કો હજીપણ એમના વંશજો ભોગવેછે. ટોપરાણીવાળા પણ આજ સમય કચ્છમાં આવ્યા જણાયછે. અંજારમાં પ્રથમ આવનાર ભાટિયા, કાઠીઆવાડમાં જામનગરના ફટાયા, ધરોળ સ્ટેટમાંથી આવ્યા એ વાત પ્રસિદ્ધ છે. એજ રીતે કોઈ પોરબંદરથી તો કોઈ ભાવનગરથી એમ કચ્છમાં આવ્યાછે. એટલે આ સમુદાય જેસલમેરથી પરબારો ગુજરાતમાં આવેલ એમાં સંશય નથી. એ વેળાના નામો જોયાથી સ્પષ્ટ થાય છે કે સવંત ૧૬૫૦ સૂધી ભાટિયાઓએ મારવાડી રીત તજી નહોતિ. જેમ મારવાડમાં પ્રથમ બાપનું અને પછી પુત્રનું એમ નામ લખવાનો સંપ્રદાય છે તેમ નામો લખવાનો ચાલ હતો.*

* જુઓ રાણેશ્વર અને સુંદરવરજીના દહેરાના લેખો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નુખો બંધાયા પછી પણ પચીસ પચાસ વર્ષ સુધી બીજા ભાટીઓએ આવી ભાટિયાઓમાં સામેલ થવા માંગ્યું, તેમને સામેલ કરવામાં આવ્યા. તેમજ જેઓ વરણી પરણી ગમે ત્યાંથી કરતા તેમને પણ પ્રાયશ્ચિત કરાવી સામેલ કર્યા. અને આમ વાંસેથી જે સામેલ થયા તેમની, દશા, પાંચા ઈત્યાદિ ભેદોથી ગણના થઈ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પ્રસ્તાવ ૫ મો.

## ઉપસંહાર.

ભાટિયાઓની–આપણી, ભૂતકાળની હકીકત જસામાંથી અને ઇતર ઇતિહાસોમાંથી, જે પ્રમાણે મળેછે તે આપણે નોંધી ચૂક્યા. આ વાંચવાથી **ભાટિયા યદુવંશી-કૃષ્ણનાં વંશજો** છે, એમ પ્રતીતિ થયા વિના રહેશે નહિ. એક અગત્યની વાત નોંધવી રહી જાયછે, તે નોંધી આપણે સમાપ્ત કરીએ. સ્વર્ગિય ઠ○ મથુરાદાસ લવજીએ જસાની લખેલ ભાટિયા કુલકથાનું ભાષાંતર સમાપ્ત કરતાં લખ્યું છે કે " ભાટિયા કુલકથા નામે પ્રાચીન પુસ્તકમાં આવેલી હકીકતમાંથી જે જાણવા જોગ હતી, તે ઉપર જણાવેલીછે. તે શિવાય જે હકીકત અમોએ મેળવીછે, તે નીચે જાહેર કરીએ છીએ." આમ લખીને એ ગ્રહસ્થે ચોરાશી નુખનાં, પારાસર, સાણુસ, ભારદ્વાજ, સુધરવંશ, મધુવાધસવાસ, દેવદાસ, અને ઋષીવંશ, એમ સાત ગોત્ર આપ્યાંછે.

ઠ○ ચતુર્ભૂજ વ્હાલજીએ ભાટિયા કુલોત્પતિમાં, આવા ગોત્ર ન હોવા જોઇએ એમ જણાવ્યું છે તે યથાર્થછે. અને વિચાર કર્યાથી પણ એ વાત તરત ધ્યાનમાં આવશે. જેમ ભાઈ મથુરાદાસે જણાવ્યુંછે તેમ જો જૂદાં ગોત્ર હોત, તો મુલતાનમાં ભેળા થઈ, પંડિતોપાસે નિર્ણય કરાવી નુખો બાંધવાની કશી પણ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આવશ્યકતા નોતી; કેમકે જૂદાજ ગોત્રમાં કન્યા આપવા લેવામાં આર્ય શાસ્ત્રોનો બાધ નથી. વળી એકજ યદુનાં વંશમાં જુદાં જુદાં ગોત્ર કેમ થાય? મથુરાદાસ જેવો વિચારવાન મનુષ્ય આવી ભૂલ કરે, એ ન મનાય એવી વાતછે. મેં એવું સાંભળ્યું છે કે એને કોઇએ ભુલાવામાં નાંખ્યોછે. ગોત્રોનાં નામ જોતાં પણ તે કપોલ કલ્પિત છે એમ જણાઈ આવેછે. આ ભૂલથી કેટલાક ભાટિયા ગ્રહસ્થોએ પોતાની વંશાવળીમાં અમુક ગોત્ર એમ લખેલું મારા જોવામાં આવ્યું છે. પણ એ અત્યંત ખોટું છે; એકજ કૃષ્ણવંશીઓનાં જુદાં ગોત્ર હોઈ શકે એ વાતનો ઉચ્ચારજ અજ્ઞાનતા શીવાય બીજું કંઈપણ બતાવતો નથી. જે કૃષ્ણવંશી છે તેનું ગોત્ર કૃષ્ણથી ભિન્ન ન હોઇ શકે. એટલે ભાટિયા માત્ર એકજ ગોત્રનાછે, અને તે ગોત્ર તે **શ્રી કૃષ્ણપરમાત્માનું** ગોત્ર છે. અને તે **અત્રી** ગોત્ર, **ઋગ્વેદ, આશ્વલાયન**શાખા, અને **ત્રીપ્રવર** છે.

હે પ્રિય વાંચનાર બંધુ! આમ આપણી મૂળ ઉત્તમતાની સાથે સાથેજ આજની અજ્ઞાનતા અને એ અજ્ઞાનતાથી દિન પ્રતિદિન થતી હીનાવસ્થા, દુર્ગતિ, પાયમાલી પ્રત્યે જ્યારે નજર જાય છે, ત્યારે ખેદ આ લખનારના અવયવ શિથિલ કરીદે છે—પ્રસ્વેદથી ન્હાઈ જવાયછે. જેમનાં પૂર્વજોએ કરેલ પરાક્રમનાં વર્ણનથી મોટાં મોટાં ગ્રંથો ભરાયાં છે, જેમના પૂર્વજોનાં ગુણગાન કરીને **વેદવ્યાસ** જેવા મહા સમર્થ લેખકો પોતાના જીવનનું સાફલ્ય સમજ્યાછે, જેમના પૂર્વજોના મહત્કાર્યોની નિશાની આજે પણ સ્થળે સ્થળે દૃષ્ટિએ ચઢેછે, જેમના પૂર્વજોના પરાક્રમ આજે પણ ચતુર્દિશાએ પ્રતિધ્વનિત થાયછે, જેમના પૂર્વજોના નામથીજ પાખંડ પાપાખંડે વિભિન્ન થઈ જતું જાણ્યું છે, તેમનાંજ વંશજોની આજની નિર્વીર્યતા, નિરક્ષરતા, પાખંડધર્મબદ્ધ અવસ્થા જોઈને કોને ખેદ નહિ થાય—કોણ શોકાર્ત નહિં થાય? પંચીકરણમાં આપેલું દ્રષ્ટાંત આપણી અવસ્થાને તાદૃશ્ય મળતું આવેછે, "તરતનું જન્મેલુ એક સિંહનુ બચ્ચું ભરવાડના હાથમાં

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આવ્યું. ભરવાડે તેને ઘેટાં અને બકરાંના ટોળામાં રાખ્યું. જન્મથીજ ઘેટાં અને બકરાંસાથે રહ્યાથી પોતે સિંહ છે એમ તેમા સમજવામાં આવ્યું નહિ. તેમનાં હમેશના સહવાસથી, પોતાને બકરૂંજ ગણવા લાગ્યું. બકરાઓ સાથે રોજ ચરવા જાય કુદે રમે અને ઘેર પણ બકરાઓ સાથે એકજ વાડામાં પુરાય; દૈવયોગે એક દહાડો એવું બન્યું કે, એક બીજો સિંહ આ બકરાનું ટોળુ ચરતું હતું ત્યાં આવી ચડયો. તેની ગર્જના સાંભળી બકરાં જીવ લઈ નાઠાં. જાત વિસ્મરણથી પોતાને બકરૂં સમજેલ સિંહબાળ પણ તેમની સાથે નાઠું. બકરાનાં ટોળામાં સિંહને નાસતો જોઈ પેલો વનરાજ વિસ્મય થઈ અદેશામાં પડયો. બીજે દિવસે ફરી પેલો વનરાજ આવ્યો અને આસ્તે આસ્તે લપાતો લપાતો વધારે નજીક ગયો. બકરાં તો બેં બે કરતાં નાસવાં મંડ્યાં. પેલું સિંહનું બચ્ચું પણ નાસવાનું કરતું હતું, એટલામાં વનરાજે તેને પકડી પાડી થોભાવ્યો. હીન સંગતિમાં ઉછરેલ તોપણ બચ્ચું સિંહનું એટલે ઉભું થઈ રહ્યું. વનરાજે તેને પુછયું કે તું કોણ છે. કેમ નાસતું હતું? આ કહે હું બકરો છું અને તારી બરાડ સાંભળી મારા ભાઈઓ સાથે નાસતો હતો. વનરાજે તેને પુછયું કે તારા માબાપ ક્યાં છે. આણે કહ્યું કે બકરાંના ટોળામાં છે વનરાજે તેને ઘણો ઘણો સમજાવ્યો, પણ આ પોતાને બકરૂં સમજેલ સિંહ પોતાને બક-રૂંજ કહેવા લાગ્યો. વનરાજ વિચાર કરી તેને એક તળાવને કાંઠે લઈ ગયો. કાંઠે ઉભા રહી તેણે આને કહ્યું કે જો, તારા અને મ્હારા આ પાણીમાં પડતા પ્રતિબિમ્બમાં કંઈ ફરક છે? મને પંજા છે તેમ તને પણ છે, મારી યાળ છે તેવીજ ત્હારી છે; મોઢું ફાડ અને જો, કે તારેપણ મારાં જેવાજ મ્હોટાં તીણાં દાંત છે. જો, કોઈપણ રીતે તું બકરાને મળતો નથી. મ્હારે જેમ સીંગડાં નથી તેમ ત્હારેપણ નથી. બકરાને ખરી હોય છે પંજા હોતાં નથી. બકરાંને આપણા જેવી યાળ ન હોય, બકરાંનું પુંછડું આપણા જેવું લાબુને છેડે ગુચ્છાવાળું ન



Ac. Gunratnasuri MS　　Jin Gun Aradhak Trust

હોય, ટુંકું હોય. હું સિંહ છું, અને તું સર્વાંગે મ્હારા જેવો છતાં શામાટે પોતાને બકરો ગણેછે."

આ સાંભળીને સિંહનો બચ્ચો વિચારના વમળમાં ઉંચો નિચો થવા લાગ્યો, અંતે બોલ્યો કે, "એ સઘળું ખરૂં પણ તું મ્હારાથી જુદીજ રીતે બોલેછે. વળી તારી પઠે ફાળ દઈ મ્હારાથી હીંડાતુ નથી." વનરાજે કહ્યું કે, "બાપુ! બકરાંમાંજ રહ્યાથી તું તેપ્રમાણે ચાલતાં બોલતાં શીખ્યોછે. જન્મથીજ તને સિંહનો સહવાસ થયો નથી. હવે જો હું બોલું છું તેમ બોલ, ફાળ દઇ ચાલું છું તેમ ચાલ." આમ યત્ન કર્યાથી તરતજ પેલો સિંહનો બાળક અનુકરણ કરી શકયો; અને આમ પોતાની અસલ જાતની પ્રતીતિ થવાથી ઘેટાં અને બકરાંનો સંગ તજી, ફાળભરતો ને ગર્જતો પેલા વનરાજ સાથે વનમાં જતો રહ્યો.

હે ભાઇઓ! આમજ આપણને આપણું સિંહપણું વિસ્મરણ થયું લાગેછે. નહિંતો સાંભળતાંજ રોમ રોમ ઉભાં થાય એવાં, આપણા પ્રતિ, જેને આપણે ગુરૂ માનીએ છીએ તેમનાં તરફથી થતાં નિષ્ઠુરાચાર તેમજ એમના સંગથી આપણામાં પ્રસરેલ અન્યાન્ય ખરાબીઓને જડ મૂળથી કેમ ન ઉખેડી નાખી હોત? જ્યારે અનેક વીર પુરૂષો પોતાનું સર્વસ્વ—તન મન ધન અર્પણ કરીને દેશ સુધાર્ણાર્થે–લોકઃસ્થિતિ સુધાર્ણાર્થે તુમુલ કોલાહલ કરી જાગૃતી ફેલાવવા મંથન કરી ગયાછે–કરી રહ્યા છે, ત્યારે પણ જાગૃત થવાને બદલે ઓર આમ બ્હેબાકળા જેવા આંખો ચોળતા ચોળતા ફરી ઉંઘાઈ જવાનું કરો એ શું? ઉઠો! ખંખારી ઉઠો!! આળસ, વ્હેમ, અજ્ઞાન અને ભોળપણને હવે તો નમસ્કાર કરો!!! પોતાની મેળે ન ઉઠયા, પણ હવે આટલા બધા થતા ઘોર નાદથી તો ઉઠો! ઘણું ઉંઘાયા, ઘણા દિન આળસ નિમગ્ન રહ્યા, ઘણો કાળ વ્હેમ કુટાયા, અને ઘણા દિન પાખંડ પરસ્તિ કરી, હવે તો ઉઠી તપાસો કે આપણી થતી દુરાવસ્થાનું મૂળ કયાં રહ્યુછે. કાપુરૂષની પઠે વિમાસી બેસી રહી ક્ષત્રીપણાને કાં લાંછિત કરો? આપણા મહાન પ્રતાપી–આખા ભરતખંડમાં

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઇશ્વરરૂપે પૂજાતા પૂર્વજ **શ્રીકૃષ્ણ પરમાત્માનું "संभावितस्यचाकीर्तिर्मरणादतिरिच्यते"** વચન યાદ કરો.

બંધુ વર્ગ ! હું વિનવીને યાચના કરૂં છું કે, તમને જો વ્યાપાર રોજગારમાંથી અવકાશ ન મળતો હોય તો વિશેષ નહિં, માત્ર એકજવાર તમારા ભૂતકાળ પ્રત્યે દૃષ્ટિનિક્ષેપ કરો ! આપણી ત્રણ ત્રણ કુળકથા પ્રસિદ્ધિમાં છે તેને જુઓ, કોઇના અજ્ઞાનથી ઉચ્ચારેલ વચનોથી અથવા પાખંડીઓના છળ કપટના ભોગ થઈ જરાએ છોભિલા થશો નહિ. મુંબઇના માજી ગવ્હર્નર મૅાન્સટર્યુટ એલફિન્સ્ટન, જનરલ કનિંગામ, કર્નલ ટોડ, જનરલ બ્હાદૂર ગ્લેડવીન, ઇલિયટ, પ્રોફેસર કોવેલ પ્રભૃતિ પ્રમાણુ ઇતિહાસ લખનારાઓએ આપણું **ક્ષત્રી–યદુવંશી ક્ષત્રી–ચંદ્રવંશી ક્ષત્રીપણું** સ્વીકાર્યું છે. **યાદવ** વંશની શાખા જે વાંસેથી **ભટ્ટી** તરીકે અભિવ્યક્ત થઈ જેસલમેરમાં રાજ્ય કરતી હતી અને કરે છે તેમાંથી તમે છો.

ભાઇઓ ! આપણા ભૂતકાળનાં અવલોકન નિરીક્ષણ અને વિચારથી હમણા હમણા ફરી વળેલ અજ્ઞાનાન્ધકારપટ સત્વર નાશ પામી, ઘણીક નવીન બાબતો દૃષ્ટિગોચર થઈ હાલની દયામણી અને દામણી સ્થિતિનું મૂળ કારણુ હાથ લાગી, જુજ પ્રયાસે તેનો નાશ સહજ સાધ્ય થશે.

પણ અફસોસ છે, કે સમર્થ ન છતાં વરા કરવામાં, ઢીંગલા ઢીંગલી પરણાવતાં રાંડો નચાવી સાંબેલા સણુગારી પૈસાનો વ્યર્થ ધૂમાડો કરી વરઘોડા કાઢવામાં, પોતાના કુટુંબને—સમુદાયને તરેહ તરેહના દુરાચારની તરેહ તરેહની પ્રવીણુતાર્થે, ઉગતી નવીન પ્રજાના નિર્મલ અંતઃકરણને મંગલાચરણમાંજ પાખંડ ધર્મના જળહળતા વૈભવથી સંસ્કારી કરી વિમોહિત કરવા, પૈસા નીતિ અને સત્ધર્મથી વંચીત થવા, નિરક્ષર, પાખંડી, દુરાચારી, લંપટ, નખશિખ માત્ર સુશોભિત વસ્ત્રાલંકારે ભૂષિત છેલબટાઉ મિથ્યા ગુરૂઓને પધરાવવા–સેવા કરવા, આર્યશાસ્ત્રોએ કદાપિ પણ ન સુચવેલ પાખંડીઓના કપોલ કલ્પિત ધર્મને પોતે આચ-

Ac. Gunratnasuri MS　　　　Jin Gun Aradhak Trust

રવા, અને પોતામાં સમુદાયમાંથી એવા ઢોંગ ન માનનારને પરાણે આચરવાની ફરજ પાડવા અને તે ન બને તો તેની નિંદા કરવા, જેટલી ખંત, જેટલી કાળજી, જેટલી આકાંક્ષા, જેટલી લોલુપતા અને જેટલી લોકલાજ રાખવામાં આવેછે, તેની એક લક્ષાંસ પણ પોતાની અને પોતાની ભાવી પ્રજાની ઉન્નતી સાધનાર સાધનોનાં સુગમપણા પ્રસાર અને વિચાર માટે રાખવામાં આવતી નથી.

આપણાજ પૂર્વજ **શ્રીકૃષ્ણ** પ્રત્યે મારી એજ વિનંતી છે કે, **હે પ્રભો**, તમારા વંશજોમાં આત્મબળ પ્રેરી તેમને તેમની ભૂતકાળની ઉત્તમતાનું ભાન કરાવો. **પ્રભો!** અર્જુનની શંકાનું સમાધાન કરતાં તમે તો તેને કહ્યુંજ છે કે:—હે **અર્જુન!**

> "**यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।**
> **अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥**
> **परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।**
> **धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥"**

તે આજ તમને તમારાજ વંશજોની થતી અધમતા દૂર કરવા શામાટે નથી ગમતું? **પ્રભો!**

અવતંસ નિશિમણી વંશથી, આ ભાટિ કુળને જો અરે!
નૃપ **યયાતિ યદુ કૃષ્ણ** જન્મથી, વંશ વિખ્યાતજ ખરે;
અવદશા સામ્પ્રત જોઈ એની, દયા ગુણ ધારણ કરી,
અજ્ઞાન સંહારી પ્રકાશતું, જ્ઞાનનો કર શ્રીહરી. ૧
મોહવશ અજ્ઞાનથી, સ્મૃતિ પૂર્વની એને નથી,
ધન વીર્ય બુદ્ધી દિન પ્રતીદિન, ખોય વશ પાખંડથી;
બહુ થાયછે કરૂણાનિધે! કર સુદર્શન ધારણ કરી,
અજ્ઞાન સંહારી પ્રકાશતું, જ્ઞાનનો કર શ્રીહરી. ૨
સત્ શાસ્ત્ર થાતાં વેગળાં, દાંભિક પ્રતિરૂચિ જાય છે,
વળી ભ્રષ્ટતાને પામતો, ધન પુત્રિના પણ ખાય છે;
તુજ કૃપાવિણ નથી ત્રાણ, કર પરિત્રાણ અરજી ઉરધરી,
અજ્ઞાન સંહારી પ્રકાશતું જ્ઞાનનો કર શ્રીહરી. ૩

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જે વંશ રૂક્‌મણી આદી સતીઓથી વિશેષ સોહામણો,
તે આજ વિષય વિષે ગરક, દીસે અતી અળખામણો;
પ્રભુ ! ધારણા કયમ કરી રહે, આલસ્યને ઝટ કરપરી,
અજ્ઞાન સંહારી પ્રકાશતું, જ્ઞાનને કર શ્રીહરી. ૪
પ્રતાપ વધવા પૂર્વજો સમ, બળ પરાક્રમ કાંતીમાં,
નિતિજ્ઞ થઈ પાખંડને, પાખંડ કરી રહે શાંતિમાં;
એવું થવા ઝટ જાગી, **ગિરધર!** અરજી આ શ્રવણે ધરી,
અજ્ઞાન સંહારી પ્રકાશતું, જ્ઞાનને કર શ્રીહરી. ૫

**ભાટિયા** નામધારી દરેક વ્યક્તિને ઉચિત છે, કે તેણે આ આપણા ઇતિવૃતના જ્ઞાનનો વિસ્તાર કરે જવો. આ બાલ વૃદ્ધ સર્વેનાં અંતઃકરણમાં આપણી પૂર્વકાળની ઉચ્ચ સ્થિતિનું જ્યાંસુધી યથાર્થ ભાન ન થાય ત્યાંસુધી આ ચર્ચાથી વિરામવું વિચારશીલને શોભાવનારૂં નથીજ. કેમકે જ્યાંસુધી આપણામાં–ભાટિયાઓમાં આ ચર્ચા એક છેડાથી બીજા છેડા સૂધી પ્રતિધ્વનિત થઈ, સરસ્વતિનાં વિજય તાંડવ સહિત વિજયવાન થશે નહિ, ત્યાંસૂધી મારી સમજ પ્રમાણે આજનું ફરી વળેલ અજ્ઞાનાંધકારપટ ભેદાવાનું નથી. અને એ અજ્ઞાનાવરણ ભેદાયા સિવાય, પ્રતીયમાન થતી, વિશેષ વિશેષ થતી હીણતાનો નાશ તરત કેમ થાય તેનો બીજો માર્ગ મને તો સૂજતો નથી.

ૐ શાંતિ! શાંતિ!! શાંતિઃ!!!

समाप्त.

Ac. Gunratnasuri MS    Jin Gun Aradhak Trust

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust